બાળકના સર્વાંગી વિકાસને સમર્પિત પિઅર રિવ્યૂ શૈક્ષણિક સામયિક

ISSN: 2584-1777

# બાળવિશ્વ

વર્ષ-૧૪, અંક-૦૩, માર્ચ - ૨૦૨૬, કિંમત : ₹ ૫૦/-

પૃષ્ઠ ૬૪ + ૪ = ૬૮



## ઘર અને શાળા :
## પૂરકતાથી પૂર્ણતા સુધી

તંત્રીઃ ડૉ. નીલેશ પંડ્યા | સંપાદકઃ ડૉ. કૃણાલ પંચાલ

# ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી ન્યૂઝ

## 'ઓલ ઈન્ડિયા ઓપન ફીડે રેટેડ અને અંડર-૧૮' ચેસ ટુર્નામેન્ટનું આયોજન



ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી અને ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટૅક્નોલૉજીના સંયુક્ત ઉપક્રમે તા. ૨૮ માર્ચ ૨૦૨૬, શનિવારના રોજ 'ઓલ ઈન્ડિયા ઓપન ફિડે રેટેડ રેપિડ અંડર-૧૮ ચેસ ટુર્નામેન્ટ' અને તા. ૨૯ માર્ચ ૨૦૨૬, રવિવારના રોજ 'ઓલ ઈન્ડિયા ઓપન ફિડે રેટેડ રેપિડ ચેસ ટુર્નામેન્ટ' અમદાવાદના વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ ખાતે યોજાઈ હતી.

ઓલ ઈન્ડિયા ઓપન ફિડે રેટેડ રેપિડ ચેસ ટુર્નામેન્ટમાં કુલ ૧૧૫ વિજેતાઓને ૭ લાખ રૂપિયાની, જ્યારે ઓલ ઈન્ડિયા ઓપન ફિડે રેટેડ અંડર-૧૮ ચેસ સ્પર્ધામાં ૧૩૩ વિજેતાઓને ૪ લાખ રૂપિયાની ઈનામી રાશિથી સન્માનિત કરાયા હતા.

અંડર-૧૮ ચેસ ટુર્નામેન્ટમાં સમગ્ર દેશમાંથી ૧૦૦૦થી વધારે ખેલાડીઓએ ભાગ લીધો હતો. રેપિડ ચેસ ટુર્નામેન્ટમાં સમગ્ર દેશમાંથી ૯૭૦ ખેલાડીઓએ ભાગ લીધો હતો, જેમાં ઈન્ટરનેશનલ માસ્ટર, ફિડે માસ્ટર સહિતના ચેસ ખેલાડીઓએ ભાગ લીધો હતો.

ઓલ ઈન્ડિયા ફિડે રેટેડ રેપિડ ચેસ ટુર્નામેન્ટમાં AICF તેમજ GSCAના સહયોગની સાથે DST, GSC બેંક, ADC બેંક, FIDE, SAG, ક્રીડા-ભારતી ગુજરાત પ્રાંત જેવી અગ્રણી સંસ્થાઓનો પણ સહયોગ પ્રાપ્ત થયો હતો.

## પાંચ દિવસીય 'QUANTIFYING QUALITY: A FDP on Measurement in Research'



ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી, ગાંધીનગરના ટેસ્ટિંગ એન્ડ ઈવેલ્યુએશન વિભાગ દ્વારા "QUANTIFYING QUALITY: A Faculty Development Program on Measurement in Research" વિષયક પાંચ દિવસીય ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ યોજાયો હતો. આ કાર્યક્રમનું આયોજન UGC-માલવિયા મિશન ટીચર ટ્રેનિંગ સેન્ટર, ગુજરાત યુનિવર્સિટી સાથેના સહયોગથી તથા નોલેજ કન્સોર્ટિયમ ઓફ ગુજરાતના પ્રાયોજન હેઠળ કરાયું હતું, જેમાં સંશોધનમાં ઉપયોગી માપન પદ્ધતિઓ, સંશોધન સાધનોની રચના, માન્યતા અને ધોરણીકરણ જેવા વિષયો પર નિષ્ણાતોએ માર્ગદર્શન આપ્યું હતું.

## મહિલા દિનની ઉજવણી

વુમન ડેવલપમેન્ટ સેલ દ્વારા મહિલા દિવસની ઉજવણી વિશેષ કાર્યક્રમ સાથે કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં મહિલાઓના આરોગ્ય અને સશક્તિકરણને કેન્દ્રસ્થાને રાખવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે ડૉ. અમીશા ઢોળારિયા, એમ.એસ., આયુ., ઍસોસિયેટ પ્રૉફેસર, શ્રી બાલાહનુમાન આયુર્વેદ મહાવિદ્યાલય, લોદરા તથા યોશ આયુર્વેદ પંચકર્મ અને ફર્ટિલિટી ક્લિનિકના ફાઉન્ડર અને ચીફ કન્સલટન્ટ ઉપસ્થિત રહ્યા હતા.

# બાળવિશ્વ

ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી

**વર્ષ : ૧૪, અંક : ૦૩**

**માર્ચ, ૨૦૨૬**

તંત્રી

**ડૉ. નીલેશ પંડ્યા**

નિયામક, સેન્ટર ઑફ ટ્રેનિંગ
ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી

સંપાદક

**ડૉ. કૃણાલ પંચાલ**

એસ્ટાબ્લિશમેન્ટ બ્રાંચ હેડ,
ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી

સંપાદક મંડળ

**ડૉ. નીતિન પેથાણી**

**ડૉ. મહેન્દ્ર ચોટલિયા**

**ડૉ. ટી. એસ. જોશી**

**ડૉ. નીલેશ પંડ્યા**

ડિઝાઈન અને ટાઈપ સેટિંગ

**દિગ્વિજયસિંહ વાઘેલા**

**Printed & Published by :**
Dr. Nilesh Pandya on behalf of
Children's Research University,
Nr. Jalaram Temple,
Sector-29, Gandhinagar - 382 030

**પત્રવ્યવહારનું સરનામું**

**ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી**

જલારામ મંદિરની પાસે,
સેક્ટર-૨૯, ગાંધીનગર - ૩૮૨ ૦૩૦
ફોનઃ ૦૭૯ - ૨૩૨૪૪૫૭૬, ૨૩૨૪૪૫૬૯
ઈ-મેલ : balvishva@cugujarat.ac.in
વેબસાઈટ : www.cugujarat.ac.in

@crugandhinagar

## આ અંકમાં વાંચીશું...



## ઘર અને શાળા : પૂરકતાથી પૂર્ણતા સુધી


- સંપાદકીય – ડૉ. કૃણાલ પંચાલ — ૦૨
- ઘર અને શાળા : પૂરકતાથી... – ડૉ. મનહર ઠાકર — ૦૩
- ભારતીય પરિવાર : પરંપરાનાં... – ડૉ. નીલેશ પંડ્યા — ૦૬
- બાળકના સામાજિક અને ભાવનાત્મક વિકાસમાં... – ડૉ. જિજ્ઞાસા ચાવડા — ૦૯
- બાળકનું માનસિક સ્વાસ્થ્ય અને પરિવાર – ડૉ. મગનલાલ મોલિયા — ૧૧
- ભારતીય શિક્ષણ પરંપરામાં વિદ્યાલય અને ઘરનું જોડાણ – વિનોદ આર. શિયાળ — ૧૪
- કુટુંબ : બાળકની પ્રથમ પાઠશાળા – ભાવુસિંહજી કે. ચૌહાણ — ૧૬
- એક નૂતન પ્રયોગ : ફેમિલી ટોક – ડૉ. કૃણાલ પંચાલ — ૧૯
- ગૃહખંડોથી વર્ગખંડો સુધી કેન્દ્રમાં બાળક – ડૉ. ઉષા એસ. શારડા — ૨૩
- સામાજિક અને ભાવનાત્મક વિકાસમાં ઘર અને શાળાની... – હસમુખ બોરાણિયા — ૨૬
- પરિવાર : પ્રથમ પાઠશાળા – ડૉ. મીનલબા જાડેજા — ૨૮
- ઘર અને શાળા : બાળકના શિક્ષણના પૂરક – ભાવિકા વી. પટેલ — ૩૧
- શાળા અને ઘરના જોડાણ સંદર્ભે થયેલા નૂતન પ્રયોગ અને પ્રયાસો – સ્નેહલ કાછડિયા — ૩૪
- ઘર અને શાળાનું જોડાણ : શૈક્ષણિક ઉત્કૃષ્ટતાનો સેતુ – સંદીપ પટેલ — ૩૭
- શાળા અને ઘરનો સેતુ : બાળકના વિકાસ, ઉત્કર્ષનો... – ડૉ. મયૂર વી. ભમ્મર — ૪૦
- તારુણ્યના સંધિકાળે વાલી-શિક્ષક સંવાદ : પ્રવર્તમાન આવશ્યકતા – સાગર ગાંધી — ૪૩
- સામાજિક સમરસતાના કેન્દ્ર તરીકે શાળા એક... – ડૉ. ફાલ્ગુની રાઠોડ — ૪૭
- બાળકને સમજવાની બે આંખો : ઘર અને શાળા – ડૉ. અજય રાવલ — ૪૯
- ઘર અને શાળા : બાળવિકાસની ગંગોત્રી – ડૉ. દિનેશકુમાર પરમાર — ૫૨
- માર્કશીટની બહારનું બાળક : અસીમ સંભાવનાઓ – ધ્રુમિલ રાજ્યગુરુ — ૫૪
- વર્ગખંડની બહાર બાળકને સમજવા ઘર અને શાળાનો સમન્વય – અમીતકુમાર સુરતી — ૫૭
- ફાઉન્ડેશનલ સ્ટેજમાં માતાપિતાના સહયોગની... – ડૉ. હેમલતાબેન પરમાર — ૫૯
- સાંસ્કૃતિક વારસા અને સંસ્કાર સંબંધે પરિવારની... – પ્રહર્ષા મહેતા — ૬૧
- ‘બાળવિશ્વ’ વિશે — ૬૪


બાળવિશ્વનું વાર્ષિક લવાજમ રૂા. ૫૦૦/-
ઑનલાઈન ભરવા માટે QR Code સ્કેન કરો.

સંપાદકીય

# ઘર અને શાળા : પૂરકતાથી પૂર્ણતા સુધી



- ડૉ. કૃણાલ પંચાલ
ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી,
ગાંધીનગર.
મો. ૯૪૨૯૨૯૭૭૩૭

બાળકનું શિક્ષણ માત્ર પાઠ્યપુસ્તકો, પરીક્ષાઓ અને ગુણાંક સુધી સીમિત નથી. શિક્ષણ એ જીવન જીવવાની કળા છે. બાળકના જીવનમાં મૂલ્યો, વ્યવહાર, સંવેદનાઓ, જવાબદારી અને સર્જનાત્મકતાનું સંસ્કાર ઘડતર કરતી મહત્ત્વની સંસ્થા પરિવાર છે. બાળક માટે ઘર, એ પ્રથમ શાળા છે અને શાળા એ વિસ્તૃત ઘર છે. આ બંને વચ્ચેનો સંબંધ પૂરક હોવા છતાં અનેક વખત પૂર્ણતા સુધી પહોંચતો નથી.

પ્રસ્તુત અંકનો ઉદ્દેશ ઘર અને શાળા વચ્ચેનો સંબંધ પૂરકતાથી પૂર્ણતા તરફ આગળ વધારવાનો છે. ઘરમાં બાળક ભાષા શીખે છે, પ્રેમ અનુભવે છે, સુરક્ષા અનુભવે છે અને મૂળભૂત જીવનમૂલ્યો ગ્રહણ કરે છે. શાળા બાળકને વિશ્વ સાથે પરિચિત કરે છે. વિચારવાની પદ્ધતિ આપે છે. વૈજ્ઞાનિક દૃષ્ટિ વિકસાવે છે અને સામાજિક જીવન માટે તૈયાર કરે છે. ઘર સંવેદનાના પાયાનું નિર્માણ કરે છે. શાળા જ્ઞાનનું મકાન ઊભું કરે છે. પરંતુ જો આ બંને વચ્ચે સંવાદનો અભાવ હોય તો પાયા અને મકાન વચ્ચે તિરાડ રહી જાય છે.

આજે કેટલાંક માતાપિતા શિક્ષણનો અર્થ ગુણ કે પરિણામ સુધી સીમિત કરી રહ્યાં છે. શાળાઓ પણ ઘણીવાર માતા-પિતા સાથેના સંબંધોને માત્ર પૅરેન્ટ-ટીચર મિટિંગ પૂરતા કે ગ્રાહક જેવા માનતા હોય છે. પરિણામે બાળક બે ધ્રુવો વચ્ચે પિસાતું રહે છે. ઘરમાં જે મૂલ્યો શીખવાય છે તે શાળામાં મજબૂત થાય તો જ બાળકનું વ્યક્તિત્વ સંતુલિત બને. એ માટે ઘર અને શાળા વચ્ચે નિરંતર ઉષ્માભર્યો અને અર્થસભર સંવાદ આવશ્યક છે.

આજના સમયમાં ડિજિટલ એડિક્શન, સ્પર્ધાત્મક દબાણ, એકલતા, ભાવનાત્મક અસંતુલન જેવા પડકારો બાળક અનુભવે છે. આ પડકારો સામે પ્રતિકાર કરવામાં એકલું ઘર કે શાળા પૂરતાં નથી. બંને સાથે મળીને જ બાળકને યોગ્ય માર્ગદર્શન આપી શકે. માતા-પિતાએ શાળાને માત્ર સેવા-પ્રદાતા તરીકે નહીં, પણ સહયાત્રી તરીકે જોવાની જરૂર છે. તેમજ શાળાએ પણ માતા-પિતાને શિક્ષણપ્રક્રિયાના સહભાગી તરીકે સન્માન આપવું જોઈએ.

ઘર અને શાળાની પૂરકતા ત્યારે પૂર્ણતા તરફ વધે છે, જ્યારે માતા-પિતા શાળાની શૈક્ષણિક દૃષ્ટિ સમજે અને તેને ઘરમાં અનુસરે, શિક્ષકો બાળકની ઘરેલુ પરિસ્થિતિને સમજવાની સંવેદનશીલતા ધરાવે, બંને મળીને બાળક માટે એકરૂપ સંદેશા આપે અને બાળકને કેન્દ્રસ્થાને રાખીને નિર્ણયો લે.

શિક્ષણની સાચી અસર ત્યારે દેખાય છે જ્યારે બાળક શાળામાં શીખેલી બાબતો ઘરમાં જીવે છે અને ઘરમાં શીખેલાં મૂલ્યો શાળામાં વ્યક્ત કરે છે. આ પરસ્પરનો અનુબંધ જ પૂરકતાને પૂર્ણતામાં પરિવર્તિત કરશે.

ચાલો, આપણે સૌ મળીને પ્રયત્ન કરીએ કે બાળક માટે ઘર અને શાળા બે જુદાં જગત નહીં પરંતુ એક જ સંવેદનાત્મક અને શૈક્ષણિક વિશ્વ બની રહે જ્યાં પૂરકતા પૂર્ણતા સુધી પહોંચે...

**બાલદેવો ભવ**

# ઘર અને શાળા : પૂરકતાથી પૂર્ણતા - બાળકના શિક્ષણ માટે સહિયારી જવાબદારી



- ડૉ. મનહર ઠાકર
પૂર્વ પ્રિન્સિપાલ, સંઘવી શિક્ષણ
મહાવિદ્યાલય, ભાવનગર
મો. ૯૪૨૬૮૫૧૨૯૦

ઘર અને શાળાની સહિયારી ભાગીદારીથી બાળકના શિક્ષણ માટે પૂરકતાથી પૂર્ણતા તરફનો પ્રયત્ન જરૂરી છે. જેથી બાળકના સર્વાંગી વિકાસ માટે શિક્ષણ થકી વિચાર વિનિમય, લોકશાહીયુક્ત વ્યવહાર, વાલી તરીકેનું સૌમ્ય વર્તન, વિદ્યાર્થીની જરૂરિયાતોની ચર્ચા, શાળાને સમાજકેન્દ્રી બનાવવાનો અભિગમ, આચાર્ય સાથે સંગોષ્ઠિ, વાલી સમેલનનું આયોજન, વિદ્યાર્થી અને શિક્ષકની શક્તિ વિશેની ચર્ચા, બાળકના વિકાસ માટેની વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન, સામાજિક કાર્યક્રમો, માતાપિતા અને શાળાનો સતત સંપર્ક, વિદ્યાર્થીમંડળની રચના, વાલીમંડળની રચના, વિદ્યાર્થીના વાલી તરીકેના વર્તનનો અણસાર અને શિક્ષકો સાથે વાલીઓનું વર્તન જેવી બાબતો અસરકારક રીતે અમલમાં મૂકી શકાય છે. ઘર અને શાળા બાળકના શિક્ષણ માટે પૂરકતાથી પૂર્ણતા તરફનો પ્રયત્ન હાથ ધરી શકે છે. તે માટે ઘર અને શાળાની સહિયારી જવાબદારી બને છે.

**ઘર પછી શાળામાં બાળકના માનવસંબંધોના વિકાસ માટેની પ્રવૃત્તિઓ :**

ઘર અને શાળા માનવસંબંધનો ઉછેર કરે છે. શાળા એ સમાજની પ્રતિકૃતિ છે. ઘર પણ એક નાનકડો સમાજ છે. ઘર પછી બાળકને શાળામાં તત્કાલીન સ્હેજ મોટા સમાજનું દર્શન થાય. ઘરથી શરૂ થયેલી બાળકના જીવન ઘડતરની યાત્રા શાળામાં પહોંચે એટલે શાળામાંથી બાળકોના સામાજિક જીવનનું ઘડતર થાય છે, આ સામાજિકતાનું ઘડતર એ જ માનવસંબંધો એમ કહી શકાય. શાળામાં તંદુરસ્ત વાતાવરણ - ભાવાવરણથી તો બાળકો આપોઆપ એકબીજાથી નજીક આવે અને સહકારથી કાર્ય કરવાની પ્રેરણા મેળવે. જ્યારે સહકારથી કામ કરે છે, ત્યારે કોઈ પણ કામ સફળ થયા વિના રહેતું નથી. એટલે જ કહેવાય છે કે 'ઝાઝા હાથ રળિયામણા' પછી ઘર હોય કે શાળા. ઘર અને શાળામાં સંઘભાવના જાગૃત કરવા માનવસંબંધોનો વિકાસ કરવા માટે ઘર પછી શાળા  કેટલીક પ્રવૃત્તિઓ હાથ ધરે છે, જે અહીં રજૂ કરવામાં આવી છે.

**મુક્ત ભાવાવરણ અપનાવીને :**

ઘરમાં અને શાળામાં કે વર્ગમાં મુક્ત ભાવાવરણ અપનાવીને માનવ સંબંધોનો વિકાસ કરાવી શકાય. માબાપ તેમજ આચાર્ય અને શિક્ષકોએ બાળકને મુક્ત અભિપ્રાયો રજૂ કરવાની તક આપવી અને દરેક વાતનો સ્વીકાર કરવાની તેમજ મુક્ત રીતે જવાબદારીનું વહન કરવાની ટેવ પાડવી, એવું માનવસંબંધોને પોષક ભાવાવરણ રચવાનું છે. માતાપિતા, આચાર્ય અને શાળા પરિવારનાં સભ્યો વચ્ચે મુક્ત ભાવાવરણ અપનાવી માનવસંબંધોનો વિકાસ સાધી શકાય.

માતાપિતાને શાળાના કાર્યકમોથી વાકેફ કરવા. શાળામાં થતી રચનાત્મક પ્રવૃત્તિઓ અને સમાજોપયોગી પ્રવૃત્તિઓથી બાળકના માતાપિતાને વાકેફ કરવા જોઈએ. જ્યારે શાળામાં કાર્યક્રમો થતા હોય ત્યારે બાળકના માતાપિતાને આમંત્રણ આપવું. સમાજને ઉપયોગી જાહેર કાર્યક્રમો રાખવા. શાળાના કાર્યક્રમથી માતાપિતા અને સમાજ વાકેફ થશે. પરિણામે બાળકોમાં માનવસંબંધોનો વિકાસ થશે.

**વાલી સંમેલન :**

વાલી સંમેલનમાં વિદ્યાર્થીઓ, વાલી, શિક્ષકો વગેરેની સભા આચાર્યની હાજરીમાં થાય, શાળામાં જે કંઈ નવું કરવાનું છે તેની માહિતી આચાર્ય આપે. આ દિવસે મનોરંજન કાર્યક્રમ વિદ્યાર્થીઓ દ્વારા જ રજૂ કરવામાં આવે, તેમજ વિદ્યાર્થીઓનાં સારાં કાર્યોનાં પ્રદર્શનો

યોજવામાં આવે. જે વાલીઓ જુએ છે. આ રીતે પણ વાલીઓ શાળા અને શિક્ષકોના નિકટના સંપર્કમાં આવે છે. વાલીઓ પોતાનાં બાળકોના અભ્યાસ અને વર્તન વિશે શિક્ષકો સાથે રૂબરૂમાં જ વાતચીત કરી શકે છે અને શિક્ષકો પણ વાલીઓને તેમનાં બાળકોના અભ્યાસ વિશે માહિતી આપે છે.

**બાળકના શિક્ષણ માટે ઘર અને શાળાની આચાર-સંહિતા :**

ખરેખર તો બાળકનું ઔપચારિક તથા અનૌપચારિક શિક્ષણ મોટાભાગે ઘર અને શાળા દ્વારા થતું હોય છે. એટલે બાળકના શિક્ષણ માટે ઘર અને શાળાની કેટલીક આચારસંહિતાના આધારે બાળક કેટલુંક તો જોઈને શીખી જતું હોય છે. તેથી ઘર અને શાળાની આચાર-સંહિતામાં સહિયારી ભાગીદારીમાં બાળક માટે જે આચાર જાળવવાની જરૂર છે, તેમાં બાળકની મહત્તા, બાળક પ્રત્યેનો આત્મભાવ, દરેકનો પરસ્પર સ્વીકાર, સામૂહિક નિર્ણય, સમાન તક, ઊંચી નીતિમત્તા, મુક્તવાણી વ્યવહાર, દરેકનો સહયોગ વગેરે બાબતોનો આચાર બાળક ઘર અને શાળામાંથી જોઈને શીખે છે.

**બાળકને ઘર અને શાળા દ્વારા માનવ સંબંધોનું શિક્ષણ:**

ઘર અને શાળામાંથી બાળક માનવસંબંધોનાં પાયાનાં મૂલ્યો અને સિદ્ધાંતો અંગે કેળવણી પ્રાપ્ત કરે તે માટે વિચારી શકાય તેવી બાબતોમાં લોકશાહી અભિગમ, વાત વાતમાં ડર લાગવાને તિલાંજલિ, પરસ્પર વિશ્વાસ અને આત્મશ્રદ્ધા, બાળકના વ્યક્તિગત તફાવતોનો ખ્યાલ, પ્રેરણા, લાગણીનો સ્વીકાર વગેરે પાયાનાં મૂલ્યોનું ઘર અને શાળા દ્વારા થતું આચરણ બાળકને માનવ સંબંધોના નિર્માણ માટે કેળવી શકે છે.

**ઘર અને શાળામાં લાગણીસભર ભાવાવરણ દ્વારા બાળકનું ઘડતર :**

ઘરમાં દરેક સભ્ય તથા શાળામાં વિવિધ વ્યક્તિઓ સાથે વ્યવહાર કરવાનો હોય છે. તેમાં ખાસ કરીને શિક્ષકો અને વિદ્યાર્થીઓ સાથે વધુ વ્યવહાર કરવાની જરૂરિયાત ઊભી થાય છે. વિદ્યાર્થીઓની અને શિક્ષકોની જે લાગણીઓ હોય તેનો મુક્ત મને સ્વીકાર કરવો જોઈએ એવું જ ઘરમાં તમામ સભ્યો વચ્ચે પણ હોવું જોઈએ. જ્યાં સુધી લાગણીનો સ્વીકાર ન થાય ત્યાં સુધી અન્યોન્ય એક બીજા વચ્ચે આંતરક્રિયા-પ્રતિક્રિયા શરૂ થતી નથી, તેથી ઘર અને શાળા પરિવારનાં સભ્યોની લાગણીનો સ્વીકાર કરતાં જોઈને બાળકના માનસ પર તેની સકારાત્મક અસર પડે છે.

**ઘર અને શાળા દ્વારા બાળકના શિક્ષણ વિશેની વ્યક્તિગત વિચારણા :**

ઘર અને શાળામાં પરિવારનાં સભ્યોમાં વ્યક્તિગત તફાવતો જોવા મળે છે. તેથી બધી જ વ્યક્તિઓને એક ધોરણે વિચારી શકાય નહીં. દરેક વ્યક્તિમાં બૌદ્ધિક, સાંવેગિક, શોખ, ટેવ, કૌશલ્યો અને શક્તિઓમાં વ્યક્તિગત તફાવત જોઈ શકાય છે, તેથી ઘર અને શાળામાં બધાં બાળકો સાથે સામૂહિક રીતે વિચાર કરવાને બદલે તેમનો વ્યક્તિગત રીતે વિચાર કરવો જોઈએ. દરેક બાળકની જરૂરિયાતો સમજવાનો પ્રયત્ન કરવો જોઈએ. દરેક બાળકની શક્તિ પ્રમાણે મહત્ત્વ આપી સન્માન કરવું જોઈએ. જેની અસર બાળકના શિક્ષણ પર પડતી હોય છે. ઘર અને શાળામાં પરસ્પર ઉષ્મા, લાગણી તેમજ આત્મીયતા સર્જાય તે માટે પ્રયત્ન કરવા જોઈએ. જેથી પરિવારનાં બાળકોમાં સહિયારી ભાવનાનું નિર્માણ થાય, પરિવારનાં બાળકોમાં કાર્ય કરવાની પ્રેરણા, ઉત્સાહ, ધગશ વધે તે માટે પ્રયત્નો કરવા જોઈએ, જેથી બાળકનું ઘડતર દીપી ઊઠે.

**બાળકના ઊંચા શિક્ષણ દાયિત્વ માટે ઘર અને શાળાનો સહિયારો પ્રયત્ન :**

ઘર અને શાળામાં કરવામાં આવતાં કાર્યો અંગે પરસ્પર વિશ્વાસ અને આત્મશ્રદ્ધા હોવી જોઈએ. બાળક માટે સૌ જે કંઈ કાર્ય કરે તે કાર્ય આત્મશ્રદ્ધાપૂર્વક કરે તેમજ તે અંગે દરેકના કાર્યમાં શ્રદ્ધા અને વિશ્વાસ હોવાં જોઈએ. પરસ્પરનો વિશ્વાસ અને શ્રદ્ધા જેટલા પ્રમાણમાં વધુ હશે તેટલા પ્રમાણમાં માનવસંબંધોનો વિકાસ અને ભાવાવરણ યોગ્ય બનશે. માનવસંબંધ સર્જિત ભાવાવરણ જ બાળકમાં ઊંચા જીવનનાં ધારાધોરણ, વ્યવહાર, રીતરસમો અને

મૂલ્યો સર્જે છે. ઘર અને શાળામાં અનુકૂળ તેમજ ઉત્સાહ-પ્રેરક ભાવાવરણમાં દરેક વ્યક્તિઓનું વર્તન ઊંચા પ્રકારનું સહકારભર્યું, સંપીલું, પ્રેરણાદાયક હોય તો બાળકનું શિક્ષણ દાયિત્વ ઊંચું બને છે.

**બાળકના શિક્ષણ માટે ઘર અને શાળા દ્વારા લોકશાહી અભિગમની પ્રેરણા :**

ઘર અને શાળામાં માનવસંબંધના પાયાના મૂલ્યમાં લોકશાહી અભિગમને સ્થાન આપવામાં આવ્યું છે. ઘર અને શાળામાં લોકશાહી અભિગમ અપનાવવા માટે દરેક બાળકનું માન સાચવવું, દરેક બાળકને નિર્ણયમાં ભાગીદાર બનાવવું. દરેકના હિતમાં નિર્ણય લેવો વગેરે દ્વારા ઘર અને શાળાએ માનવસંબંધોની હૂંફાળી જગ્યા બનાવવી જોઈએ.

**બાળકના શિક્ષણ માટે ઘર અને શાળા દ્વારા કેવું ભાવાવરણ અને અભિગમ જરૂરી ?**

ઘર અને શાળાના વ્યવહાર વગેરેમાંથી બાળકના શિક્ષણ સંદર્ભે માનવસંબંધોને પોષણ મળતું રહેવું જોઈએ. શિક્ષણકાર્યના નિયમ જેટલી જ મહત્ત્વની માનવસંબંધોની શરતો હોવી જોઈએ.

ઘર અને શાળા વ્યક્તિગત તફાવતને ધ્યાનમાં રાખી કાર્ય અને જવાબદારીની સોંપણી કરે તે જરૂરી છે. સોંપેલ જવાબદારી અને કાર્યથી બાળક મૂંઝાતો નથી, પણ તેના દ્વારા કરવામાં આવતા કાર્યની ઉપેક્ષા થાય તો મૂંઝવણ અનુભવે છે. બાળકની શક્તિ વિશે શંકા ઉઠાવવામાં આવે, તેને કાર્ય કરવા અંગેની સંપૂર્ણ સગવડતાઓ આપવામાં ન આવે, તેમની સાથે ભેદભાવભર્યુ વર્તન વગેરે થાય તો બાળકમાં શિક્ષણ અંગેનો ઉત્સાહ, ધગશ વગેરે મંદ પડી જાય છે. બાળકને પોતાના શિક્ષણમાંથી સંતોષ પ્રાપ્ત થાય, શિક્ષણ લેવામાં ઉત્સાહ આવે, ગમે તેવું મુશ્કેલરૂપ શિક્ષણ આવે તોપણ સરળ બની જાય અને તે પ્રાપ્ત કરવામાં ઉત્સાહ પ્રાપ્ત થાય તે પ્રકારનું ભાવાવરણ અને અભિગમ ઘર અને શાળામાં બાળકને પૂરાં પાડવાં જોઈએ.

---

**મૂલ્ય શિક્ષણ :**

વાત સાવ નજીવી લાગે પરંતુ એનાં પરિણામો દૂરગામી હોય છે. ઘરમાં દાદાજી-દાદીમા હોય, કોઈ મોટા ભાઈ કે બહેનને રોજ રાતે દાદા-દાદીના પગ દબાવતાં બાળક જુએ તો થોડા દિવસોમાં એ પણ કહેશે કે હું પગ દાબું. ‘સેવા’ના સંસ્કારો આ રીતે જ પડતા હોય છે.

બહારથી આવનારા સામે પાણીનો પ્યાલો ધરવો, આગંતુકને બેસવા માટે જગ્યા ખાલી કરી દેવી, ‘નમસ્તે’ કરવા, જાય ત્યારે ‘આવજો’ કહેવું — આ બધો શિષ્ટાચાર ઘરમાં જ શીખવા મળે.

ભાણા પર બેસવા જતાં પહેલાં ગાય-કૂતરાં માટેના ગોગ્રાસ કાઢવાના સંસ્કારમાંથી જ વિશ્વ પ્રત્યેની જવાબદારી નિર્માણ થાય છે. તુલસીને પાણી, ગાય-કૂતરાંને રોટલો બાળકને સમસ્ત વનસ્પતિજગત અને પ્રાણીસૃષ્ટિ સાથે જોડી આપે છે. ગાંધી – વિનોબાના ચિત્ત પર માના, ચાંદ્રાયણી વ્રતના કેવા ઊંડા સંસ્કાર પડેલા, તે સૌ જાણે છે! પરિવારને આપણે ત્યાં ‘મૂલ્યોનું ધરુવાડિયું’ કહ્યું છે. જીવનમૂલ્યો શીખવવાની નાનકડી પ્રયોગશાળા. ઘરમાં મૂલ્યના બીનું વાવેતર ફળ્યું તો તે સમાજમાં પણ ફળી શકે, ઘર એટલે તે માટેનો પૂર્વપ્રયોગ કરવાનું સ્થાન.

**- મીરાંબેન ભટ્ટ**

# ભારતીય પરિવાર : પરંપરાનાં મૂળ અને આધુનિકતાના આકાશ વચ્ચેનું દ્વંદ્વ



- ડૉ. નીલેશ પંડ્યા
નિયામક, પ્રશિક્ષણ કેંદ્ર
ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી
ગાંધીનગર. મો. ૯૪૨૬૩ ૩૭૪૩૨

માનવસભ્યતાના ઇતિહાસમાં 'પરિવાર' એ સૌથી પ્રાચીન, પવિત્ર અને પાયાની સંસ્થા છે. વિશ્વના અન્ય દેશોમાં પરિવાર એ કદાચ કાયદાકીય કે સામાજિક કરાર હોઈ શકે, પરંતુ ભારતમાં 'પરિવાર' એ એક આધ્યાત્મિક અને ભાવનાત્મક એકમ છે. જોકે, છેલ્લા કેટલાક દાયકાઓમાં 'ગ્લોબલાઈઝેશન' અને પાશ્ચાત્ય વિચારધારાના પ્રભાવ હેઠળ ભારતીય પરિવારની વ્યાખ્યામાં આમૂલ પરિવર્તન આવ્યું છે.

પશ્ચિમની સંસ્કૃતિ મુખ્યત્વે 'વ્યક્તિવાદ' (Individualism) પર આધારિત છે. ત્યાં 'હું' સર્વોપરી છે. વ્યક્તિની પોતાની સ્વતંત્રતા, તેની પ્રાઈવસી અને તેના ભૌતિક સુખ-સુવિધાઓને પ્રથમ પ્રાધાન્ય આપવામાં આવે છે. જ્યારે આ વિચારધારા ભારતીય માનસમાં પ્રવેશી, ત્યારે તેણે ભારતની વર્ષો જૂની 'સામૂહિકતા' (Collectivism)ની ભાવનાને હચમચાવી દીધી.

ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના મતે, "ભારતીય પરિવાર વ્યવસ્થા એ સંસ્કૃતિનું સંરક્ષણ કરનારું કવચ છે. તે વ્યક્તિને સ્વકેન્દ્રી બનતી અટકાવે છે અને 'સ્વ' થી 'સર્વ' તરફની ગતિ શીખવે છે" (રાધાકૃષ્ણન, ભારતીય સંસ્કૃતિના પાયા). પરંતુ આજે યુવા પેઢીમાં 'મારું જીવન, મારી મરજી' (My life, my rules)નું સૂત્ર પ્રબળ બન્યું છે. આ પશ્ચિમી અનુકરણને કારણે પરિવારના વડીલોના અનુભવ અને શિસ્તને 'બંધન' કે 'દખલગીરી' તરીકે જોવામાં આવે છે.

**ભારતીય પરિવારની બૃહદ વિભાવના : એક સામાજિક વટવૃક્ષ :** ભારતીય સંસ્કૃતિમાં પરિવારની વિભાવના માત્ર લોહીના સંબંધો સુધી સીમિત નથી. તે એક વિશાળ છત્રછાયા છે, જેમાં સમગ્ર સૃષ્ટિનો સમાવેશ થાય છે. સમાજશાસ્ત્રી ડૉ. ઈરાવતી કર્વેએ તેમના પુસ્તક 'Kinship Organization in India' માં સંયુક્ત કુટુંબની સચોટ વ્યાખ્યા આપતાં જણાવ્યું છે કે, "ભારતીય સંયુક્ત કુટુંબ એટલે એવા લોકોનો સમૂહ જેઓ સામાન્ય રીતે એક જ છત નીચે રહે છે, એક જ રસોડે રાંધેલું જમે છે, જેઓ સામાન્ય (કૉમન) મિલકત ધરાવે છે અને જેઓ સમૂહ પૂજા-અર્ચનામાં ભાગ લે છે" (કર્વે, ૧૯૫૩).

**સંયુક્તતા અને સુરક્ષા :** સંયુક્ત પરિવાર એ એક એવી નિશાળ છે જ્યાં બાળકને પુસ્તકો વગર 'સામાજિક વિજ્ઞાન'ના પાઠ શીખવા મળે છે. અહીં બાળક એકલું નથી હોતું, તેની પાસે દાદા-દાદીનો અનુભવ અને કાકા-કાકીનો પ્રેમ હોય છે.

**પશુ-પક્ષી અને પ્રાકૃતિક સંબંધો :** ભારતીય પરિવારની વિભાવના એટલી ઉદાર છે કે આંગણામાં રહેલી ગાયને 'માતા' ગણવામાં આવે છે. મહાત્મા ગાંધીએ કહ્યું હતું કે, "પરિવાર એ અહિંસા અને પ્રેમની પ્રથમ પાઠશાળા છે." પશુ-પક્ષીઓને ચણ નાખવી એ ધર્મ નહીં પણ પારિવારિક ફરજ ગણાય છે. આ અહિંસા અને કરુણાના પાઠ બાળકના માનસમાં પ્રકૃતિ પ્રત્યે પ્રેમ જગાડે છે.

**વસુધૈવ કુટુંબકમ્ :** પાડોશી સાથેનો સંબંધ એવો હોય છે કે લોહીના સંબંધ ન હોવા છતાં 'કાકા', 'માસી' કે 'દાદા' જેવા સંબોધનોથી આખું ગામ એક પરિવાર બની જાય છે.

**સાંપ્રત પડકારો : વિભક્ત કુટુંબ અને સંબંધોનું વિલોપન :** આધુનિક સમયમાં આર્થિક વિકાસ અને મહાનગરોની જીવનશૈલીએ સંયુક્ત કુટુંબ પ્રથાના પાયા હચમચાવી દીધા છે. એમ. એન. શ્રીનિવાસના મતે, "ભારતમાં કુટુંબ એ માત્ર સામાજિક માળખું નથી પણ એક આધ્યાત્મિક સંસ્થા છે" (શ્રીનિવાસ, આધુનિક ભારતમાં

સામાજિક પરિવર્તન). જોકે હવે આ આધ્યાત્મિકતા પર ભૌતિકવાદ હાવી થઈ રહ્યો છે.

**સંબંધોનું સંકોચન** : 'હમ દો, હમારા દો' થી શરૂ થયેલી મુસાફરી હવે 'હમ દો, હમારા એક' પર આવીને અટકી છે. મર્યાદિત બાળકોને કારણે આજની પેઢીમાં મામા-મામી, ફોઈ-ફુઆ, માસા-માસી જેવા મધુર સંબંધો નામશેષ થતા જાય છે. જે બાળકને આ સંબંધોનો પ્રેમ નથી મળતો, તેની ભાવનાત્મક વૃદ્ધિ અધૂરી રહે છે.

**સામાજિક મૂડીનો નાશ** : વિભક્ત કુટુંબમાં રહેતા લોકોમાં 'શેરિંગ' (વહેંચવાની) ભાવના ઓછી જોવા મળે છે. તેઓ પોતાની અંગત દુનિયામાં એટલા ખોવાઈ જાય છે કે સામાજિક પ્રસંગો તેમને 'ભાર' રૂપ લાગવા માંડે છે. સાવ અપરિચિત લોકોના સમૂહમાં અઢળક નાણાં ખર્ચીને ખોવાઈ જતી યુવાપેઢી પોતાનાં અંગત અને આત્મીય વ્યક્તિઓની દરકારને દખલ માને છે.

**સિંગલ પૅરેન્ટ અને સિંગલ ચાઈલ્ડ : મનોવૈજ્ઞાનિક પ્રશ્નો** : આજના સમયમાં વૈવાહિક વિખવાદો, વ્યક્તિલક્ષી વિચારસરણી, અતિ મહત્ત્વાકાંક્ષા અને શહેરીકરણને કારણે 'સિંગલ પૅરેન્ટિંગ' (એકાકી વાલીપણું) અને 'સિંગલ ચાઈલ્ડ'નું પ્રમાણ વધ્યું છે.

**બાળકો પર અસર** : માતા કે પિતા પૈકી કોઈ એકની ગેરહાજરીમાં ઊછરતા બાળકને સુરક્ષા અને સંપૂર્ણતાનો અહેસાસ થતો નથી. ઘણીવાર બાળક માતા-પિતા વચ્ચેના ઝઘડામાં પિસાતું હોય છે, જે તેના માનસિક સ્વાસ્થ્ય પર ગંભીર અસર કરે છે.

**એકમાત્ર સંતાનના પડકારો** : દંપતીઓ હવે એક જ સંતાન રાખવાનું પસંદ કરે છે. આ એકમાત્ર સંતાન પર માતા-પિતાની અપેક્ષાઓનું ભારે દબાણ હોય છે. વળી, ભાઈ કે બહેન ન હોવાને કારણે તે બાળક બાળપણથી જ 'એકલતા'નો શિકાર બને છે અને તેનામાં જતું કરવાની વૃત્તિ કે સમાધાન કરવાની શક્તિ ખીલતી નથી.

**કન્યા સાક્ષરતા અને બદલાતી પારિવારિક સ્થિતિ** : ભારતમાં કન્યા કેળવણીનો વ્યાપ વધ્યો છે, જે સમાજ માટે વરદાન સમાન છે. સ્વામી વિવેકાનંદે કહ્યું હતું કે, ''જે દેશ કે જે પરિવારમાં સ્ત્રીઓનું સન્માન નથી થતું, તે ક્યારેય પ્રગતિ કરી શકતો નથી'' (વિવેકાનંદ, પત્રો).

**ભૂમિકાનું દ્વંદ્વ** : સ્ત્રી શિક્ષિત થઈ, આર્થિક રીતે સક્ષમ થઈ, પણ ઘરે આવ્યા પછી તેની પાસે હજુ પણ પરંપરાગત 'ગૃહિણી'ની જ અપેક્ષા રાખવામાં આવે છે. આ તણાવ આધુનિક પરિવારોમાં વિખવાદનું મુખ્ય કારણ છે. શિક્ષિત કન્યા હવે ઘરના કામમાં પુરુષની સક્રિય ભાગીદારી ઇચ્છે છે. જો પુરુષ આધુનિક સ્ત્રીની વિચારસરણીને સ્વીકારી ન શકે, તો તે છૂટાછેડા અને વિખવાદમાં પરિણમે છે.

**વડીલોની ઉપેક્ષા અને પરંપરાની સમજની ઊણપ** : પરિવારમાં વડીલોનું સ્થાન એ મૂળ સમાન છે. જ્યારે મૂળ કપાઈ જાય છે ત્યારે વૃક્ષ સુકાવા લાગે છે.

**સંસ્કારના સ્રોતનું સુકાવું** : વડીલોની ગેરહાજરીમાં બાળકોને આપણી પરંપરા અને નૈતિક મૂલ્યો કોણ સમજાવશે? જે જ્ઞાન દાદા-દાદીની વાર્તાઓમાંથી મળતું હતું, તે સ્થાન હવે સ્માર્ટફોને લીધું છે. પરંતુ સ્માર્ટફોન પાસે દાદા-દાદી જેવો વિવેક કે ધીરજ નથી. તે તો તેની પાસે જે છે તે પીરસે છે.

**એકલતા** : વડીલો જ્યારે પોતાના જ ઘરમાં 'અતિથિ' જેવું અનુભવવા માંડે છે ત્યારે તેઓ મજબૂરીમાં વૃદ્ધાશ્રમ પસંદ કરે છે. આ ભારતીય પારિવારિક મૂલ્યોના પતનનો પુરાવો છે.

**આધુનિક સમયના અન્ય સામાજિક પડકારો** :

**ડિજિટલ દીવાલ** : આજના યુગમાં પરિવારનાં સભ્યો શારીરિક રીતે એક જ ઘરમાં હોય છે પણ માનસિક રીતે સોશિયલ મીડિયા દ્વારા હજારો કિલોમીટર દૂર હોય છે. આ ડિજિટલ અંતર આત્મીયતાને ખતમ કરી રહ્યું છે.

**તુલનાત્મક જીવનશૈલી** : બીજાના ઇન્સ્ટાગ્રામ ફોટા જોઈને પોતાના જીવન અને પરિવારની સરખામણી કરવી એ માનસિક અસંતોષ જન્માવે છે. યુવાપેઢી ક્યારેક પોતાના અભાવ માટે પોતાનાં માતાપિતાને જવાબદાર માને છે. પોતાના મિત્રોની દેખાદેખીમાં માતાપિતા પર મોંઘીદાટ વસ્તુઓ અને સગવડો પૂરી પાડવા લાગણીયુક્ત

દબાણ પણ સર્જે છે. માતાપિતા આવી અપેક્ષાઓ ન સંતોષે તો નાની ઉંમરે અને અધૂરા અભ્યાસે નાની મોટી રોજગારી મેળવીને પોતાના શોખ પૂરા કરે છે. આવી તણાવયુક્ત નોકરી અજાણતાં જ અનિયમિત જીવનશૈલી, વ્યસન અને અન્ય દૂષણો તરફ દોરી જાય છે.

**ધૈર્યનો અભાવ** : નવી પેઢીમાં 'ઇન્સ્ટન્ટ' બધું મેળવી લેવાની ઘેલછા છે. સંબંધોમાં આવતી મુશ્કેલીઓ વખતે ધીરજ ધરવાને બદલે સંબંધ તોડી નાખવાનું વલણ વધ્યું છે. આધુનિક યુવાપેઢીઓમાં સંબંધોની નવી વ્યાખ્યાઓ પ્રવર્તી રહી છે. Orbiting, Benching, Ghosting, Long-Distance Relationship (LDR), Breadcrumbing વગેરે સંબંધોનાં વિકારી અને વિકૃત સ્વરૂપો છે.

આજના સમયમાં ટેક્નોલૉજી અને વ્યક્તિવાદી વિચારધારાને કારણે સંબંધો વ્યાપાર બની રહ્યા છે. અગાઉના સમયમાં સંબંધો ટકાવી રાખવા માટે 'સમાધાન' અને 'ધીરજ' મહત્ત્વનાં હતા, જ્યારે આધુનિક સમયમાં 'વ્યક્તિગત સુખ' અને 'માનસિક શાંતિ'ને પ્રાથમિકતા આપવામાં આવે છે. આ કારણે ઝડપથી બનતા અને ઝડપથી તૂટતા તકલાદી સંબંધો વધારે જોવા મળે છે.

આ આધુનિક પરિભાષાઓ એ બદલાતા સામાજિક મૂલ્યોનું પ્રતિબિંબ છે, જે પરંપરાગત ભારતીય 'પરિવાર' અને 'લગ્ન' જેવી સંસ્થાઓ સામે એક નવો પડકાર ઊભો કરે છે.

**બાળકોના ઉછેરમાં પડતી મુશ્કેલીઓ** : આજે બાળકોનો ઉછેર એ એક મોટો પડકાર બની ગયો છે. માતા-પિતા બંને કોઈને કોઈ વ્યવસાયમાં રોકાયેલાં હોવાને કારણે બાળકોને 'ડે-કૅર' કે 'બેબીસિટર' પાસે રાખવામાં આવે છે. આનાથી બાળકને સંસ્કારી ઉછેરને બદલે ધંધાદારી દેખરેખ મળે છે. વડીલોની ગેરહાજરીને કારણે બાળકને જે નૈતિક માર્ગદર્શન મળવું જોઈએ તે મળતું નથી. આ મનોવૈજ્ઞાનિક શૂન્યાવકાશ બાળકને આગળ જતાં એકલવાયું અથવા આક્રમક બનાવે છે.

ભારતીય પરિવાર વ્યવસ્થા આજે એક મોટા સંક્રમણ કાળમાંથી પસાર થઈ રહી છે. પડકારો ચોક્કસ છે, પરંતુ તેનો ઉકેલ પરંપરા અને આધુનિકતાના સમન્વયમાં છે. આપણે આધુનિકતાને સ્વીકારીએ, સ્ત્રીઓના અધિકારોનું સન્માન કરીએ અને ટૅક્નોલૉજીનો ઉપયોગ કરીએ, પણ સાથે સાથે આપણા મૂળિયાં (Roots)ને ન ભૂલીએ.

---

**હવે**

# બાળવિશ્વ

**વાંચો અને**

# સાંભળો પણ..!



બાળવિશ્વ હવે સમાવેશી (Inclusive) બની રહ્યું છે. દિવ્યાંગજનો ઉપરાંત સૌ કોઈ આ નવા ઑડિયો માધ્યમનો મહત્તમ ઉપયોગ કરી શકે છે.

**ધ્વનિમુદ્રણ સૌજન્ય : અંધજન મંડળ, વસ્ત્રાપુર, અમદાવાદ.**

# બાળકના સામાજિક અને ભાવનાત્મક વિકાસમાં ઘર તથા શાળાની ભાગીદારી



- ડૉ. જિજ્ઞાસા ચાવડા
શ્રીમતી જે. જે. કુંડલિયા ગ્રેજ્યુએટ
ટીચર્સ કૉલેજ, સંત કબીર રોડ, રાજકોટ.
મો. ૯૪૨૬૮૫૩૧૧૧

બાળકના સામાજિક અને ભાવનાત્મક વિકાસની સાથે રચનાત્મક શક્તિનો વિકાસ થવો જરૂરી છે. ઘર અને શાળામાં માનવસંબંધોનો વિકાસ થયો હોય તો રચનાત્મક શક્તિનો વિકાસ શક્ય બને છે. સમૂહમાં વિદ્યાર્થીઓ કંઈક રચનાત્મક કાર્ય કરી પોતાની શક્તિનો વિકાસ કરી શકે છે. તેની સાથે શૈક્ષણિક સિધ્ધિનો વિકાસ  કરવાનો અભિગમ છે.  સમાજ વ્યક્તિઓનો બનેલો છે. દરેક બાળક વ્યક્તિ તરીકે સામાજિક અને ભાવનાત્મક વિકાસ સાધે તે માટે ઘર અને શાળાની સંયુક્ત ભાગીદારી છે. વિદ્યાર્થીઓમાં સામાજિક અને ભાવનાત્મક પ્રવૃત્તિના વિકાસ થકી માનવસંબંધના વિકાસ દ્વારા શૈક્ષણિક સિદ્ધિનો વિકાસ શક્ય બને છે. પછી વિદ્યાર્થી પાસે જે કંઈ શક્તિ છે તેનો પૂરતા પ્રમાણમાં ઉપયોગ કરવાનું શક્ય બને છે. જેનો સામાજિક અને ભાવનાત્મક વિકાસ થયો હોય તેવાં પાત્રો સામાજિક કાર્યોમાં તેનો ઉપયોગ કરતાં થાય છે. એટલે બાળવયથી વિદ્યાર્થીના સામાજિક અને ભાવનાત્મક વિકાસ માટે ઘર અને શાળાની ભાગીદારી વિશે અહીં રજૂઆત કરવામાં આવી છે.

**બાળકનો સામાજિક વિકાસ :**

માનવી એ સામાજિક પ્રાણી છે. બાળકનો જન્મ થતાં તે જન્મથી સામાજિક હોતું નથી. બાળકની સામાજિકતાનો વિકાસ એના શારીરિક, માનસિક અને સાંવેગિક વિકાસની સાથે જ થયા કરે છે. શરૂઆતમાં એ સ્વકેન્દ્રી હોય છે. ઘરના વાતાવરણ - ભાવાવરણને લીધે જેમ જેમ અન્યના સહવાસમાં આવે તેમ તેમ બોલચાલ, વાત કરવાની રીત, અનોખા રંગઢંગ, બીજા સાથે વર્તાવ, પ્રેમ વગેરે આ બધું ધીમેધીમે બાળક સમજતું થાય છે. વ્યક્તિ-વ્યકિત વચ્ચેનો સહકાર અને એકબીજાને સમજવા માટેની આંતરક્રિયામાં જ સામાજિકતાનાં મૂળ રહેલાં છે, જે વિદ્યાર્થી શાળામાંથી શીખે છે. સામાજિક વિકાસ એટલે પોતાની સાથે અને બીજી વ્યક્તિઓ સાથે અનુકૂલન સાધવાની ક્ષમતાનો વિકાસ, સામાજિક વિકાસ માનવસંબંધને આભારી છે. આમ  ઘર પછી શાળામાં દાખલ થયે વિદ્યાર્થીમાં અનુકૂલન શક્તિનો વિકાસ થતો રહે છે.

**બાળકનો ભાવનાત્મક વિકાસ :**

એક પરિસ્થિતિમાં અનુકૂલન સાધનાર બાળક બીજી નવી પરિસ્થિતિમાં મૂંઝાય છે. પરિસ્થિતિને અનુરૂપ ન વર્તનારાં બાળકો, દિવસે દિવસે ઝઘડાખોર બની જતાં હોય છે. આવા વખતે તેનામાં ભાવનાત્મક બાબતે માનવસંબંધનો વિકાસ જરૂરી છે.

ભાવનાત્મક માનવસંબંધનો વિકાસ વિદ્યાર્થીઓમાં અનુકૂલન તેમજ તે અંગેની શક્તિનો વિકાસ કરવા માટે અગત્યની બાબત છે. તે માટે બાળકના માનસિક વિકાસ પર આધાર રખાયો છે. ઘર અને શાળા દ્વારા બાળકના સામાજિક અને ભાવનાત્મક વિકાસને અનુબંધિત શારીરિક અને સામાજિક વિકાસની સાથે જ બાળકનો માનસિક વિકાસ પણ થાય છે. માનસિક વિકાસના અભાવે યોગ્ય સામાજિકતા પણ કેળવાતી નથી. જે બાળકનો માનસિક વિકાસ યોગ્ય રીતે થયો હોય તેનામાં ભાવનાત્મક બાબતો પણ ઊભરી આવે છે. જે બાળકના સામાજિક અને ભાવનાત્મક વિકાસ માટે ઘર અને શાળાની સહિયારી ભાગીદારી અસરકારક રીતે પ્રયોજાયેલી હશે તેવું બાળક બીજાં બાળકોની સરખામણીમાં સામાજિક અને ભાવનાત્મક કાર્યો વધારે યોગ્ય અને વ્યવસ્થિતપણે કરી શકે છે. માનવસંબંધના વિકાસ દ્વારા જ માનસિક વિકાસ શક્ય બને છે. તેના દ્વારા જ સામાજિક અને ભાવનાત્મક વિકાસ બર આવે છે.

**ઘર અને શાળા દ્વારા બાળકના સામાજિક અને ભાવનાત્મક વિકાસને પૂરક સાંવેગિક વિકાસ :**

જન્મ સમયે બાળકનો સાંવેગિક વિકાસ થયેલ હોતો નથી. ધીમેધીમે ઘરના વાતાવરણ- ભાવાવરણ પરથી તે સંવેગોનો વિકાસ કેળવતું થાય છે, પોતાની લાગણી વ્યક્ત કરતું થઈ જાય છે. આ બાબત પણ શાળાના ભાવાવરણમાં વધુ વિકાસ પામે છે. શરૂઆતમાં બાળકમાં સાંવેગિક વિકાસ થયેલ હોતો નથી, ધીમેધીમે આગળ વધે છે. ઘર અને શાળામાં માનવસંબંધોનો વિકાસ થયો હોય તો સાંવેગિક વિકાસ શક્ય બને છે. ઘરમાં પરિવારનાં સૌ સભ્યો વચ્ચે પ્રેમ, લાગણી, હૂંફ, કદર, સલામતી જેવી ભાવનાઓ બાળક અનુભવથી શીખે છે. તેવું શાળામાં, આચાર્ય, શિક્ષકો, વિદ્યાર્થીઓ, વહીવટી કર્મચારીઓ, વાલીઓના સંપર્કોથી વિદ્યાર્થીઓમાં ભાવનાઓ કેળવાય છે અને તેની સાથે સામાજિકતા પણ આવતી હોય છે.

**ઘર અને શાળા દ્વારા બાળકના સામાજિક અને ભાવનાત્મક વિકાસને પૂરક નૈતિક વિકાસ :**

ઘર અને શાળામાં બાળકના માનવસંબંધના વિકાસ દ્વારા નૈતિક વિકાસ શક્ય બને છે. ઘરમાં પરિવારના સભ્યોમાં તથા શાળાના આચાર્ય, શિક્ષકો, વિદ્યાર્થીઓ વગેરેમાં નૈતિક વિકાસ જોઈને બાળક શાળા સમાજને અનુરૂપ સામાજિક અને ભાવનાત્મક વિકાસ કેળવતું થાય છે. ઘર અને શાળા થકી માનવસંબંધનાં વિકાસ દ્વારા નૈતિક વિકાસમાં વધારો કરી શકાય છે જેની ઉપફલશ્રુતિરૂપે સામાજિક એવી સહકારની ભાવનાનો વિકાસ થતો હોય છે. ઘર અને શાળામાં માનવસંબંધના વિકાસ દ્વારા સહકારની ભાવનાનો વિકાસ શક્ય બને છે. માનવ-સંબંધનો વિકાસ ઘર અને શાળામાં થયો હોય તો જ સહકારની ભાવના વધે અને તેનો વિકાસ થાય.

**ઘર અને શાળા દ્વારા બાળકના સામાજિક અને ભાવનાત્મક વિકાસના ફલિતાર્થો :**

આજનું બાળક આવતીકાલનો નાગરિક છે. બાળવયથી જ તેના સામાજિક અને ભાવનાત્મક વિકાસમાં ઘર અને શાળાની ભાગીદારી અસરકારક રીતે પ્રયોજાયેલી હોય તો એ રીતે કેળવાયેલી વ્યક્તિની માનવશક્તિનો સમાજમાં યોગ્ય ઉપયોગ થઈ શકે. તેને શિક્ષણમાં પ્રેરણા અને પ્રોત્સાહન મળે. સમાજમાં નાગરિકોની સામાજિક અને ભાવનાત્મક ગુણવત્તા વધી શકે. ઘર અને શાળામાં લોકશાહીયુક્ત વાતાવરણનું સર્જન કરવા માટે માનવીય સંબંધોની મીઠાશ વધે છે. ઘરની જેમ શાળા એક કુટુંબ છે. આવી કૌટુંબિક ભાવનાનું સર્જન કરવા માટે માનવસંબંધો સાકાર થાય. ઘર અને શાળાની દરેક વ્યક્તિ સામાજિક અને ભાવનાત્મક બનવાનો સંતોષ પ્રાપ્ત કરી શકે. ઘર, શાળા અને સમાજ એકબીજાને નજીક લાવી શકાય. ઘર અને શાળામાં વ્યક્તિઓ પોતાનાથી બને તેટલું ઉત્તમ પ્રકારનું પ્રદાન કરવા તત્પર બને. સામાજિક અને ભાવનાત્મક માનવસંબંધને લીધે ઘર અને શાળામાં એકતા, મૈત્રીની ભાવના, સહકારની વૃત્તિ, ઘર અને શાળા સાથેનું તાદાત્મ્ય અને તેના ધ્યેયોની પ્રાપ્તિ માટેની ઉત્સુકતા વધે.

**બાળકનો સામાજિક અને ભાવનાત્મક વિકાસ ઘર અને શાળાની ભાગીદારી પર નિર્ભર :**

ભારતીય શિક્ષણ પરંપરામાં ઘર અને શાળાનું જોડાણ બાળકોના સામાજિક અને ભાવનાત્મક વિકાસ માટે જરૂરી ગણાવ્યું છે. તેથી ઘર અને શાળાનું જોડાણ મજબૂત કરવાના ઉપાયો, કાર્યક્રમો તથા પ્રવૃત્તિઓને વેગ આપવો જોઈએ. કારણ કે બાળકના શિક્ષણ માટે તે સહિયારી જવાબદારી છે. તેથી બાળકના શિક્ષણ અને વર્તનની સમસ્યાઓનાં નિવારણ માટે સહિયારી સહાય મળી રહે છે. તેના વડે બાળકના સામાજિક અને ભાવનાત્મક વિકાસલક્ષી વાતાવરણ - ભાવાવરણનું નિર્માણ કરી શકાય છે. જેથી કરીને બાળકના શિક્ષણ અને ભાવના માટેના સંક્રમણને સહાય મળે છે. આ પ્રકારનું સંક્રમણ ઘરથી શાળા સુધી અને શાળાથી ઘર સુધી થાય છે. આ પ્રકારના કાર્યક્રમથી બાળકને સમજવા માટે ઘર અને શાળાનો સમન્વય સાધવાનું શરૂ થાય છે. ઘર અને શાળાની આવી સુયોગ્ય ભાગીદારીથી માતાપિતાની ક્ષમતા અને શાળાની સુદૃઢ તૈયારીનો સમન્વય સાધી શકાય છે.

# બાળકનું માનસિક સ્વાસ્થ્ય અને પરિવાર



- ડૉ. મગનલાલ એસ. મોલિયા
પ્રોફેસર, શિક્ષણ વિભાગ,
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.
મો. ૯૯૮૭૯૯૩૨૪૧

માનસિક સ્વાસ્થ્ય એ માનવ સુખાકારીના સૌથી મૂળભૂત સ્તંભોમાંનો એક છે - અને તેનો પાયો બાળપણ કરતાં વધુ ગંભીર રીતે ક્યાંય ઘડાયેલો નથી. બાળકના જીવનની શરૂઆતનાં વર્ષો વિસ્ફોટક વિકાસ દ્વારા ચિહ્નિત થયેલ છેઃ જ્ઞાનાત્મક, ભાવનાત્મક, સામાજિક અને ન્યુરોલૉજિકલ. આ સમયગાળા દરમિયાન, કૌટુંબિક વાતાવરણ મનોવૈજ્ઞાનિક સ્થિતિસ્થાપકતાને પોષવામાં અથવા લાંબા ગાળાના માનસિક સ્વાસ્થ્ય પડકારોનાં બીજ વાવવામાં અનિવાર્ય ભૂમિકા ભજવે છે. બાળકના માનસિક સ્વાસ્થ્યમાં ભાવનાત્મક સુખાકારી, વર્તણૂકીય વિકાસ, સામાજિક કાર્ય અને જ્ઞાનાત્મક વિકાસનો સમાવેશ થાય છે. તે નક્કી કરે છે કે બાળકો કેવી રીતે વિચારે છે, અનુભવે છે, કાર્ય કરે છે, તણાવને કેવી રીતે હૅન્ડલ કરે છે, અન્ય લોકો સાથે સંબંધ રાખે છે અને નિર્ણયો લે છે. વિશ્વ આરોગ્ય સંગઠન (WHO) અનુસાર, લગભગ "વિશ્વભરમાં ૧૦-૨૦% બાળકો અને કિશોરો માનસિક સ્વાસ્થ્ય વિકૃતિઓનો અનુભવ કરે છે", અને બધી માનસિક સ્વાસ્થ્ય સ્થિતિઓમાંથી અડધા ૧૪ વર્ષની ઉંમર પહેલાં શરૂ થાય છે. આ લેખ બાળકના માનસિક સ્વાસ્થ્ય અને કૌટુંબિક ગતિશીલતા વચ્ચેના જટિલ સંબંધની શોધ કરે છે - શા માટે કુટુંબ બાળકના માનસિક સ્વાસ્થ્યના પાયાનો પથ્થર છે અને નબળા બાળકના માનસિક સ્વાસ્થ્ય માટે જોખમ પરિબળો.

**બાળકના માનસિક સ્વાસ્થ્યનો પાયો પરિવાર :**

**પ્રથમ વાતાવરણ તરીકે પરિવાર :** બાળક વર્ગખંડમાં પ્રવેશ કરે છે અથવા મિત્ર બનાવે છે તે પહેલાં, પરિવાર તેનું આખું વિશ્વ છે. માતાપિતા, ભાઈ-બહેન, દાદા-દાદી અને સંભાળ રાખનારાઓ બાળક જે પહેલું સામાજિક નેટવર્ક જાણે છે તે બનાવે છે. આ પ્રારંભિક સંબંધોની ગુણવત્તા વિકાસશીલ મગજના સ્થાપત્યને સીધી રીતે આકાર આપે છે. ન્યુરોલૉજિકલ સંશોધન પુષ્ટિ કરે છે કે પ્રારંભિક અનુભવો શાબ્દિક રીતે મગજનું નિર્માણ કરે છે. સકારાત્મક, ઉછેર કરતી ક્રિયાપ્રતિક્રિયાઓ ભાવનાત્મક નિયમન, સહાનુભૂતિ અને તાણ પ્રતિભાવ સાથે સંકળાયેલા ન્યુરલ માર્ગોને સક્રિય કરે છે. બીજી બાજુ, ક્રોનિક તણાવ, ઉપેક્ષા અથવા દુર્વ્યવહાર, મગજની રચના અને કાર્યને એવી રીતે બદલી શકે છે જે દાયકાઓ સુધી માનસિક સ્વાસ્થ્યને અસર કરે છે.

**જોડાણ સિદ્ધાંત અને તેની આજીવન અસર :** બ્રિટિશ મનોચિકિત્સક 'જોન બાઉલ્બી' દ્વારા પ્રણેતા અને બાદમાં મેરી એન્સવર્થ દ્વારા વિસ્તૃત, 'જોડાણ સિદ્ધાંત' માને છે કે બાળકોને સલામતી અને આરામ માટે સંભાળ રાખનારાઓની નિકટતા મેળવવા માટે જૈવિક રીતે પ્રોગ્રામ કરવામાં આવે છે. આ પ્રારંભિક જોડાણ બંધનની ગુણવત્તા ભાવનાત્મક અને માનસિક વિકાસને ઊંડી અસર કરે છે. સુરક્ષિત રીતે જોડાયેલાં બાળકોમાં મજબૂત આત્મસન્માન, સ્વસ્થ સાથી સંબંધો, વધુ સારાં શૈક્ષણિક પરિણામો અને વધુ ભાવનાત્મક સ્થિતિસ્થાપકતા વિકસાવવાની શક્યતા વધુ હોય છે. તેમને ચિંતા, હતાશા અથવા વર્તણૂકીય વિકૃતિઓ થવાની શક્યતા પણ ઓછી હોય છે.

**કૌટુંબિક વ્યવસ્થા :** પરિવારો ફક્ત વ્યક્તિઓનો સંગ્રહ નથી - તે 'ગતિશીલ પ્રણાલીઓ' છે જ્યાં દરેક સભ્ય એકબીજાને પ્રભાવિત કરે છે. જ્યારે માતાપિતા માનસિક બીમારી, માદક દ્રવ્યોના દુરુપયોગ અથવા વણઉકેલાયેલા આઘાત સાથે સંઘર્ષ કરે છે, ત્યારે તેની અસરો સમગ્ર પરિવારમાં ફેલાય છે. તેનાથી વિપરીત, જ્યારે પરિવારો ગરમ, વાતચીતશીલ અને સુસંગત હોય છે, ત્યારે બાળકો

બાહ્ય પ્રતિકૂળતાઓનો સામનો કરવા છતાં પણ ખીલે છે. મનોચિકિત્સક 'મુરે બોવેન' દ્વારા વિકસાવવામાં આવેલ કૌટુંબિક વ્યવસ્થા સિદ્ધાંત, ભાર મૂકે છે કે વર્તન, ભાવનાત્મક નિયમન અને સંદેશા-વ્યવહારના દાખલાઓ પેઢીઓ સુધી કેવી રીતે પ્રસારિત થાય છે. બાળકો ફક્ત તેમને જે શીખવવામાં આવે છે તે જ નહીં પરંતુ તેઓ દરરોજ જે અવલોકન કરે છે, અનુભવે છે અને અનુભવે છે તે પણ શોષી લે છે.

**નબળા બાળકના માનસિક સ્વાસ્થ્ય માટે જોખમી પરિબળો :**

નિવારણ અને પ્રારંભિક હસ્તક્ષેપ માટે બાળકોને શું જોખમમાં મૂકે છે તે સમજવું જરૂરી છે. જોખમી પરિબળોને જૈવિક, પારિવારિક અને પર્યાવરણીય ક્ષેત્રોમાં વર્ગીકૃત કરી શકાય છે.

૧. **જૈવિક અને આનુવંશિક પરિબળો** : જૈવિક અને આનુવંશિક પરિબળો નીચે મુજબ છે :

- **"આનુવંશિકતા"** : ADHD, ડિપ્રેશન, ચિંતા વિકૃતિઓ અને સ્કિઝોફ્રેનિયા સહિત ઘણી માનસિક સ્વાસ્થ્ય વિકૃતિઓમાં નોંધપાત્ર વારસાગત ઘટકો હોય છે. જે બાળકમાં માતાપિતાને ડિપ્રેશનનું નિદાન થયું હોય છે તેમાં ડિપ્રેશન થવાની શક્યતા બે થી ત્રણ ગણી વધુ હોય છે.
- **"પ્રસૂતિ પહેલાનાં પરિબળો"** : ગર્ભાવસ્થા દરમિયાન માતાનો તણાવ, અયોગ્ય પદાર્થોનો ઉપયોગ, ચેપ અને પોષણની ઊણપ ગર્ભના મગજના વિકાસને અસર કરી શકે છે.
- **"સ્વભાવ"** : મુશ્કેલ સ્વભાવ (ઉચ્ચ પ્રતિક્રિયાશીલતા, ઓછી અનુકૂલનક્ષમતા) સાથે જન્મેલાં બાળકો તણાવપૂર્ણ વાતાવરણના સંપર્કમાં આવે ત્યારે ચિંતા અને વર્તણૂકીય વિકૃતિઓ માટે વધુ સંવેદનશીલ હોય છે.
- **"ન્યુરોડેવલપમેન્ટલ પરિસ્થિતિઓ"** : ઓટીઝમ સ્પેક્ટ્રમ ડિસઓર્ડર (ASD), શીખવાની અક્ષમતાઓ અને સંવેદનાત્મક પ્રક્રિયા વિકૃતિઓ જેવી પરિસ્થિતિઓ માનસિક સ્વાસ્થ્ય પડકારોને વધારી શકે છે.

૨. **કૌટુંબિક-સંબંધિત જોખમી પરિબળો** : કૌટુંબિક વાતાવરણ બાળકના માનસિક સ્વાસ્થ્ય માટે કેટલાંક સૌથી શક્તિશાળી જોખમ - અને રક્ષણાત્મક - પરિબળો ઉત્પન્ન કરે છે.

- **માતાપિતાની માનસિક બીમારી** : સારવાર ન કરાયેલ માનસિક સ્વાસ્થ્ય વિકૃતિઓ ધરાવતાં માતાપિતાનાં બાળકો નોંધપાત્ર રીતે ઊંચાં જોખમોનો સામનો કરે છે. ગંભીર ડિપ્રેશનનો અનુભવ કરતા માતાપિતા ભાવનાત્મક રીતે અનુપલબ્ધ, અસંગત અથવા સ્વસ્થ સામનો કરવાનું મૉડલ બનાવવામાં અસમર્થ હોઈ શકે છે. બાળકો ઘણીવાર માતાપિતાની તકલીફને આંતરિક બનાવે છે, પોતાને દોષ આપે છે અથવા અતિસતર્કતા વિકસાવતાં હોય છે.
- **માતાપિતાનો કેફી પદાર્થનો ઉપયોગ** : દારૂ અથવા ડ્રગ્સનો ઉપયોગ કરતાં માતાપિતા સાથે ઊછરવું એ પ્રતિકૂળ બાળપણનાં પરિણામોના સૌથી મજબૂત આગાહી કરનારાઓમાંનું એક છે. આ ઘરો વારંવાર અણધારિતા, ઉપેક્ષા, ભાવનાત્મક અને શારીરિક શોષણ, ભૂમિકા ઉલટાવી (પૅરેન્ટિફિકેશન) અને નાણાકીય અસ્થિરતા દ્વારા વર્ગીકૃત થયેલ છે.
- **ઘરેલુ હિંસા અને ઘનિષ્ઠ ભાગીદાર હિંસા** (IPV) : જે બાળકો ઘરેલુ હિંસા જુએ છે - સીધા દુર્વ્યવહાર વિના પણ - નોંધપાત્ર માનસિક નુકસાન સહન કરે છે. IPV ના સંપર્કમાં આવવાથી PTSD, ચિંતા, હતાશા, આક્રમકતા અને નબળા શૈક્ષણિક પ્રદર્શન સાથે સંકળાયેલું છે. ઘર, જે અભયારણ્ય હોવું જોઈએ, તે આતંકનું સ્રોત બની જાય છે.
- **બાળશોષણ અને ઉપેક્ષા** : બાળકોની માનસિક સ્વાસ્થ્ય વિકૃતિઓ માટે શારીરિક, ભાવનાત્મક

અને જાતીય શોષણ સૌથી ગંભીર જોખમ પરિબળોમાંનું એક છે. CDC અને કૈસર પરમેનન્ટે દ્વારા હાથ ધરવામાં આવેલા ACE (એડવર્સ ચાઈલ્ડહુડ એક્સપિરિયન્સ) અભ્યાસમાં દર્શાવવામાં આવ્યું છે કે બાળપણના આઘાત માનસિક બીમારી, અયોગ્ય પદાર્થના ઉપયોગ, ક્રોનિક રોગ અને વહેલા મૃત્યુનું જોખમ નાટકીય રીતે વધારે છે. જે બાળકો બહુવિધ ACEsનો અનુભવ કરે છે તેઓ ઘાતક રીતે વધુ જોખમમાં હોય છે.

- **માતાપિતાની ગેરહાજરી અને કૌટુંબિક અસ્થિરતા:** મૃત્યુ, છૂટાછેડા, જેલવાસ અથવા ત્યાગ દ્વારા માતાપિતાનું નુકસાન એક ઊંડો ઘા બનાવે છે. માતાપિતાના છૂટાછેડા, ખાસ કરીને જ્યારે ઉચ્ચ સંઘર્ષ હોય ત્યારે, બાળકોમાં ચિંતા, હતાશા અને વર્તણૂકીય સમસ્યાઓના વધતા દર સાથે જોડાયેલ છે. વારંવાર સ્થળાંતર, શાળામાં ફેરફાર અને ઘરગથ્થુ અસ્થિરતા આ અસરોને વધારે છે.
- **ભાઈ-બહેનની ગતિશીલતા** : ભાઈ-બહેનની ગુંડાગીરી - ઘણીવાર ઓછો અંદાજ - એક વાસ્તવિક અને નોંધપાત્ર જોખમી પરિબળ છે. તેનાથી વિપરીત, હકારાત્મક ભાઈ-બહેનના સંબંધો તણાવ સામે શક્તિશાળી બફર તરીકે સેવા આપી શકે છે.

૩. **સામાજિક-આર્થિક અને સામુદાયિક જોખમી પરિબળો** :

- **'ગરીબી'** : ગરીબીમાં રહેતાં બાળકો ક્રોનિક તણાવ, ખોરાકની અસુરક્ષા, રહેઠાણની અસ્થિરતા, હિંસાનો સંપર્ક અને ઓછાં સંસાધનો ધરાવતી શાળાઓનો સામનો કરે છે - આ બધું માનસિક સ્વાસ્થ્ય પર દબાણ લાવે છે.
- **'સામુદાયિક હિંસા'** : પડોશી હિંસા ક્રોનિક અતિશય ઉત્તેજના અને આઘાતનું કારણ બને છે.
- **'સામાજિક અલગતા'** : સાથીદારોનાં જોડાણો અને સમુદાય સમર્થનનો અભાવ ધરાવતાં બાળકો હતાશા અને ચિંતાનું વધુ જોખમ ધરાવે છે.
- **'ભેદભાવ અને જાતિવાદ'** : લઘુમતી બાળકો વંશીય ભેદભાવ, સાંસ્કૃતિક હાંસિયામાં ધકેલાઈ જવા અને પ્રણાલીગત અસમાનતા સંબંધિત વધારાના તણાવનો સામનો કરે છે - આ બધું માનસિક સ્વાસ્થ્ય પર દસ્તાવેજીકૃત અસર કરે છે.

બાળકના માનસિક સ્વાસ્થ્ય અને કૌટુંબિક ગતિશીલતા વચ્ચેનો સંબંધ એક જટિલ, શીખેલો અનુભવ છે જે પ્રારંભિક સામાજિક ક્રિયાપ્રતિક્રિયાઓ અને પર્યાવરણીય તણાવમાં મૂળ ધરાવે છે. જ્યારે શિક્ષકની ટીકા અથવા ઉચ્ચ-દાવવાળી કૌટુંબિક અપેક્ષાઓ જેવા નકારાત્મક ભૂતકાળના અનુભવો, ચિંતા અને પેટમાં દુખાવો અને હૃદયના ધબકારા જેવાં શારીરિક લક્ષણોના "દુષ્ટ ચક્ર" ને ઉત્તેજિત કરી શકે છે, આ પેટર્ન અજેય નથી. ભૂલોને શીખવાની તકો તરીકે જોતી સરખામણીની સંસ્કૃતિથી આગળ વધીને, પરિવારો બાળકની સ્વ-વિભાવનાને સક્રિયપણે ફરીથી બનાવી શકે છે. વ્યવહારુ, વૈજ્ઞાનિક રીતે સાબિત હસ્તક્ષેપો - જેમકે ૪-૭-૮ ઊંડા શ્વાસ લેવાની તકનીક, અભિવ્યક્ત લેખન અને સકારાત્મક સ્વ-વાત - અમલમાં મૂકવાથી કુટુંબ એકમ કમજોર ભયને કાર્યાત્મક આત્મવિશ્વાસમાં પરિવર્તિત કરી શકે છે.

આખરે, જ્યારે માતાપિતા અને શિક્ષકો રોજિંદા જીવનમાં પડકારજનક વિષયોને એકીકૃત કરે છે અને સહાયક ભાવનાત્મક વાતાવરણ પૂરું પાડે છે, ત્યારે તેઓ બાળકને અવગણવાની સ્થિતિમાંથી નિપુણતા અને સ્થિતિસ્થાપકતાની સ્થિતિમાં લઈ જાય છે.

# ભારતીય શિક્ષણ પરંપરામાં વિદ્યાલય અને ઘરનું જોડાણ



- વિનોદ આર. શિયાળ
મદદનીશ શિક્ષક,
શ્રી બ્રાંચ શાળા નં-૬ ગઢડા, બોટાદ.
મો. ૯૮૨૪૩૮૫૨૯૦

ભારતીય શિક્ષણ પરંપરા એ કેવળ અક્ષરજ્ઞાનની પ્રક્રિયા નથી, પરંતુ તે જ્ઞાન અને સંસ્કારના સુમેળથી રચાયેલી એક દિવ્ય જીવનગાથા છે. આ ગાથાના બે મુખ્ય આધારસ્તંભો છેઃ ઘર અને વિદ્યાલય. આ બંને સંસ્થાઓ બાળકના જીવનમાં પ્રકાશસ્તંભ બનીને ઊભી રહે છે. ઘર એ ભૂમિ છે જ્યાં બાળકના જીવનમાં સંસ્કારનું પ્રથમ બીજ રોપાય છે, અને શાળા એ ઉદ્યાન છે જ્યાં તે બીજને જ્ઞાનના અમૃતજળથી સિંચિત કરી એક ઘટાદાર વિકાસવૃક્ષમાં રૂપાંતરિત કરવામાં આવે છે. જ્યારે માતા-પિતાની મમતા અને શિક્ષકનું માર્ગદર્શન એક જ દિશામાં પ્રવાહિત થાય છે, ત્યારે શિક્ષણ માત્ર પુસ્તક પૂરતું સીમિત ન રહેતા, જીવન ઘડતરની એક સમૃદ્ધ અને પવિત્ર પ્રક્રિયા બની જાય છે.

**ઘર : જીવનની પ્રથમ પાઠશાળા અને સંસ્કારનું ઉદ્‌ગમસ્થાન :**

માનવજીવનની પ્રથમ પાઠશાળા એટલે તેનું ઘર. ભારતીય સંસ્કૃતિમાં ઘરને પવિત્ર વિદ્યાપીઠ માનવામાં આવ્યું છે. બાળક જ્યારે આંખ ખોલે છે ત્યારે તેના પ્રથમ ગુરુ તરીકે માતા-પિતાનો સાક્ષાત્કાર થાય છે. માતાના હાલરડામાં ભાષાનું સંગીત અને સંવેદના છુપાયેલી હોય છે, તો પિતાના આંગળી પકડવાના વિશ્વાસમાં કર્તવ્ય અને શિસ્તનો દીવો પ્રગટે છે. પરિવારનું વાતાવરણ એ બાળમનની કોમળ માટીને આકાર આપતી એક શિલ્પશાળા છે. વડીલોનો આદર, પરસ્પર પ્રેમ અને સહભાગિતાના પાઠ બાળક ઘરમાં રમતા-રમતા શીખે છે. આ આદતો જ આગળ જતાં તેના ચરિત્રનું અભેદ્ય કવચ બને છે.

**ગુરુકુળથી આધુનિક શાળાઃ પરંપરા અને આધુનિકતાનો સેતુ :**

પ્રાચીન ગુરુકુળ વ્યવસ્થા એ ગુરુ અને ઘર વચ્ચેના અખંડ વિશ્વાસનું જીવંત પ્રતીક હતી. શિષ્ય ગુરુના આશ્રમમાં રહીને વિદ્યાભ્યાસ કરતો, પણ તેની પૃષ્ઠભૂમિમાં માતા-પિતાનો અતૂટ વિશ્વાસ શક્તિ બનીને રહેતો. ગુરુ શિષ્યના જીવનને કંડારતા 'શિલ્પી' હતા, તો માતા-પિતા તે શિલ્પને ટકાવી રાખનાર 'આધારસ્તંભ' હતા. આજે સમયના વહેણ સાથે ગુરુકુળનું સ્વરૂપ બદલાયું છે, પરંતુ તે સહકારની મૂળભૂત ભાવના આજે પણ અવિચળ છે. આજના યુગમાં શાળાની દીવાલો અને ઘરના ઓટલા વચ્ચે બંધાતો જ્ઞાનનો સેતુ એ પ્રાચીન ગુરુ-ગૃહ સંબંધનું જ આધુનિક અને તેજસ્વી પ્રતિબિંબ છે.

**મૂલ્ય શિક્ષણનું એકત્વ : નૈતિકતાના મણકા :**

જ્યારે ઘર અને શાળા વચ્ચે મૂલ્ય શિક્ષણનું એકત્વ સર્જાય છે, ત્યારે બાળકના ચરિત્રમાં સ્થિરતા આવે છે. માતા-પિતાની મમતા અને શિક્ષકની શિસ્ત જ્યારે એક જ સુર છેડે છે, ત્યારે બાળકનું વ્યક્તિત્વ સંગીતમય બને છે. જો ઘરમાં શીખવવામાં આવતો આદર અને શાળામાં કેળવવામાં આવતી જવાબદારી એકબીજાનાં પૂરક બને, તો બાળકના મનમાં ક્યારેય દ્વંદ્વ પેદા થતો નથી. આ સંકલન બાળકને માત્ર હોશિયાર જ નહીં, પરંતુ એક 'ભલો માણસ' બનાવવામાં મદદ કરે છે. નૈતિકતાના આ પાઠ ભવિષ્યમાં તેને સાચા અને ખોટા વચ્ચેનો ભેદ પારખવાની શક્તિ આપે છે.

**સર્વાંગી વિકાસ : પૂરકતાનો પવિત્ર સ્પર્શ :**

બાળકનો વિકાસ એ માત્ર માર્કશીટના આંકડા નથી, પણ તેની બુદ્ધિ, ભાવના અને સામાજિક કુશળતાનો સરવાળો છે. આ સર્વાંગી વિકાસની યાત્રામાં ઘર અને શાળા એકબીજાના પૂરક છે. શાળા જ્ઞાનનાં દ્વાર ખોલે છે, તો ઘર તે જ્ઞાનને પચાવવા માટે શાંત અને પ્રેમાળ આકાશ

પૂરું પાડે છે. શાળાનું મિત્રવર્તુળ બાળકને સામાજિક અનુકૂલન શીખવે છે, જ્યારે ઘરના સંબંધો તેને ભાવનાત્મક સુરક્ષા આપે છે. આ બંનેનો સંયુક્ત સ્પર્શ બાળકને નિર્ભય અને સર્જનાત્મક બનાવે છે, જે તેને સફળતાનાં શિખરો સર કરવા માટે સજ્જ કરે છે.

**શિક્ષક-વાલી સંવાદ : પ્રગતિની દીવાદાંડી :**

માતા-પિતા અને શિક્ષક વચ્ચેનો સંવાદ એ બાળકના વિકાસનો સૌથી મજબૂત સેતુ છે. જ્યારે આ બંને પક્ષો નિયમિત મળે છે, ત્યારે બાળકની નબળાઈઓ અને શક્તિઓનું સ્પષ્ટ ચિત્ર સામે આવે છે. આ સંવાદ માત્ર ફરિયાદ માટે નહીં, પણ ઉકેલ માટે હોવો જોઈએ. શિક્ષક શાળાના અનુભવો વહેંચે અને માતા-પિતા ઘરની પરિસ્થિતિ જણાવે, ત્યારે જ બાળકને સમજવાની એક નવી દૃષ્ટિ મળે છે. આ વિશ્વાસની ડોર ગમે તેવી જટિલ સમસ્યાને પણ સરળતાથી ઉકેલી શકે છે.

**ઘરેલુ વાતાવરણ અને શૈક્ષણિક પ્રેરણા : જિજ્ઞાસાનું જતન :**

ઘરનું વાતાવરણ જો શૈક્ષણિક પ્રેરણાથી સભર હોય, તો બાળકની શીખવાની ગતિ બમણી થઈ જાય છે. પુસ્તકોથી ભરેલી અભ્યાસની ઓરડી અને જ્ઞાનવર્ધક ચર્ચાઓ બાળકની કલ્પનાશક્તિને પાંખો આપે છે. રસોઈમાં થતા રાસાયણિક ફેરફારો કે બગીચામાં ઊગતા છોડ દ્વારા વિજ્ઞાનના પાઠ જ્યારે માતા-પિતા શીખવે છે, ત્યારે શિક્ષણ બોજ નહીં પણ આનંદ બની જાય છે. ઘરની આ નાની-નાની પ્રવૃત્તિઓ જ બાળકને 'જીવનમૂલક શિક્ષણ'ના પાઠ ભણાવે છે.

**શાળાની પ્રવૃત્તિઓમાં ભાગીદારી : લાગણીનું જોડાણ :**

માતા-પિતા શાળાના ઉત્સવો કે પ્રોજેક્ટ્સમાં સક્રિય રીતે જોડાય ત્યારે બાળકને અનોખો આત્મવિશ્વાસ મળે છે. પોતાની સફળતામાં માતા-પિતાની હાજરી બાળક માટે સૌથી મોટું ઇનામ છે. આ ભાગીદારીથી શાળા માત્ર એક ઇમારત મટીને એક વિશાળ 'પરિવાર' બની જાય છે. આ ત્રિવેણી સંગમ (શિક્ષક, વિદ્યાર્થી અને વાલી) શિક્ષણના આંગણે હૂંફ અને જીવંતતા ભરે છે.

**ડિજિટલ યુગમાં સહયોગ : અંતર ઘટ્યું, સમજણ વધી :**

આજના ટૅક્નોલૉજીના યુગમાં મોબાઇલ ઍપ અને ઓનલાઇન પ્લૅટફૉર્મ્સને કારણે ઘર અને શાળા વચ્ચેનું ભૌતિક અંતર ઓગળી ગયું છે. બાળકના હોમવર્કથી લઈને તેના પરિણામ સુધીની માહિતી હવે વાલીઓની આંગળીના ટેરવે છે. જો આ સાધનોનો વિવેકપૂર્ણ ઉપયોગ થાય, તો શિક્ષણની પ્રક્રિયા વધુ પારદર્શક અને ગતિશીલ બને છે. ટૅક્નોલૉજી એ આધુનિક યુગમાં ઘર-શાળા સહયોગનું નવું અને સશક્ત સ્વરૂપ છે.

**સમસ્યા નિવારણ : સંયુક્ત જવાબદારીનું કવચ :**

બાળકના જીવનમાં આવતા શૈક્ષણિક કે વર્તનાત્મક પડકારો વખતે જો ઘર અને શાળા એક થઈ જાય, તો બાળક ક્યારેય એકલતા અનુભવતું નથી. એકબીજા પર દોષારોપણ કરવાને બદલે જો સહકારનો અભિગમ અપનાવવામાં આવે, તો મોટામાં મોટી સમસ્યાનો હલ નીકળી શકે છે. માતા-પિતાનો સાથ અને શિક્ષકની સમજણ બાળક માટે 'સુરક્ષા કવચ' બની જાય છે.

**પૂરકતાથી પૂર્ણતા : એક આદર્શ નાગરિકનું ઘડતર :**

અંતે, પૂરકતાથી પૂર્ણતા તરફની આ યાત્રાનો ધ્યેય માત્ર પરીક્ષામાં પાસ થવું નથી, પણ જીવનની પરીક્ષામાં સફળ થવું છે. ઘરનું સંસ્કારમય સિંચન અને શાળાનું જ્ઞાનમય તેજ મળીને એક એવા નાગરિકનું નિર્માણ કરે છે જે સમાજ પ્રત્યે સંવેદનશીલ અને રાષ્ટ્ર પ્રત્યે કર્તવ્યનિષ્ઠ હોય. આ જોડાણ જ્યારે મજબૂત બને છે, ત્યારે શિક્ષણ તેના સાચા અર્થમાં 'પૂર્ણતા' પ્રાપ્ત કરે છે.

**ઉજ્જ્વળ ભવિષ્યનું સોપાન :**

નિષ્કર્ષરૂપે કહી શકાય કે, ભારતીય શિક્ષણ પરંપરામાં ઘર અને વિદ્યાલયનું એકત્વ એ કેવળ વ્યવસ્થા નથી, પણ એક પવિત્ર સંસ્કાર યાત્રા છે. જ્યાં સુધી ઘર અને શાળા એકબીજાનાં પૂરક બનીને રહેશે, ત્યાં સુધી આપણી શિક્ષણ પ્રણાલી જીવંત અને તેજસ્વી રહેશે. આ સહયોગ જ આવતીકાલના ભારતના ઉજ્જ્વળ ભવિષ્યનું નિર્માણ કરશે. ઘર અને ગુરુનું આ મિલન શિક્ષણને પૂર્ણતા તરફ દોરી જતું એક 'અમર સૂત્ર' છે.

# કુટુંબ : બાળકની પ્રથમ પાઠશાળા



- ભાવુસિંહજી કે. ચૌહાણ
ઉપશિક્ષક, શ્રી સૂરજપુરા પ્રાથમિક શાળા
તા. વડાલી, જિ. સાબરકાંઠા.
મો. ૯૪૨૮૦૭૭૯૮૨

गृहमेव प्रथमपाठशाला,
जनन्येव प्रथमगुरुः,
धन्याः जनन्याः ज्ञाताः ।

કુટુંબ શિક્ષણનું અત્યંત મહત્ત્વનું કેન્દ્ર છે. બાળકના સર્વાંગી વિકાસમાં સૌથી મહત્ત્વની ભૂમિકા બાળકનાં માતાપિતાની હોય છે. તેથી જ કહેવાયું છે કે ઘર જેવી અમૂલ્ય પાઠશાળા બીજી એક પણ નથી. માતા શ્રેષ્ઠ શિક્ષક છે અને પિતા શ્રેષ્ઠ આચાર્ય છે. બાળકનું પ્રથમ શિક્ષણ માતાના અધરસ્પર્શ અને પિતાના પ્રેમથી શરૂ થાય છે.ભારતીય સમાજચિંતકો એટલે કે આપણા મહાન ઋષિઓએ માનવજીવનને સાંસ્કૃતિક દૃષ્ટિએ નિયમિત અને વ્યવસ્થિત બનાવવાના હેતુથી સોળ સંસ્કારોની વ્યવસ્થા આપી છે.આ સોળ સંસ્કારમાં સૌથી પ્રથમ આવતો ગર્ભસંસ્કાર તો બાળકનું આગમન માતાના ગર્ભમાં પણ ન થયું હોય ત્યારે જ કરવામાં આવે છે. આ પૃથ્વી પર જન્મ લેતાં પહેલાં જ મનુષ્યનું શિક્ષણ શરૂ થઈ જાય છે અને આ શિક્ષણની પ્રક્રિયા આજીવન ચાલુ રહે છે.

અભિમન્યુ માતા સુભદ્રાની કુખમાં ચક્રવ્યૂહ ભેદવાની વિદ્યા શીખ્યો હતો. મહાન ઋષિ યાજ્ઞવલ્કયજીએ પણ પોતાની માતાના ગર્ભમાં જ જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. જ્યારે નારદજી માતા કયાધુને વિષ્ણુભક્તિની વાતો કરી રહ્યા હતા ત્યારથી જ ગર્ભમાં પ્રહ્‌લાદજીને વિષ્ણુભક્તિની લગની લાગી હતી. આથી જ ઉત્તમ સંતાન પ્રાપ્તિ માટે ઉત્તમ માતાપિતા બનવું અતિ અનિવાર્ય છે. લાયકાત આવતાં જ ઉત્તમ જીવ પોતાની મેળે આવશે. આવાં તો અસંખ્ય ઉદાહરણો પુરાણો,ઇતિહાસો અને વર્તમાન સમયમાં જોવા મળે છે. શ્રીકૃષ્ણજીને અવતરવું હતું તો તેમને વાસુદેવ અને દેવકીને પસંદ કર્યાં, જ્યાં સુધી ઉમા અને શંકરના વિવાહ ન થયા ત્યાં સુધી કાર્તિકેયે રાહ જોઈ, બીજે જન્મ ન લીધો કારણ કે બીજે તેમને લાયક સ્થૂળ શરીર નહોતું. રાજા દિલીપ અને રાણી સુદક્ષિણાએ તપસ્યા કરી ત્યારે રઘુ જેવા મહાપરાક્રમી અને દાનવીર પુત્ર પ્રાપ્ત થયા એટલે જો સારાં સંતાનો જોઈએ છે તો સારાં સંતાનો તમને પસંદ કરે તેવી લાયકાત કેળવો.

સોળ સંસ્કારમાંથી નવ સંસ્કાર તો વ્યક્તિના જીવનનાં પ્રથમ પાંચ વર્ષમાં જ પૂર્ણ થઈ જાય છે.આધુનિક સંશોધનો પણ બાળકના વિકાસમાં પ્રારંભનાં પાંચ વર્ષ અતિ મહત્ત્વનાં માને છે. બાળકનો મોટાભાગનો (૯૦%) વિકાસ શરૂઆતનાં પાંચ વર્ષમાં જ થઈ જાય છે. ગર્ભાવસ્થાથી પાંચ વર્ષની ઉંમર સુધી સંસ્કાર ગ્રહણની ક્ષમતા સૌથી વધુ હોય છે. પાંચ વર્ષની વય સુધી જે જે સંસ્કાર તરીકે ચિત્ત પર અંકિત થાય છે એને બુદ્ધિથી જાણવાની પ્રક્રિયા પાંચ વર્ષ પછી શરૂ થાય છે અર્થાત્ સંસ્કાર પ્રક્રિયા એ જ્ઞાન પ્રક્રિયાનો આધાર છે.બાળક જન્મતાંની સાથે જ આસપાસના ભૌતિક અને સામાજિક પર્યાવરણના સંપર્કમાં આવે છે. તેમાંથી આપણે કલ્પી ન શકીએ, સમજી ન શકીએ તે રીતે બાળક અનેક બાબતો સતત ગ્રહણ કરી લેતું હોય છે. બાળક સ્વભાવે ચંચળ, ક્રિયાશીલ હોય, સતત કંઈક કર્યા કરતું હોય છે પછી તે ઘરે હોય, ઘર બહાર કે કોઈ બાલમંદિર કે શાળામાં. બાળક પ્રારંભનાં વર્ષોમાં પોતાનાં માતાપિતા સાથે કુટુંબમાં રહે છે. કુટુંબમાં જે શિક્ષણ પ્રાપ્ત કરે છે તે ઘરની જીવનશૈલી અને કુળ પરંપરાનું હોય છે. બાળક ઘણી નાની ઉંમરથી જ બધા સંસ્કારો પ્રાપ્ત કરે છે. બાળક ભાષા,અભિવ્યક્તિની ક્ષમતા અને કૌશલ્યો પણ શીખે છે.

ખાવું, પીવું, ઊઠવું, બેસવું, દોડવું, બોલવું એ બધું બાળક ઘરમાં રહીને શીખે છે. ઘરમાં માતાપિતા અને પરિવારજનોની રહેણીકરણી તથા વ્યવહાર જોઈ જોઈને

બાળક ઘણું બધું શીખતું હોય છે. આ બાબત ધ્યાનમાં રાખી બાળક શિશુ અવસ્થામાં આ બધી બાબતો શીખે તેની ચિંતા માતા-પિતા અને પરિવારજનોએ કરવી જોઈએ. બાળકની શારીરિક અને માનસિક આવશ્યકતાઓની પ્રેમપૂર્વક પૂર્તતા કરવાનો પ્રયાસ કરવો જોઈએ. શાળા જ્ઞાન આપે છે, પરંતુ સંસ્કાર અને ચારિત્ર્ય ઘરમાંથી જ મળે છે. જો ઘર મજબૂત હશે તો બાળકનું ભવિષ્ય પણ મજબૂત બનશે. માતાપિતાએ યાદ રાખવું જોઈએ કે તેઓ માત્ર સંતાનને ઉછેરતા નથી, પરંતુ એક સમાજ અને રાષ્ટ્રનું ભવિષ્ય ઘડી રહ્યાં છે. ઉત્તમ સંતાન અને ઉત્તમ ભાવિ નાગરિક બનાવવા માટે માતાપિતાએ નીચેની બાબતો ખાસ ધ્યાન રાખવી જોઈએ.

- બાળકને દરરોજ સવારે વહેલા ઊઠવાની તથા રાત્રે વહેલા સૂવાની આદત પાડવી જોઈએ.
- બાળકને દરરોજ પ્રાર્થના કરવાની આદત પાડવી જોઈએ. બાળકને દરેક વસ્તુને વ્યવસ્થિત મૂકવાની આદત પાડવી જોઈએ. બાળક દરરોજ હળવી કસરત, ઓમકાર, આસન, યોગ, પ્રાણાયામ કરવાની આદત પાડવી જોઈએ.
- બાળકને પુસ્તકોની દુનિયાથી પરિચિત કરવું જોઈએ એટલે કે બાળકને પુસ્તકોને સ્પર્શ કરાવો, ખોલ-બંધ કરવા દેવું, પુસ્તકો વિશે વાતો કરવી.
- બાળકને સમયનો સદુપયોગ કરતાં શીખવવું.
- બાળકની વાત ધીરજપૂર્વક સાંભળવી.
- બાળકની સાથે તેના મિત્ર બનીને રમત રમો.
- બાળકના પ્રશ્નોના જવાબ આપો. બાળકની ચિંતન અને વિચારવાની આદત વિકસાવો. વારંવાર પ્રશ્ન પૂછવાથી ખિજાવું નહીં. બાળકને પ્રશ્ન પૂછવાથી રોકો નહીં.
- બાળકને તેની જાતે અનુભવ કરવાની તક આપવી કારણ કે બાળક જાતે વસ્તુઓને સ્પર્શીને, સૂંઘીને, ચાખીને તથા ધ્યાનથી જોઈને શીખે છે.
- ઘરનું વાતાવરણ તણાવથી મુક્ત રાખવું જેથી બાળક સુરક્ષા અને સલામતી અનુભવે.
- એક બાળકની સરખામણી બીજા બાળક સાથે ન કરવી કારણ કે દરેક બાળકની ક્ષમતા અલગ અલગ અને ભિન્ન હોય છે.
- બાળકને બધું હાથોહાથ આપવું જોઈએ નહીં.
- બાળકની કદી ઉપેક્ષા કરવી જોઈએ નહીં. બાળક સાથે કદી કઠોર વર્તન કરવું જોઈએ નહીં, વારંવાર ધમકાવવું જોઈએ નહીં. બાળક સાથે કઠોર વ્યવહાર, ધમકી, મહેણાં મારવા, શિક્ષા કરવી વર્જિત છે.
- લાડ અને પ્રેમ બાળક સાથે વ્યવહારની પ્રથમ શરત છે. બાળકની સૌથી મોટી જરૂરિયાત પ્રેમ છે. બાળવિકાસ માટે સૌથી મોટી આવશ્યકતા છે- માતાના હાથે ભોજન કરવાનું.તેથી કહેવાયું છે કે 'मातृहस्तेन भोजनं'. માતાએ બાળકને જમવાનું પીરસવું જોઈએ અને પોતાના હાથે જમાડવું જોઈએ. માતાના હાથનું, વાત્સલ્યની ભાવના સાથે બનાવેલું ભોજન સંસ્કારોનો સમૃદ્ધ સ્રોત છે.
- માતાપિતાએ બાળક સાથે અર્થપૂર્ણ સમય (Quality Time) વિતાવવો જોઈએ.
- બાળકની કર્મેન્દ્રિયો સક્રિય થાય તેવી પ્રવૃત્તિઓ (અનાજમાંથી કાંકરા વિણાવવા. અનાજના દાણા ફોલાવવા) કરવી.
- બાળકનો યોગ્ય રીતે વિકાસ થાય તે પ્રમાણેના આહારવિહાર અને આચરણ શીખવવાં.
- બાળકને સારું સંગીત સંભળાવો. બાળકને શ્લોક, ગીતો, જોડકણાં, લોકગીતો સંભળાવવાં જોઈએ.
- બાળકને રેતી કે પાણીમાં રમવા દેવું જોઈએ કારણ કે પંચમહાભૂતાત્મક જગત સાથે આંતરિક સંબંધો જોડવાનો એ સ્વાભાવિક માર્ગ છે.
- પોતાનાથી મોટી, વડીલ વ્યક્તિઓને માનથી બોલાવવા,સમવયસ્ક સાથે યોગ્ય વર્તન કરવાનું શીખવવું જોઈએ.
- બાળકના મનમાં ‘અતિથિ દેવો ભવ’ની ભાવના જાગૃત કરવી જોઈએ. મહેમાન આવે ત્યારે તેમનો

સત્કાર કરવાનું અને અભિવાદન કરવાનું શિખવાડવું જોઈએ.

- ઘરનાં સભ્યોનું જેવું ચારિત્ર્ય હશે તેવું જ બાળકનું પણ બનશે તો આ બાબતે તકેદારી રાખવી જોઈએ.
- સદ્‌ગુણી અને સદાચારી માતાપિતાએ પોતાના સંતાનને સદાચારી બનાવવા માટે પ્રથમ આહારવિહાર તરફ ધ્યાન આપવું જોઈએ. સાત્ત્વિક આહારવિહારથી સદ્‌ગુણોની રક્ષા થાય.
- સ્તોત્ર, મંત્ર, શ્લોક, સુભાષિત આદિ અધિક પ્રમાણમાં મુખપાઠ કરાવવાની આ યોગ્ય ઉંમર છે.
- દાન આપવું, બીજાને મદદ કરવી, ગાયને રોટલી ખવડાવવી, પશુઓને ચણ નાખવી, વૃક્ષોને પાણી પાવું, માતા-પિતાને પ્રણામ કરવા, વડીલોને આદર આપવો, મહેમાનને સત્કારવા જેવા સદ્ગુણો બાળક અનુકરણ અને પોતાના આજુબાજુના વાતાવરણમાંથી શીખે છે તેથી ઘરમાં આ પ્રમાણેનું વાતાવરણ નિર્માણ કરવું જોઈએ.
- માતાપિતાએ ધૈર્ય અને આત્મસંયમના ગુણો કેળવવાની જરૂર છે. વધુ પડતા મહત્ત્વાકાંક્ષી બનવાને બદલે સાદા અને સહજ બનવાની જરૂર છે કારણ કે માતાપિતાની અજ્ઞાન, અણસમજ, આકાંક્ષાઓ, અપેક્ષાઓ વગેરેને કારણે બાળકના સ્વાભાવિક વિકાસની પ્રક્રિયામાં અવરોધ નિર્માણ થાય છે. આ બધું માતાપિતા અજાણતાં અને પ્રેમના નામે કરે છે તો પણ આપણને પરવડે એવો દોષ નથી તેથી પ્રયત્નપૂર્વક આ દોષને દૂર કરવો જોઈએ.
- માતાપિતાએ બાળકને તેની અંતઃ પ્રવૃત્તિઓને ઓળખતાં શીખવું જોઈએ. આ માટે મનોવિજ્ઞાન, સંસ્કાર શિક્ષણ વગેરેનું સાહિત્ય વાંચવું, વિદ્વાનો પાસેથી સમજ પ્રાપ્ત કરવી અને અનુભવીઓ પાસેથી માર્ગદર્શન મેળવવું જોઈએ.
- બાળક પર માતાપિતાએ પોતાની મહત્ત્વાકાંક્ષાઓ થોપવી જોઈએ નહીં. ઘરે મહેમાનો આવે ત્યારે પોતાના બાળકની શીખેલી સીમિત જાણકારીને મહેમાનો આગળ પ્રદર્શિત કરવાની ઘેલછામાં ન પડવું જોઈએ.
- આજના સમયમાં મોબાઈલ, ટીવી અને ઇન્ટરનેટના કારણે ઘરનું વાતાવરણ બદલાઈ રહ્યું છે. જો માતા-પિતા સતત સ્ક્રીન પર રહે તો બાળક પણ તેનું અનુકરણ કરે છે. તેથી જ માતા-પિતાએ પોતે પ્રથમ સારા ઉદાહરણરૂપ બનવું જરૂરી છે.
- બાળકને સંતુલિત ભોજન આપવું જોઈએ. બાળકને મેંદામાંથી બનેલો ખોરાક આપવો ન જોઈએ. બાળકને જંકફૂડ અને પૅકેટ ફૂડથી દૂર રાખવાં જોઈએ.

લાલનપાલન, પ્રેમ, સુરક્ષા, સન્માન આ બધું સંસ્કાર પ્રક્રિયાને સમૃદ્ધ બનાવે છે એટલા માટે જ આપણાં શાસ્ત્રોએ કહ્યું છે लालयेत् पञ्चवर्षाणि બાળકના સંદર્ભમાં માતાપિતાએ કરવાની બાબતો ઘણી બધી છે, જેમકે બાળકો માટેની વાર્તાઓ, હાલરડાં, બાળક સાથે વાર્તાલાપ કરવાની કળા, બાળકને રમાડવાની પદ્ધતિ, બાળ-વિકાસની સંકલ્પના, સંસ્કારક્ષમ વાતાવરણ કેવી રીતે નિર્માણ કરવું જોઈએ વગેરે વગેરે. બાળકોમાં અખૂટ શક્તિ હોય છે, વિકાસની અમાપ સંભાવનાઓ હોય છે, અખંડ ઉત્સાહ હોય છે, નિરંતર પુરુષાર્થ કરવાની તમન્ના હોય છે, અસીમ જિજ્ઞાસા હોય છે અને અદ્‌ભુત કલ્પના શક્તિ હોય છે, સંસ્કાર ક્ષમતા અને ગુણ ગ્રહણશક્તિ હોય છે. માત્ર જરૂર હોય છે તેમની જિજ્ઞાસાને સંતોષવાની, તેમના ઉત્સાહને કેળવવાની, કાર્યપદ્ધતિ અને કલ્પના-શક્તિને યોગ્ય દિશામાં ઢાળવાની. જો આમ કરવામાં આવે તો આપણને કલ્પના ન હોય એવો અને એટલો બાળકનો વિકાસ થઈ શકે છે. આ કામ માતાપિતાનું છે. આ કાર્યમાં માતાપિતાનો કોઈ વિકલ્પ નથી. એમને જ કરવું જોઈએ એવું આ કામ છે. બાળકોને આવું શિક્ષણ ન આપનારી માતાને શાસ્ત્રોમાં શત્રુ અને પિતાને વેરી કહ્યા છે.

मातात शत्रुः पिता वैरी येन बालो न पाठितः ।
न शोभते सभामध्ये हंसमध्ये बकोयथा ॥

# પરિવાર અને શાળાના જોડાણનો એક નૂતન પ્રયોગ : ફેમિલી ટોક



- ડૉ. કૃણાલ પંચાલ
ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી,
ગાંધીનગર.
મો. ૯૪૨૯૨૯૭૭૩૭

૨૧મી સદીના સમાજની શિક્ષણની જરૂરિયાતોને પહોંચી વળવા માટે ભારતને જ્ઞાનકેન્દ્ર તરીકે પ્રસ્થાપિત કરવા માટે તૈયાર થયેલી રાષ્ટ્રીય શિક્ષણનીતિ-૨૦૨૦ ભારતની એક પરિવર્તનકારી પહેલ છે. રાષ્ટ્રીય શિક્ષણનીતિના ઉદ્દેશો, સિદ્ધાંતો અને અભિગમને ધ્યાનમાં રાખીને દેશભરમાં શિક્ષણમાં આવી રહેલા પરિવર્તનની દિશા ખોલવાનું કાર્ય રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખું- ૨૦૨૨ દ્વારા થાય તેવી અપેક્ષા છે. ભારતના શિક્ષણના ઈતિહાસમાં પ્રથમ વખત ત્રણ થી આઠ વર્ષના વયના બાળકો માટે સંકલિત અભ્યાસક્રમ માળખું તૈયાર કરવામાં આવ્યું છે. શિક્ષણમાં આ પાયાના ફેરફારથી શિક્ષણની સામગ્રી અને પરિણામોમાં ગુણાત્મક સુધારો થવાની અપેક્ષાએ આ ક્ષેત્રમાં વધુ અભ્યાસો અને સંશોધનોને અવકાશ આપ્યો છે.

રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખું સમગ્ર વિશ્વની બહુવિધ વિદ્યાશાખાઓમાં થયેલા સંશોધનો પર આધારિત છે, જેમાં ન્યુરોસાયન્સ, બ્રેઈન સ્ટડીઝ અને જ્ઞાનાત્મક વિજ્ઞાનના ક્ષેત્રોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત ભારતીય પરંપરાઓમાં રહેલું ડહાપણ અને જ્ઞાનના દસ્તાવેજોનો પણ ઉપયોગ કરીને બાળકનું અનુભવ વિશ્વ સહજ રીતે વૈચારિક, ક્રિયાત્મક અને વ્યાવહારિક તરેહોથી સમૃદ્ધ બને તે માટે રમકડા અને રમતોને કેન્દ્રમાં રાખવામાં આવ્યા છે.

રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખું-૨૦૨૨ના પ્રથમ પ્રકરણમાં જણાવ્યું છે કે, 'જીવનનો આનંદ પ્રાપ્ત કરવા તેમજ બાળકના સર્વાંગી વિકાસના તમામ પાસાઓ માટે જીવનની શરૂઆતના આઠ વર્ષો ખૂબ જ મહત્ત્વના છે.' ન્યુરોસાયન્સે પોતાના સંશોધનમાં કહ્યું છે કે, 'વ્યક્તિના મગજનો ૮૫ ટકા વિકાસ છ વર્ષની ઉંમર સુધીમાં થઈ જાય છે.' આ બાબત પાયાના તબક્કાના શિક્ષણના મહત્વને પ્રતિપાદિત કરે છે. આ તબક્કામાં શાળા જેટલું જ મહત્ત્વ પરિવાર શિક્ષણનું રહ્યું છે ત્યારે ઘરમાંથી બાળકને પર્યાપ્ત પોષણ, શ્રેષ્ઠ સ્વાસ્થ્ય, સંવેદનશીલ સંભાળ, સલામતી અને રક્ષણ મળી રહે એ પરિવારની જવાબદારી બને છે. પરિવારમાં માતા-પિતા તથા અન્ય સભ્યો દ્વારા બાળકની સાંવેગિક અને ભૌતિક સંભાળ, તેમની સાથેની વાતચીત, સંગીત પ્રવૃત્તિઓ, પ્રવાસ, સ્પર્શ વગેરે બાબતો બાળકના વિકાસ પર ખૂબ નોંધપાત્ર અસર ઊભી કરે છે.

ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા વિદ્યાવાટિકા નામથી પ્રાયોગિક પ્રિ-સ્કૂલ ચલાવવામાં આવે છે. જેમાં બાળકો માટે પંચકોશ આધારિત વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા જીવનના ઘનિષ્ટતમ અનુભવો આપવામાં આવે છે. અહી પરિવાર પ્રશિક્ષણને ખૂબ મહત્વના આયામ તરીકે ગણવામાં આવ્યું છે. પાયાના તબક્કામાં અભ્યાસ કરતા ત્રણ થી છ વર્ષના બાળકોને પરિવારમાં કેવું વાતાવરણ મળે છે ? તેમના વર્તન અને વ્યવહારનું મૂળ કારણ જાણવા માટે એક ઇનોવેટિવ પ્રેક્ટિસ તરીકે પ્રસ્તુત સંશોધન હાથ ધરવામાં આવી રહ્યું છે. અત્યાર સુધીમાં ૨૯ પરિવારની મુલાકાત લઈને બાળકોના વર્તન તથા તેમના વિકાસ માટે કારણભૂત બાબતોને જાણવાનો પ્રયાસ આ સંશોધનમાં કરવામાં આવી રહ્યો છે.

ડૉ. ઉર્મિલાબેન શાહ(૨૦૧૬) નોંધે છે કે, 'ત્રીસ વર્ષની નાની ઉંમરની માતાઓ માટે બાળકને જન્મ આપ્યા બાદ માત્ર બાળક જ કેન્દ્રમાં નથી હોતું. તેમની મહત્વકાંક્ષાઓ અને વ્યક્તિગત અગ્રીમતા બાળક સિવાય અન્ય બાબતો પણ હોય છે.' આ બાબતે ફેમીલી ટોકના માધ્યમથી માતાપિતાના અભિપ્રાય જાણવામાં આવ્યા હતા.

**ચાવીરૂપ શબ્દોની સમજ :**

**પરિવાર પ્રશિક્ષણ :** બાળકની સાથે ઘરમાં રહેતા તમામ સભ્યોને બાળકના વર્તન અને શિક્ષણ સંબંધિત સમસ્યાઓ દૂર કરવા તથા બાળઉછેર સંબંધિત વલણ, જ્ઞાન અને સજ્જતાઓ વિકસાવવા માટેની પ્રક્રિયા એટલે પરિવાર પ્રશિક્ષણ.

**ફેમિલી ટોક:** ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી સંચાલિત વિદ્યાવાટિકાના માતા-પિતા સાથે તેમના ઘરે રૂબરૂ જઈને કરવામાં આવતો સંવાદ એટલે ફેમિલી ટોક.

**અભ્યાસના હેતુઓ :**

પ્રસ્તુત અભ્યાસના હેતુઓ નીચે મુજબ છે.

૧. શાળામાં જોવા મળતા બાળકોના વર્તન માટે જવાબદાર કારણોની તપાસ કરવી.
૨. બાળકના ઘરનું વાતાવરણ જાણવું.
૩. બાળકના માતા-પિતાનો વ્યવસાય તથા બાળકને તેમના દ્વારા આપવામાં આવતા સમય વિશે જાણવું
૪. બાળક પર પરિવારના સભ્યોની અસર જાણવી.
૫. બાળક ઘરમાં દરેક સભ્યો સાથે કેવું વર્તન કરે છે તે અંગે જાણવું.
૬. શાળામાં બાળકની પ્રગતિ અને વર્તન વિશે માહિતી આપવી.
૭. ઘરમાં બાળકના વર્તનમાં જોવા મળતી સમસ્યાઓ જાણવી.
૮. બાળકના સર્વાંગી વિકાસ માટે જરૂરી સૂચનો આપવા.
૯. શાળાની અને ઘરની શૈક્ષણિક પ્રક્રિયાઓ વચ્ચે સુમેળ સાધવા બાળવિકાસના વિવિધ પાસાઓને અનુલક્ષીને સંવાદ કરવો.

**અભ્યાસની સૈદ્ધાંતિક આધારશીલા :**

શિક્ષક અને માતા-પિતા પ્રારંભિક તબક્કાના શિક્ષણ માટે સૌથી મહત્ત્વના બે સેતુઓ છે. તેમની વચ્ચે મહત્તમ સંવાદ થાય તે બાળકના ઉછેરને માટે પોષક છે. આ વાતને ધ્યાનમાં રાખી રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખુ-૨૦૨૨માં બાળકના ઉછેરમાં માતા-પિતા અને સમુદાયની ભૂમિકાને સ્પષ્ટ કરવામાં આવે છે.

જો શિક્ષકોએ પોતાના વર્ગના બાળકને બરાબર રીતે સમજવુ હોય તો બાળકના પરિવારની પરિસ્થિતિને સમજવી બહુ જ મહત્ત્વની છે. તેના થકી જ બાળક સાથેના તેમના વ્યવહારો સુનિશ્ચિત થઈ શકે.

માતા-પિતા અને પરિવારો સાથેના સંબંધો શાળા દ્વારા ધ્યાનપૂર્વક બાંધી શકાય અને ટકાવી પણ શકાય છે. પ્રારંભિક તબક્કાના બાળકને સમજવા માટે માતા-પિતા સાથેનું પ્રત્યાયન સતત ચાલુ રહેવું જોઈએ. આ પ્રત્યાયન માતા-પિતાને બાળકના શિક્ષણની પ્રક્રિયામાં સમાન ભાગીદાર ગણીને કરવું જોઈએ નહીં કે માત્ર સામાન્ય વાત અથવા જાણ ખાતર કરવામાં આવે તેવું.

માતા-પિતાને તેમના બાળકની પ્રગતિથી વાકેફ રાખવાની જરૂર છે. દરરોજ વર્ગમાં કરાવવામાં આવતી પ્રવૃત્તિઓ વિશે માતા-પિતાને જાણ કરવી તથા બાળકને ઘરે કેવા પ્રકારનુ વાતાવરણ આપવાનું છે તે વિશે નિયમિત રીતે ચર્ચા કરવી જોઈએ.

રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખું-૨૦૨૨માં શિક્ષક દ્વારા ઘરની મુલાકાત લેવાની વાત કરવામાં આવી છે. જેને ધ્યાને લઈને પ્રસ્તુત સંશોધનમાં ફેમિલી ટોક વિશે અભ્યાસ કરવામાં આવ્યો છે. ફેમિલી ટોક દ્વારા શાળાની કામગીરી વિશે માતા-પિતાના મંતવ્યો રજૂ કરવા માટે અવકાશ આપે છે. માતા-પિતા જ્યારે જરૂર પડે ત્યારે શિક્ષકો સાથે મીટીંગ પણ કરી શકે છે.

શાળા અને માતા-પિતાની સહિયારી સમજણ શરૂઆતના વર્ષોમાં બાળકના વિકાસનું મહત્ત્વ દર્શાવવા, વિકાસ અને અધ્યયનના વિવિધ ક્ષેત્રોને જાણવા, અનુકૂળ અને સલામત ઘરનું વાતાવરણ બનાવવા અને બાળકને તેમાં ઓતપ્રોત કરવા, આરોગ્ય અને પોષણનું મહત્વ સમજાવવા, બાળકોને પહોંચતી હાની અને બાળકો સાથેના દૂરવ્યવહારની અસરો જાણવા, બાળકના વિકાસમાં પરિવાર અને શિક્ષકોનું મહત્ત્વ સમજાવવા જેવી બાબતોમાં ફેમિલી ટોક ખૂબ જ ઉપયોગી બની રહ્યું છે.

માતા-પિતા અને પરિવાર સ્વતંત્ર રીતે શાળામાં

અનેક રીતે યોગદાન આપી શકે છે. શાળામાં કરવામાં આવતી વિવિધ ઉજવણીઓ તથા શાળાના મહત્ત્વના કાર્યક્રમોમાં ભાગ લેવા સંબંધિત બાબતોમાં માતા-પિતા ખૂબ સારો સહયોગ આપી શકે છે. શાળા દ્વારા આયોજિત થતી સ્થાનિક ફિલ્ડ ટ્રીપમાં પણ માતા-પિતાના અનુભવોનો લાભ લઈ શકાય છે.

શિક્ષકોને માટે જરૂરી સ્થાનિક બાબતોના આયોજનમાં માતા-પિતા સાથેનો સંવાદ તથા સંબંધ ખૂબ જ ઉપયોગી બને છે. પોતાના બાળકના માતા-પિતા ક્યા ક્ષેત્ર સાથે જોડાયેલા છે ? કેટલું ભણેલા છે ? ક્યાં નોકરી કરે છે ? વગેરે બાબતો અંગે જો શિક્ષક માહિતગાર હોય તો તેનો ઉપયોગ કરીને સમગ્ર વર્ગને વધુ સારા શૈક્ષણિક અનુભવો આપી શકાય છે.

વાલી પાસેના વધારાના સંસાધનો અધ્યયન સામગ્રી તરીકે પણ ઉપયોગમાં લઈ શકાય છે. વાલીઓનું જૂથ બનાવીને શાળાના વિવિધ કાર્યક્રમોનું આયોજન સંકલન અને સંચાલનમાં વાલીઓને સહભાગીદાર બનાવી શકાય છે.

વાલીઓની સહભાગીતાને વધારવા માટે ફેમિલી ટોક જેવા માધ્યમથી વાલીઓ સાથેનો સંપર્ક વધારી શકાય છે. બાળકના શિક્ષણના ધ્યેયોને સાર્થક કરવા માટે માતા-પિતાને સમજવા અતિ આવશ્યક છે. જે તક ફેમીલી ટોક દ્વારા પ્રાપ્ત થઈ શકે છે.

**કાર્યયોજના :**

ફેમીલી ટોક અંતર્ગત નીચે મુજબની કાર્યયોજના બનાવવામાં આવી હતી. ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી સંચાલિત વિદ્યાવાટિકાના પ્રત્યેક બાળકને દરરોજ કરાવવામાં આવતી પ્રવૃત્તિઓમાં તેમના વ્યક્તિગત ઈન્વોલ્વમેન્ટની નોંધ કરવામાં આવી. બાળકને કરાવવામાં આવતી પ્રવૃત્તિ સિવાય દીદી સાથેનું તેમનું વર્તન, અન્ય બાળકો સાથેનું વર્તન, કાર્યક્રમોમાં સામેલગીરી તથા અન્ય પ્રકારના વર્તનની નોંધ કરવામાં આવી.

અહી કરવામાં આવતી બાળકની નોંધને ઉપકરણ-૧ તરીકે ધ્યાનમાં લેવામાં આવ્યું હતું. પ્રત્યેક બાળકના વર્તનનું સતત નિરીક્ષણ કરીને તેના આધારે બાળકના વર્તનની સકારાત્મક અને સુધારવા લાયક બાબતોને જુદી તારવવામાં આવી હતી. વિદ્યાવાટિકામાં ૩ થી ૬ વર્ષના બાળકો અભ્યાસ કરે છે. આ પૈકી શિશુ-૩ના બાળકોના પરિવારની સૌ પ્રથમ મુલાકાત લેવાનું આયોજન હાથ ધરવામાં આવ્યું હતું. આ ઉપરાંત સમસ્યારૂપ બાળકોને અગ્રીમતા આપવામાં આવી હતી.

પ્રત્યેક બાળકના ઘર મુલાકાત માટેનું સમયપત્રક બનાવવામાં આવ્યું હતું. પરિવાર મુલાકાત દરમિયાન વાલીનો વિગતે પરિચય મેળવવામાં આવતો હતો. જેમાં માતાપિતાનો અભ્યાસ, તેમના પરિવારના સભ્યોની વિગતો, તેમના ભાઈ બહેન અને માતાપિતાની વિગતો, તેમની આર્થિક સ્થિતિ, માતાપિતાના સ્વભાવ, તેમનું સામાજિક જીવન, દામ્પત્ય જીવન, રજાના દિવસનું આયોજન, બાળક ઘરે આવીને શું કરે છે ? મમ્મી પપ્પા પૈકી કોણ તેને વધુ સમય આપે છે ? બાળક ઘરમાં કોની સૌથી નજીક છે ? બાળકની ઘરમાં શું માંગણી હોય છે ? વગેરે સંબંધિત પ્રશ્નો પૂછવામાં આવતા હતા. આ ઉપરાંત ઘરનું વાતાવરણ, સ્વચ્છતા તથા અન્ય બાબતોનું નિરીક્ષણ કરવામાં આવતું. ત્યારબાદ શાળામાં બાળકના વર્તન વિશે માતાપિતાને માહિતગાર કરવામાં આવતા. ઘર અને શાળાના બાળકના વર્તનની તુલના કરીને માતાપિતાને જરૂરી સૂચનો આપવામાં આવતા હતા.

ફેમીલી ટોકની મુલાકાત બાદ માતાપિતાને અપાયેલા સૂચનો સંદર્ભે ટેલીફોનીક અથવા રૂબરૂ અનુકાર્ય ચકાસવામાં આવતું હતું. જેમાં બાળકના વર્તન સંદર્ભે બહુ સકારાત્મક પરિણામો પ્રાપ્ત થયા હતા.

**અભ્યાસ દરમિયાન જોવા મળેલી બાબતો/ તારણો :**

પરિવાર પ્રશિક્ષણના અનોખા આયામ તરીકે ફેમીલી ટોક મુલાકાત દ્વારા બાળકના વર્તન વિશે નીચે મુજબની બાબતો જોવા મળી હતી.

જે માતાએ ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીના તપોવન ગર્ભસંસ્કાર કેન્દ્ર અને શિશુ પરામર્શન કેન્દ્રનો લાભ લીધો હતો તેની અસર માતાપિતાના વર્તનમાં, ઘરના વાતાવરણમાં તથા બાળક પર સ્પષ્ટ જોવા મળતી હતી. ખાસ કરીને આવા બાળકો ઉત્સાહી, કલા અને સંગીત પ્રત્યે રૂચી ધરાવતા તથા સારું સ્વાસ્થ્ય ધરાવતા હતા. ૨૯ પૈકી મુલાકાત લીધેલા ૫ પરીવારોની માતાએ તપોવન કેન્દ્રનો લાભ લીધેલો હતો.

જે ઘરમાં સામાનની ગોઠવણી અસ્તવ્યસ્ત હતી, પ્રમાણમાં સ્વચ્છતાનો અભાવ હતો, ઘરનું વાતાવરણ શુષ્ક હતું તે પરિવારના બાળકો સ્વભાવે ઠંડા, થોડા આળસુ અને અંતર્મુખી પ્રકૃતિના જોવા મળ્યા હતા.

મુલાકાત લીધેલા પરિવારો પૈકી ૫ જેટલા ઘરમાં બાળકોએ દીવાલ પર લીટા કરેલા અને ચિત્રો દોરેલા હતા. જેનું એક કારણ તેમને ઘરની બહાર ઓછા લઇ જવામાં આવે છે. તેમની સાથે રમવાવાળું સમ વયસ્ક બાળક કોઈ નથી. નોકરી, વ્યવસાયને લીધે માતાપિતા બાળકને ઓછો સમય આપી શકે છે. એવું જાણવા મળ્યું હતું.

ફેમીલી ટોકમાં લેવાયેલા પરિવારો પૈકી પાંચ પરિવારો સ્વાધ્યાય પરિવાર અને અન્ય કેટલાક પરિવારો સ્વામીનારાયણ સંપ્રદાય, હવેલી સંપ્રદાય સાથે જોડાયેલા હતા. આ પરિવારના બાળકો માતાપિતા, વડીલો અને શિક્ષકો પ્રત્યે વિશેષ આદર ધરાવતા હતા. આ બાળકો પ્રમાણમાં ઈશ્વરમાં વધુ શ્રદ્ધા ધરાવતા હતા.ઘરના આધ્યાત્મિક માહોલની બાળકો પર સકારાત્મક અસરો જોવા મળી હતી.

મોટાભાગના પરિવારોના બાળકોમાં મોબાઈલ પર રીલ્સ અને વિડીયો જોવાની ટેવ અને ક્યારેક જિદ્દ હોવાનું જાણવા મળ્યું હતું. કેટલાક કિસ્સામાં જો બાળકને મોબાઇલ આપવામાં ન આવે તો બાળક ખુબ જ જીદ કરે છે અને આક્રમક પણ બને છે. આ બાબતે તપાસ કરતા આ પ્રમાણેના કેટલાક કારણો જાણવા મળ્યા હતા. આ બાળકોનો જન્મ કોરોના સમયમાં થયો હતો. ઘરમાં માતાપિતા કે અન્ય સભ્યો મોબાઈલનો વધારે ઉપયોગ કરતા હતા. માતાપિતા સમયના અભાવે કે અન્ય પ્રવૃત્તિના અભાવે બાળકને મોબાઇલ આપીને છૂટી જતા હતા. આ સમસ્યા ઉકેલ માટે માતાપિતાને વાર્તા, ગીત અને રમકડાં દ્વારા બાળક સાથે વધુમાં વધુ સમય વિતાવવાનું સૂચન કરવામાં આવ્યું હતું.

જે બાળકોને માતાપિતા પુરતો સમય આપી શકે છે. તે બાળકોના વર્તનની સમસ્યા ઓછી જોવા મળી હતી. જયારે નોકરી કે વ્યવસાયમાં વ્યસ્ત રહેતા માતાપિતાના બાળકો વધુ ચંચળ, અન્ય બાળકો સાથે તોફાન કરતા, વધુ મોબાઈલ કે ટી.વી. જોતા જોવા મળ્યા હતા.

જે પરિવારમાં માતાપિતા વચ્ચે અણબનાવ કે ઝગડો થતો હોય તે પરિવારનું બાળક માનસિક તંગદીલી અનુભવતું જોવા મળ્યું હતું. આ બાળકો વર્ગમાં તેના દીદીને આ બાબતે ખુલ્લીને વાત કરતા હતા. આ બાબતે માતાપિતા સાથે ચર્ચા કરતા તેમણે આ વાત સ્વીકારી હતી.

ફેમીલી ટોકના માધ્યમથી લીધેલી પરિવાર મુલાકાત દરમિયાન એક વાત ખાસ જોવા મળી કે, મોટા ભાગના માતા અથવા પિતા સરકારી નોકરી કરતા હતા. આ પૈકી મોટાભાગના વાલીઓ ખુબ ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરેલા હતા. તેઓ બધા જ પોતાના બાળકને માતૃભાષામાં આગળનો અભ્યાસ કરાવવા ઈચ્છતા હતા.

**શૈક્ષણિક ફલિતાર્થો :**

પ્રસ્તુત અભ્યાસના આધારે નીચે મુજબ શૈક્ષણિક ફલિતાર્થો તારવી શકાય છે. ૩ થી ૬ વર્ષના બાળકના વર્તન માટે મહત્તમ પરિવારનું વાતાવરણ જવાબદાર હોય છે. આ ઉંમરના બાળકોને સમજવા માટે પરિવાર પ્રશિક્ષણ ખુબ જ ઉપયોગી અને અનિવાર્ય બની રહે છે. માતાપિતાએ ગમે તેટલી વ્યસ્તતા છતાં બાળકને પુરતો સમય આપવો જોઈએ. શાળા અને પરિવાર વચ્ચે વધુમાં વધુ સંકલન, સંવાદ અને સુમેળ કેળવાય એ ખુબ જ જરૂરી છે. આ બંને વધુમાં વધુ બાળકના નિરીક્ષણની આપ લે કરે તો બાળકના વર્તનને ચોક્કસ દિશા આપી શકાય છે.

# ગૃહખંડોથી વર્ગખંડો સુધી
# કેન્દ્રમાં બાળક



- ડૉ. ઉષા એસ. શારડા
એસોસિયેટ પ્રોફેસર
એન. એચ. પટેલ કૉલેજ ઑફ એજ્યુ.,
આણંદ. મો. ૯૮૨૪૦૭૯૪૦૩

ભારતનું ભાવિ પ્રથમ ગૃહખંડોમાં ઘડાય છે અને પછી વર્ગખંડોમાં ઘડાય છે. બાળક માત્ર એક ગૃહખંડનો સભ્ય નથી, પરંતુ સમાજ અને રાષ્ટ્રની આવતીકાલ છે. બાળક માત્ર શૈક્ષણિક જ્ઞાનથી સંપૂર્ણ નથી બનતો; પરંતુ તેની અંદર સહાનુભૂતિ, સંવાદકૌશલ્ય, આત્મવિશ્વાસ, જવાબદારી, સહકાર અને સંવેદનશીલતા જેવાં ગુણોનું નિર્માણ પણ એટલું જ આવશ્યક છે. બાળકનો એકાંગી નહિ પણ સર્વાંગી વિકાસ કરવાનો છે. જેમ રથમાં બે પૈડા હોય છે, એક પૈડાથી રથ આગળ ન વધે. એજ રીતે બાળકના સર્વાંગી વિકાસરથમાં ઘર અને શાળારૂપી બે પૈડા હોવાં જોઈએ. જો આ બંને પૈડાં બરાબર હોય તો જ બાળકનો જીવનરથ રાષ્ટ્રના નિર્માણમાં આગળ વધે છે. બાળકના જીવનમાં ઘર અને શાળાનો સમન્વય થાય, બંને સંસ્થાઓ બાળકને કેન્દ્રમાં રાખીને સંવર્ધન માટે સંકલ્પબદ્ધ બને તો તેનો વિકાસ સંતુલિત અને મજબૂત બને છે. પરંતુ જ્યારે ઘર અને શાળા બંને પોત-પોતાની અપેક્ષાઓ અને દબાણો બાળક પર લાદે છે, ત્યારે શિક્ષણ આનંદમય પ્રક્રિયા ન રહી તણાવનું કારણ બની જાય છે. આપણે ત્યાં વાલી બાળકોની બાબતમાં શિક્ષકો જે સૂચના આપે એ સ્વીકારી લે છે એવું ન કરતાં વાલી શિક્ષક સાથે મળીને બાળકના જીવનના સહનિર્માતા બને તે જરૂરી છે.

**બાળકેન્દ્રી ઘર :**

માતા-પિતા તરીકેનું કામ બાળપણાની અગવડતાને સંપૂર્ણપણે દૂર કરવાનું નથી. તેના બદલે બાળકોને એક સુરક્ષિત આધાર પૂરો પાડવાનો છે. જ્યાંથી તેઓ બહાર નીકળી શકે, ઠોકર ખાઈ શકે, શીખી શકે અને પછી પાછાં પણ આવી શકે. જ્યારે બાળકને લાગે કે "મારાં માતા-પિતા મને સમજે છે," ત્યારે તેમાં આત્મવિશ્વાસ વિકસે છે. જો ઘરનું વાતાવરણ શાંત, સંવાદપૂર્ણ અને સકારાત્મક હોય, તો બાળક પણ એ જ ગુણોને અપનાવે છે. જો માતા-પિતા ધીરજથી વાત કરે તો બાળક પણ શાંત સ્વભાવનો બને છે. જો માતા-પિતા ઝઘડાખોર હોય તો બાળકમાં આક્રમકતા વધે છે.

**બાળકેન્દ્રી શાળા :**

બાળકો કુદરતી રીતે ઝેન શિક્ષકો હોય છે, દરેક ક્ષણમાં તેમનું વિશ્વ નવું હોય છે. વિદ્યાધનનું પ્રવર્તન થાય અને બાળકો વિદ્યા સંપાદન કરે તે માટે શાળા દ્વારા સવિશેષ પ્રયત્નો કરવાં જોઈએ.બાળકકેન્દ્રી શાળાનો અર્થ એ છે કે શાળાની તમામ પ્રક્રિયાઓમાં બાળકની જરૂરિયાતો, રસ, ક્ષમતા અને ભાવનાઓને પ્રાથમિકતા આપવામાં આવે. માનસશાસ્ત્રી જિન પિયાજે મુજબ, બાળક પોતાની ગતિએ શીખે છે. દરેક બાળકની સમજવાની અને અનુભવવાની રીત અલગ હોય છે. શિક્ષણ નીતિમાં પણ બાળક કેન્દ્રિત અભિગમને મહત્ત્વ આપવામાં આવ્યું છે. National Education Policy (૨૦૨૦) વિદ્યાર્થીના સર્વાંગી અને અનુભવ આધારિત શિક્ષણ પર ભાર મૂકે છે. શાળા બાળક માટે સામાજિક જીવનની પ્રયોગશાળા છે. અહીં તે વિવિધ પૃષ્ઠભૂમિનાં બાળકો સાથે રહે છે અને સમાજમાં જીવવાની કળા શીખે છે. શિક્ષકનો એક પ્રોત્સાહન શબ્દ બાળકના જીવનમાં મોટો ફેરફાર લાવી શકે છે. બાળકોને તેમની મર્યાદાઓ ઉપર ધ્યાન આપવાની જગ્યાએ પરિણામ ઉપર ધ્યાન કેન્દ્રિત કરવા શિક્ષકે પ્રોત્સાહિત કરવા જોઈએ. શાળામાં થતી સમૂહ પ્રવૃત્તિઓ જૂથકાર્ય, પ્રોજેક્ટ, રમતગમત, નાટક વગેરે દ્વારા બાળકમાં સહકાર અને નેતૃત્વ ગુણ વિકસે છે. પ્રાર્થના, વાર્તાઓ, નૈતિક પાઠો અને કાર્યક્રમો દ્વારા શાળા મૂલ્યોનું સંસ્કાર સિંચન કરે છે.

**ઘર અને શાળાની સંયુક્ત ભાગીદારી :**

ઘર અને શાળા બંનેએ સ્વીકારવું પડશે કે બાળકનો વિકાસ એકતરફી પ્રક્રિયા નથી, સંયુક્ત બાગીદારીની પ્રક્રિયા છે. આપણું લક્ષ્ય માત્ર બાળકને શિક્ષિત કરવાનું નહીં, સશકત કરવાનું છે, તે માટે ઘર અને શાળાએ નવા વિચારો, સંવાદ, બૌદ્ધિક ચર્ચાઓ અને સહયોગ માટે તત્પર રહેવું પડશે. શિક્ષકો અને વાલીઓએ સાથે મળીને રૂલ બુક બનાવવી તેમાં બાળકો માટે શું કરવું અને શું ન કરવું જોઈએ તે બાબતો નીચે પ્રમાણે વિચારી શકાય.

**બાળકના પ્રશ્નોને જાણીએ :**

બાળક જિજ્ઞાસુ હોય છે. તેને જાણવાની ઇંતેજારી હોય છે. તે પ્રશ્નો પૂછે તો નિખાલસપણે તેને જવાબ આપવા જોઈએ. જવાબ ન જાણતા હોઈએ તો અજ્ઞાન જાહેર કરીએ પણ સત્યને છુપાવવું નહીં. તેને મૂંઝવતા પ્રશ્નો જાણવા વાલી કે શિક્ષકે સામેથી તત્પરતા દાખવવી. તેને પણ પ્રશ્ન પૂછવા. કોઈ પણ સંજોગોમાં તેના પ્રશ્નને ટાળવો કે ઉડાઉ જવાબ આપવો નહીં. જવાબ માટે વિલંબ કે એક વાયદો પણ ન કરવો. વાયદો કરીએ તો પછી તેને નિભાવવો.

**બાળકની પસંદગીને સમજીએ :**

આપણને આપણી પસંદગીનું સ્થળ મળે, ભોજન મળે, મિત્રો મળે, ચીજવસ્તુ મળે તો કેવી મજા પડે છે? વ્યક્તિની પસંદગી તેના જીવનમાં અનહદ આનંદ આપે છે બાળકોને પણ તેમનું આગવું વ્યક્તિત્વ છે, જીવન છે, શોખ છે, રસ છે, સમજ છે તેને અવકાશ આપવો. તે ઘરના અને શાળાના કેન્દ્રમાં છે તે સતતપણે ધ્યાનમાં રાખવું. બંધારણ આપણને અધિકારો આપે છે, પરંતુ બીજા લોકોના અધિકારોને પણ સમજવાની અને સ્વીકારવાની જરૂર છે. ત્યારે જ સમાજમાં યોગ્ય સંતુલન સાધી શકાશે. બાળકો પાસે અભિવ્યક્તિનો અધિકાર છે, પરંતુ તેનો ઉપયોગ એવી રીતે ન કરી શકાય કે જેનાથી બીજા બાળકોની અભિવ્યક્તિના અધિકાર પ્રત્યે નફરત પેદા થાય.

**બાળકને આત્મનિર્ભર થવા દઈએ :**

બાળક પોતાનાં કામ તે જાતે કરે તે જુઓ, તેને જાતે શીખવા દો, જાતે જ કામ કરવા દો. અવલોકન કરવા દો, તે જાતે જ કામો કરે તો તે મોટો અનુભવ લે છે અનુભવ તો મોટો શિક્ષક છે. જાતે કામ કરવાથી નાનપણમાંથી તેનામાં આત્મનિર્ભરતાનો ગુણ વિકસી શકે, પરાધીનતા તો વિકાસની આડે આવતું તત્ત્વ છે તેનામાં શ્રદ્ધા અને વિશ્વાસ જન્મે તો તે વીર બની શકવાનો, મહાન માણસ બની શકવાનો. આત્મનિર્ભર બનવા માટે તેને 'ના' શબ્દ સાંભળવામાંથી બાકાત રાખો. તારાથી આ ન થાય, તે નહીં થઈ શકે તેમ નહીં કહેવું તેમ કહેવાથી તો તેનામાં શક્તિ નથી એમ આપણે સાબિત કરીએ છીએ.

**સહયોગી કાર્યક્રમો :**

બાળકોની મિત્રમંડળી વિશે સંપૂર્ણ જાણકારી હોવી જોઈએ. જો આપણે તેમનું ભવિષ્ય ઘડવું હોય તો વાલી અને શિક્ષકો પાસે તેના મિત્રોના વર્તમાન અને ભૂતકાળ વિશે સંપૂર્ણ જાણકારી હોવી જોઈએ.જાહેર સ્થળોએ સ્વચ્છતા પ્રત્યેના આપણા વલણમાં ફેરફાર કર્યા વગર આપણે સ્વચ્છ રાષ્ટ્ર બની શકતા નથી. જો આપણે કચરાના પહાડોને સમતલ કરવા માંગીએ છીએ તો આપણે બાળકોને ઘર અને શાળામાંથી જ આ પાઠ શીખવવા પડશે. જો ઘર અને શાળાનાં મૂલ્યોમાં સમાનતા હોય, તો બાળકમાં ગૂંચવણ ઓછી રહે છે. માતા-પિતાની વર્કશોપ,પરિવાર દિવસ,સામાજિક સેવા કાર્યક્રમ વગેરે દ્વારા ઘર અને શાળા વચ્ચે મજબૂત સંબંધ બને છે. સત્ય બોલે અને ધર્મના માર્ગે ચાલે સૂત્ર બાળકો જીવનમાં ઉતારે, ભારતના ભાવીમાં રહેલ મૂલ્યો,સંસ્કાર અને પ્રતિભારૂપી સુષુપ્ત શક્તિઓ ખીલવવા ભારતીય સાંસ્કૃતિક વારસાની થીમ પર વાલી અને શિક્ષક મળીને વાર્ષિક ઉત્સવનું આયોજન કરી શકે.

**બાળકોને જવાબદારી સોંપીએ :**

બધાં જ કામ મોટેરાં કરે એ ખ્યાલ છોડીને બાળકો કરી શકે તેવાં બધાં જ કામ કરવાનું આયોજન વિચારવું. તેમની કક્ષા મુજબ તેમને પણ જવાબદારી સોપવી. ઘરમાં નાની-નાની જવાબદારીઓ આપવાથી બાળકમાં આત્મવિશ્વાસ અને જવાબદારીની ભાવના વિકસે છે. દાખલા તરીકે પોતાની બૅગ ગોઠવવી, ટેબલ સેટ કરવું, વડીલોની મદદ કરવી, બિલ ભરવાં, દૂધ લેવા જવું, કપડાં ઈસ્ત્રી માટે આપવાં, વાહન સફાઈ કરવી, પથારી કરવી વગેરે.

શાળામાં વિદ્યાર્થીઓને કોઈ પ્રસંગે મહેમાનોનું સ્વાગત કરવા મહેમાનોને આવકારવા, એન્કરિંગ કરવા, મહેમાનો પાસેથી તેમનો બાયોડેટા લેવા, કાગળ કે ફૂલોથી પુષ્પગુચ્છ બનાવવા, જેવાં કાર્યો તેમની પાસે કરાવવાં. તેમ કરાવવાથી તે દરેક કામ પ્રત્યે જાગૃત, ગંભીર અને પ્રામાણિક બનશે, તેને સ્વયં જવાબદારીનું ભાન થશે અને જવાબદારી વહન કરવાનાં કૌશલ્યો કેળવશે.

**બાળકોને કોઈ કામમાં નિષ્ફળ જવાની છૂટ આપવી :**

સૌ કામોમાંથી બે પાંચ કામોમાં આપણને નિષ્ફળતા મળે તો પણ આપણે તેનો દોષ બીજાને આપતા નથી.બાળકોને જીવન જીવવાની તાલીમ આપવાની છે. અનુભવો આપવાના છે, એમ કરતાં તેમને કોઈ કામમાં નિષ્ફળતા મળે તો લડવું નહીં, ઝઘડવું નહીં, ઠપકો આપવો નહીં. તે કામમાંથી તેને ખેંચી લેવો નહીં. કામનું સ્થળ પણ બદલવું નહીં તેમને નિષ્ફળ થવા દો. ફરી ભૂલ સુધારી લેશે. હારવું મહત્ત્વપૂર્ણ નથી, પરંતુ તેમાંથી શીખવું મહત્ત્વપૂર્ણ છે. બાળકને પ્રોત્સાહન આપવું સાથે સમય આપવો. બાળકની અન્ય બાળક સાથે તુલના ન કરવી.

**ઘર/શાળામાં એકસૂત્રતા રાખીએ :**

કેટલીક બાબતોમાં આંતરિક મતભેદો હોય છતાં પણ બાળકોને લાગુ પડતી હોય તે તમામ બાબતોમાં ઘરમાં વડીલો અને શાળામાં શિક્ષકો અને આચાર્ય એકસૂત્રતા રાખે. જો મતમતાંતર હશે, અભિગમમાં વૈવિધ્ય હશે, કેટલીક બાબતોમાં બાંધછોડ કરવામાં આવે તો બાળકો પણ એ જ વલણ અપનાવશે અને કોઈ ચોક્કસ જીવનશૈલી, વર્તન તરાહ કે જીવન પદ્ધતિ આકાર નહીં લે.

**તેમની વય મુજબ શૈક્ષણિક સાહિત્ય વસાવીએ :**

બાળક શાળામાંથી જેટલું શીખે છે તેથી વધુ પ્રચાર-પ્રસાર માધ્યમો દ્વારા ઝડપથી અને રસથી શીખે છે. આ બધામાં વિકાસ માટે સૌથી મહત્ત્વનું સાધન વાચન સામગ્રી છે. સાહિત્ય માત્ર મનોરંજન કે હળવાશ પૂરતું સીમિત નથી, તે બાળકને નવો દૃષ્ટિકોણ આપે છે, સાથે જ પડકારો આપે છે અને વિચારવા માટે મજબૂર કરે છે. નાનપણથીજ ઘરમાંથી વાચન અભિમુખતા વિકસાવવા ઘર પુસ્તકાલય અને શાળા પુસ્તકાલય સ્થાપવું. બાળકનો રસ અને વાચન તત્પરતાનો લાભ ઉઠાવીને તેણે શું વાંચવું, કેટલું વાંચવું, કઈ રીતે વાચવું તે અંગે વાલી અને શિક્ષક દ્વારા માર્ગદર્શન આપવું. શું ન વંચાય તે કહેવા કરતાં શું વંચાય તે કહેવું.

**રમતના મેદાન અને ગૃહખંડ/વર્ગખંડ વચ્ચે સેતુ :**

આજના સ્પર્ધાત્મક યુગમાં ઘણીવાર ઘર અને શાળા બંને તરફથી બાળક પર વધુ અપેક્ષાઓ લાદવામાં આવે છે. તેમની પાસે ઊંચા ગુણોની અપેક્ષા, સ્પર્ધાત્મક પરીક્ષામાં સારો દેખાવ, સમાજમાં પ્રતિષ્ઠાની ચિંતા વગેરે. વિશ્વ આરોગ્ય સંસ્થા (W.H.O.) મુજબ વિદ્યાર્થીઓમાં વધતા તણાવનું એક મુખ્ય કારણ અતિશય શૈક્ષણિક દબાણ છે. દબાણના પરિણામે બાળકોમાં માનસિક તણાવ, આત્મવિશ્વાસમાં ઘટાડો, ભય, ચિંતા, ડિપ્રેશન આવે છે. રમતના મેદાન અને ગૃહખંડ/વર્ગખંડ વચ્ચે સેતુ બાંધવાથી બાળક તણાવમાંથી મુક્ત થશે અને તેની ફિટનેસમાં પણ સુધારો આવશે.

**એ. આઇ. સાક્ષરતા માટે પ્રયાસ :**

ઇન્ટરનેટે આપણી યાદશક્તિ છીનવી લીધી છે, એઆઇ બાળકોની કલ્પનાશક્તિ છીનવી ન લે તે માટે ઘર અને શાળાએ સહિયારા પ્રયત્નો કરવા પડશે. વિદ્યાર્થીઓની મૌલિક વિચારસરણી મજબૂત કરવા જ્યારે બાળકો એકબીજા સાથે મૌલિક વિચારસરણીનો ઉપયોગ કરી રહ્યાં હોય ત્યારે તેમાં એઆઇ દખલગીરી ન કરે તે ધ્યાનમાં લેવું. શિક્ષકો અને વાલીઓએ બાળકોને ચેટબોટ્સનો યોગ્ય ઉપયોગ કરવાનું શિખવાડવું પડશે, જેથી કમાન્ડ બાળકોના હાથમાં રહે.

પ્રવર્તમાન સમયમાં બાળમાનસ ઓળખવાની તાતી જરૂર છે. બાળકની મનની ધરતીમાં વિચારબીજનું વાવતેર કરવાનું છે, તે માટે ઘર અને શાળાએ બાળશિક્ષણ માટે સહિયારી જવાબદારી ઉપાડી લેવી જરૂરી છે, સહિયારું દબાણ નહીં એવી ભાવના રાખવી પડશે.

# સામાજિક અને ભાવનાત્મક વિકાસમાં ઘર અને શાળાની ભાગીદારી



- હસમુખ બોરાણિયા
વ્હાઈટ પેલિકન, દહેગામ સર્કલ પાસે,
સરદાર પટેલ રિંગ રોડ, અમદાવાદ
મો. ૯૯૭૯૨૩૭૨૫૯

**બાળક** : ઘરમાં બાળકનું અવતરણ થાય છે. ચારે બાજુ આનંદ છવાઈ જાય છે. બાળકનાં ઉછેરમાં, યોગ્ય વિકાસમાં સૌ કોઈ કાળજી લે છે. ઉત્તર રામચરિત માનસમાં એ મતલબનું કહેવાયું છે કે બાળક એ દંપતીના સ્નેહનું આશ્રયસ્થાન છે. બાળકનો મહિમા હર યુગમાં ગવાયો છે.

આ બાળક ઘરના વાતાવરણમાં મોટું થઈને, શાળા પ્રવેશ મેળવે છે. પરિવારમાં થતો વિકાસ, માતાપિતાનો વ્યવહાર, પરિવારનો પ્રેમ, સહયોગ અને ઘરમાં રચાતું ભાવનાત્મક વાતાવરણ બાળકના વિકાસમાં અગત્યનો ભાગ ભજવે છે. ઘરમાં ખુશી, સંતોષ, મહેનત, નિષ્ઠા, એકબીજાને મદદ, આવકાર, સ્વીકાર, માતાપિતા વચ્ચે સંવાદિતા, નીતિ, કરુણા, નમ્રતા, સંપ, શિસ્ત, સંયમ, આનંદ, ઉત્સાહ, નિખાલસતા ભાગ ભજવે છે. સંવર્ધક વાતાવરણ રચે છે.

ઘરમાં વિસંવાદ ચાલતો હોય તો બાળકના મન પર, ચિત્તમાં અવળી અસર પડે છે. બાળક અસલામતી અનુભવે છે. માટે ઘરનું વાતાવરણ પ્રસન્ન રહેવું જોઈએ.

ઘરમાં બાળકનો ઉછેર સારી રીતે, સાચી રીતે થવો જોઈએ. ગિજુભાઈનું વિધાન છે : 'પ્રસન્ન બાળકો વડે ઘર પ્રસન્ન છે, અને પ્રસન્ન ઘર વડે બાળકો પ્રસન્ન છે.'

માતાપિતાએ બાળકને વિકસવા દેવાનું છે. એક વિચારકનો મત છે : 'બાળકોને સાચી કેળવણી આપવાનું પહેલું પગલું માબાપોની સાચી કેળવણી દ્વારા જ ભરાવું ઘટે.'

બાળકને ઘરમાં પોષણ સાથે, સુરક્ષા, પ્રોત્સાહન, પ્રેમ, સ્વીકાર, ઉત્સાહ, આદર આપવાં જોઈએ.

કવિવર રવીન્દ્રનાથ ટાગોરનું આ વિધાન યાદ કરીએ : 'બાળકને શાબાશી, પ્રસંશા અને પ્રોત્સાહનની જરૂર છે; એનાંથી એનું જીવન પાંગરે છે.'

બાળકના વિકાસમાં શારીરિક વિકાસ, સામાજિક વિકાસ, માનસિક તથા ભાવનાત્મક વિકાસ મહત્ત્વના છે. ઘરમાં બાળક ઘડાય છે. ઘરમાં સારી - ખરાબ ટેવો કાયમી બને છે. ભાવનાત્મક વિકાસ માટે ઘરનું વાતાવરણ અગત્યનું છે. વડીલોનો એકબીજા પ્રત્યેનો વ્યવહાર બાળકની માનસિક સ્થિતિ ઘડે છે. ઘરમાં મૂલ્યોનો વિકાસ થાય છે.

માતાપિતાએ બાળકની બુદ્ધિશક્તિ સમજવાની જરૂર છે, બાળકની જિજ્ઞાસા સમજવાની જરૂર છે. તેના રસનો વિચાર કરવાની જરૂર છે. તેને વિશેષ કયા પ્રકારની પ્રવૃત્તિ ગમે છે તે જોવાની અને તે માટેની અનુકૂળતા કરી આપવાની જરૂર છે. ખોટા આદર્શો તેને મહાન બનાવી શકશે નહીં.

બાળકોને સમય આપો. કોઈ કહેશે, 'બાળકોને સમય? અમે તો રૂપિયા રળવામાં પડ્યા છીએ. બાળકોને સારી સ્કૂલ, યુનિફોર્મ, ઉત્તમ ગણાતાં પુસ્તકો, મોંઘી પેન બધું જ આપીએ છીએ. ફક્ત સમય આપી શકતા નથી. તેનાથી શું બગડી જવાનું છે?'

જવાબ છે : માત્ર ભૌતિક સુખની સગવડ આપી દેવાથી કશું ન વળે, બાળકને તમારાં પ્રેમ, હૂંફ, સહકાર, સહવાસની જરૂર પડે છે. સમય નહીં આપો તો એનાં કડવાં ફળ ચાખવાં પડશે. સામાજિક, ભાવનાત્મક વિકાસ માટે એક ઘડી, આધી ઘડી, આધી મેં પુનિ આધ ફાળવો. તમારો અને બાળકોનો બેડો પાર થઈ જશે.

આમ, ઘરમાં યોગ્ય ઉછેર, સર્વાંગી વિકાસ થાય તો બાળક ઘડાય છે.

બાળક ઘર છોડીને શેરી, સમાજના સંપર્કમાં આવે છે. ત્યારબાદ યોગ્ય ઉંમરે બાળકનો શાળા પ્રવેશ થાય છે.

ત્યાંનું વાતાવરણ પણ બાળકના જીવનમાં અગત્યનું બને છે. શાળામાં સમરસતાના પાઠ શીખે છે. નિયમિતતા, સ્વચ્છતા, સહકાર, સદ્ભાવ, સમભાવ, સહાનુભૂતિ, શિસ્ત, સંયમ, નિર્ભયતા, નિખાલસતા જેવા ગુણ મેળવે છે.

ઘર પછી શાળામાં પણ મૂલ્યો વિકસે છે. પૂ. વિનોબાજી એક જગાએ નોંધે છેઃ 'શિક્ષણમાં સહયોગ જરૂરી છે. સહયોગની અંદર સમાજશાસ્ત્ર, માનસશાસ્ત્ર બધું જ આવી જશે.'

આપણી પ્રાર્થના છે ને કે, ''સાથે રમીએ, સાથે જમીએ, સાથે કરીએ સારાં કામ.''

આવી પ્રાર્થના, કવિતા, પાઠ દ્વારા સમૂહ ભાવના, સમૂહજીવન, સહકાર એ ગુણોનો વિકાસ થાય છે.

કવિ ઉમાશંકર જોશીએ લખ્યું છેઃ

'વિશાળે જગ વિસ્તારે નથી એક જ માનવી,
પશુ છે, પંખી છે, પુષ્પો, વનોની છે વનસ્પતિ.'

સર્વનો સ્વીકાર, અન્યનો સ્વીકાર કરવો એ કેટલી મોટી વાત! અન્ય જીવો અને પર્યાવરણનું અનોખું જોડાણ બતાવે છે. સમન્વય, સ્વીકાર, એકબીજાંની અગત્ય દર્શાવે છે.

કવિવર રવીન્દ્રનાથ ટાગોરનું આ વાક્ય યાદ રાખીએ : 'સર્વોચ્ચ શિક્ષણ ફક્ત માહિતી જ આપતું નથી. પણ તમામ જીવો સાથે સંવાદિતા સાથે પ્રેમપૂર્વક જીવવાનું શીખવે છે.'

બંને સંસ્થાઓ : ઘર અને શાળા દ્વારા બધાં જીવન કૌશલ્યો વિકસવા જોઈએ. શિક્ષણનો ઉદ્દેશ માનવજાતની પ્રગતિ છે.

અંતમાં શિક્ષણવિદ શ્રી પ્ર. ત્રિવેદીની આ વાત આપણને ધ્યાને લેવી જોઈએઃ 'જીવનકૌશલ્યો દ્વારા બાળકો સભાનતાપૂર્વકના વ્યવહારમાં રોજબરોજની શિક્ષણ અને શિક્ષણેતર પ્રવૃત્તિઓ દ્વારા જીવન જીવવાની કળા હસ્તગત કરે છે. સ્વ - જાગૃતિ, સમાનુભૂતિ, સમસ્યા ઉકેલ, નિર્ણયશક્તિ, અરસકારક પ્રત્યાયન, આંતર માનવીય વ્યવહાર, સર્જનાત્મક, વિવેચનાત્મક ચિંતન, સંવેગાનુકૂલન, તનાવ અનુકૂલન વગેરે...'

આ રીતે સામાજિક અને ભાવનાત્મક વિકાસમાં ઘર અને શાળાની ભાગીદારી જોઈ શકાય છે.

યાદ રહે, મૂલ્યો અને સામાજિક વિકાસ, ભાવનાત્મક વિકાસનો પ્રથમ વારસો ઘરમાંથી મળે છે. ત્યારબાદ શાળાજીવન એ વારસાને મજબૂત બનાવે છે.

## કેળવણી

પ્રત્યેક વ્યક્તિ અને વસ્તુની ઊજળી બાજુ જુઓ. કોઈનાય કાજી ન થાઓ. કશાય ઉપર ઝટ અભિપ્રાય ન આપો. વાદવિવાદ ના કરો. પોતાનો આગ્રહ ન રાખો. બીજાઓમાં શુભ હેતુઓનું આરોપણ કરો. માનસિક અને સાર્વત્રિક ઉદારતા જીવનમાં પ્રગટાવો. ખૂબ પ્રેમભાવ કેળવો. પ્રકૃતિનું રૂપાંતર કરવાનું છે તે લક્ષમાં રાખીને પ્રકૃતિવશ ન થતાં કર્મોની ઉપરવટ વર્તો. ફળની આસક્તિ છોડો. પોતાને થતા અન્યાયો, આવી પડતાં દુઃખો આદિનું મૂળ પોતાનામાં જ છે એમ દૃઢાવો. ગુરુમાં પ્રેમ — ભક્તિભાવ દૃઢતર કર્યા કરો. તટસ્થ, સમતા અને સમર્પણનો ત્રિવેણી સંગમ ઉદ્ભવાવો. સદાય પ્રસન્નતા પ્રવર્તાવો. કૃપા અને પુરુષાર્થના યુગલને જીવનમાં ઉતારો. પ્રત્યેક કર્મમાં આદિ, મધ્ય અને અંતમાં પ્રભુની સ્મૃતિ પ્રગટાવો. મન નિઃસ્પંદ કરો. રાગ દ્વેષ નિર્મૂળ કરવાની જાગૃતિ રાખો. થયેલા આધ્યાત્મિક અનુભવો પ્રત્યક્ષ રોજિંદા જીવનના વ્યવહારમાં જીવતા કરો. કયાંય કશાયમાંથી ભાગવાનું ન હોય. યદચ્છા જે આવી મળે, તે પ્રભુ પ્રસાદી ગણીને તેને વધાવી લો. કયાંય કોઈની સરખામણી ના કરો. અનુકૂળ — પ્રતિકૂળ પરિસ્થિતિ એ મનની ભ્રમણા છે, જીવન સાધના સારુ સર્વ કાંઈ સાનુકૂળ જ હોય છે. પ્રભુમય - તેના મૂક યંત્ર થવાની જ બસ એક કામના હવે જીવનમાં રાખો.

**- 'અમીઝરણાં'માંથી સાભાર**

# પરિવાર : પ્રથમ પાઠશાળા



- ડૉ. મીનલબા જાડેજા
આસિ. પ્રોફેસર
ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી, ગાંધીનગર.
મો. ૭૬૦૦૦૪૩૪૦૦

ભારતમાં ગુરુકુળ પરંપરાથી શિક્ષણ આપવામાં આવતું હતું, જેમાં બાળક ગુરુના પરિવારનો એક હિસ્સો બનીને શિક્ષણ મેળવતું હતું. અંગ્રેજોના આગમનથી ગુરુકુળોના નિભાવની વ્યવસ્થા પૂર્ણ થઈ. તેમની જમીનો અંગ્રેજ સરકારે કરયુક્ત કરી અને મેકોલેની શિક્ષણનીતિએ આ વ્યવસ્થાનો સંપૂર્ણ નાશ કર્યો (બસી, ૨૦૨૪). ત્યારબાદ ગુરુકુળમાં થતા મોટાભાગના શિક્ષણની જવાબદારી પરિવારના માથે આવી. દાયકા પહેલાં બાળ વિકાસમાં પરિવારની જવાબદારી માત્ર વાર્તા કહેવા સુધી જ સીમિત હતી પરંતુ કાળક્રમે આ જવાબદારી સંકોચાઈને શાળા પસંદ કરવી, ફી ભરવી અને બાળકને સમયસર શાળાએ મોકલવા સુધી સીમિત રહી ગઈ છે. બાળ વિકાસમાં પરિવારની જવાબદારીમાં અનેક બાબતોનો સમાવેશ થાય છે. બ્રોનફેનબ્રેનરે (૧૯૭૯) બાળકની આસપાસના વાતાવરણને સમજાવવા માટેનું મૉડલ આપ્યું છે, જેમાં પરિવારને માઈક્રોસિસ્ટિમ કહી છે. આ માઈક્રોસીસ્ટમમાં અનેક બાબતોનો સમાવેશ થાય છે જે બાળકના વિકાસને સીધી જ અસર કરે છે. આ સિદ્ધાંત ઉપરાંત અનેક સંશોધનોના આધારે પરિવારના શૈક્ષણિક વાતાવરણની સંકલ્પના સમજાવવામાં આવી છે.

**પરિવારનું શૈક્ષણિક વાતાવરણ :**

પરિવારનું શૈક્ષણિક વાતાવરણ બહુઆયામી છે, જેમાં ભૌતિક, સામાજિક, જ્ઞાનાત્મક અને સાંવેગિક આયામોનો સમાવેશ થાય છે. સંશોધનોના આધારે પરિવારના શૈક્ષણિક વાતાવરણને સમજવાનો પ્રયાસ કરીએ તો તેમાં નીચેના જેવા ઘટકોનો સમાવેશ થાય છે.

**૧. ભૌતિક સુવિધાઓ :**

ભૌતિક સુવિધાઓમાં ૧. વાંચન-લેખન સામગ્રી ૨.ઈતર વાંચન-લેખન માટેની સામગ્રી ૩. શીખવા માટેનાં અન્ય સંસાધનો; જેમકે શૈક્ષણિક રમતો, પ્રયોગના સાધનો, ડિજિટલ લર્નિંગ માટે કમ્પ્યૂટર, ઈન્ટરનેટની સુવિધાઓ, શૈક્ષણિક સોફ્ટવેરની ઉપલબ્ધતા ૪. બાળકને ભણવા માટે યોગ્ય બેઠકની સુવિધા, શાંત ઓરડો, બાળકને ખલેલ ન પહોંચે તેવું વાતાવરણ, વગેરે જેવી બાબતોનો સમાવેશ થાય છે. આ ભૌતિક સંસાધનોની માત્રા અને ગુણવત્તા એ બાળકના શૈક્ષણિક વાતાવરણ પર પ્રભાવ પાડે છે. (લેરલ ૨૦૨૦; નિકલાસ, શ્નાઈડર, ૨૦૧૩)

**૨. પરિવારનાં સભ્યોની સહભાગિતા :**

માતાપિતા બાળકના શિક્ષણમાં કેટલો રસ લે છે કેટલો સમય આપે છે તે બાબત બાળકના શિક્ષણ માટે ખૂબ જ મહત્ત્વની છે. બાળકના શૈક્ષણિક વિકાસમાં પરિવારનાં સભ્યોની સહભાગિતાની માત્રા અને ગુણવત્તા, બંનેનો સમાવેશ થાય છે. તેમાં ૧. બાળકો સાથે વાંચન કરવું ૨. અન્ય શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં માર્ગદર્શન આપવું, ૩. શાલેય શિક્ષણ વિશે ચર્ચાઓ કરવી ૪. બાળક સાથે શૈક્ષણિક રમતો રમવી, ૫. બાળકોને શૈક્ષણિક પ્રવાસો પર લઈ જવાં ૬. શાળાના કાર્યક્રમોમાં હાજરી વગેરે બાબતોનો સમાવેશ થાય છે.

**૩. પરિવારનાં સભ્યોની અપેક્ષાઓ, માન્યતાઓ અને દૃષ્ટિકોણ :**

ભારતમાં પરિવારનાં સભ્યોની માન્યતા અને વલણો બાળકો અને એમાં પણ ખાસ છોકરીઓના શિક્ષણને પ્રભાવિત કરે છે. પરિવારના શૈક્ષણિક વાતાવરણને અસર કરતી મનોવૈજ્ઞાનિક બાબતોમાં પરિવારનાં સભ્યોની અપેક્ષાઓ, માન્યતાઓ, વલણો અને દૃષ્ટિકોણનો સમાવેશ થાય છે. બાળકને કેટલી અને કેવી શૈક્ષણિક મદદ પૂરી પાડવી છે તે બાબત માતાપિતાની

અપેક્ષાઓ પર આધારિત છે. યોગ્ય પ્રમાણમાં અપેક્ષા યોગ્ય વાતાવરણનું નિર્માણ કરે છે. પરિવારનાં સભ્યોની શિક્ષણ પ્રત્યેની માન્યતાઓ પણ  મહત્ત્વનો ભાગ ભજવે છે. તેમના માટે બાળકના શિક્ષણનું શું મહત્ત્વ છે, તેઓ શિક્ષણને કેવી રીતે જુએ છે તે બાબત પરિવારના વાતાવરણને ઘડશે. પરિવારના સભ્યોનો શિક્ષણ વિશેનો વિશ્વાસ, વલણ અને અપેક્ષાઓ બાળકોને આપવામાં આવતી શૈક્ષણિક તક અને અનુભવોને ઘડે છે (આતેસ, ૨૦૨૧; કોર, ૨૦૨૪). પરિવારનાં સભ્યોનો દૃષ્ટિકોણ પણ ખૂબ જ મહત્ત્વનો છે. બાળકના શિક્ષણને લગતી કઈ પ્રવૃત્તિ પરિવારનાં સભ્યોને યોગ્ય લાગે છે તે બાબત પણ પરિવારના વાતાવરણને ઘડવા માટે મહત્ત્વની છે. વધુ પડતા ટ્યૂશન્સમાં મોકલતા વાલીઓ અને શિક્ષણ સિવાયની દરેક પ્રવૃત્તિમાં ધકેલતા વાલીઓ તેનું ઉદાહરણ છે.

**૪. સામાજિક-ભાવનાત્મક વાતાવરણ :**

પરિવારની અંદરનું ભાવનાત્મક વાતાવરણ અને સ્થિરતા બાળકને શીખતો કરવામાં ખૂબ મોટું યોગદાન આપે છે. વાતાવરણના આ પાસામાં, પરિવારનાં સભ્યો અને બાળક વચ્ચેનો સ્નેહપૂર્ણ સંબંધ, મુક્ત વાતચીત, બાળકને અપાતી માનસિક હૂંફ, નિયમિત દિનચર્યા અને સકારાત્મક કે સ્વયં શિસ્તની પદ્ધતિઓનો સમાવેશ થાય છે. સુરક્ષિત અને પોષણક્ષમ વાતાવરણ બાળકના આત્મસન્માન અને અધ્યયન માટેની પ્રેરણાને વધારવામાં મદદરૂપ થાય છે (ડોમીટ્રોવિચ, ૨૦૧૭).

**૫. ભાષા અને જ્ઞાનાત્મક પ્રવૃત્તિઓ :**

પરિવારના શૈક્ષણિક વાતાવરણના આ પાસામાં ઘરમાં થતા સંવાદો,  ઘરમાં વપરાતું શબ્દભંડોળ, બાળકને કોઈ સમસ્યાના ઉકેલ બાબતે કરવા મળતી ચર્ચાઓ અને બાળકની જિજ્ઞાસાને પ્રોત્સાહન માટે થતી પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે. આ પાસામાં બાળકને વાર્તા કહેવી, તેની સાથે યોગ્ય રીતે વાતચીત કરવી, ઘરેલુ બાબતોમાં છુપાયેલ ગણિત, વિજ્ઞાન, ભાષા, અર્થગ્રહણ અને અન્ય પ્રવૃત્તિઓ વિશે બાળકને જણાવવું, બાળકની જિજ્ઞાસાનું સમાધાન કરવું અને તેને કુતૂહલ જાગે તે માટે પ્રોત્સાહિત કરવો વગેરેનો સમાવેશ થાય છે. આ બધું બાળકના ભાષા-વિકાસ અને બૌદ્ધિક વિકાસમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપે છે (સેનેશાલ, ૨૦૦૬; વ્હાઇટહર્સ્ટ, ૧૯૮૮).

**પરિવારના શૈક્ષણિક વાતાવરણનો પ્રભાવ :**

**૧. પરિવારનાં સભ્યોની સહભાગિતાનો પ્રભાવ :**

સંશોધનો દર્શાવે છે કે શિક્ષણમાં માતા-પિતાની સહભાગિતા અને બાળકોની શૈક્ષણિક સિદ્ધિ વચ્ચે સકારાત્મક સંબંધ છે, ખાસ કરીને પ્રાથમિક શાળા માટે આ સંબંધ વધુ મજબૂત જોવા મળ્યો છે. (આતેસ, (૨૦૨૧); કોર, (૨૦૨૪), ફાઈનસ્ટાઈન (૧૯૯૯), મેકનીલ (૨૦૧૪),) આ સંબંધથી બાળકની શાળામાં હાજરીમાં વધારો થાય છે અને તેમનો સામાજિક-ભાવનાત્મક વિકાસ વધુ સારો થાય છે. એથી ઊલટું, સંશોધક લી (૨૦૨૫) મુજબ, પરિવાર દ્વારા કરવામાં આવતી શિક્ષણ સંબંધિત પ્રવૃત્તિઓ ક્યારેક તેની વાંચન ક્ષમતા પર નકારાત્મક અસર પાડે છે. સામાન્ય રીતે માતા-પિતાનું અતિશય નિયંત્રણ હોય અથવા તેઓ બાળકને વધુ પડતો ઠપકો આપતાં હોય છે, ત્યાં બાળકની આંતરિક પ્રેરણા ઘટે છે અને આવું નકારાત્મક પરિણામ મળે છે. સંશોધનમાં એમ પણ જાણવા મળ્યું છે કે જે પરિવારમાં બાળકોને “શા માટે?” જેવા પ્રશ્નો પૂછવા મળે છે અને તેનો જવાબ પણ મળે છે તે બાળકો વિજ્ઞાન વિષયમાં વધુ આગળ વધે છે.

**૨. ભૌતિક સુવિધાનો પ્રભાવ :**

ઘરમાં ઉપલબ્ધ શૈક્ષણિક સંસાધનો અને તેમના ઉપયોગ અંગેનાં અનેક સંશોધનો દર્શાવે છે કે વયાનુરૂપ પુસ્તકો, શૈક્ષણિક રમતો અને શીખવાની સામગ્રીની ઉપલબ્ધતા બાળકોની સિદ્ધિ અને ગાણિતિક કૌશલ્ય પર હકારાત્મક પ્રભાવ પાડે છે. (નિકલાસ અને શ્નાઈડર, ૨૦૧૩; સેનેશાલ અને યંગ, ૨૦૦૮). બાર્ડલેય (૨૦૦૨) તેમજ કાર્નેઈરો (૨૦૧૦) ના ‘ફેમિલી ઈન્વેસ્ટમેન્ટ મૉડલ’માં દર્શાવ્યું છે કે શૈક્ષણિક સામગ્રીની ઉપલબ્ધતા, પ્રોત્સાહન અને માતા-પિતાની સહભાગિતા બાળકના જ્ઞાનાત્મક વિકાસમાં મહત્ત્વનો ભાગ ભજવે છે.

ઘરમાં બાળકોનાં પુસ્તકોની સંખ્યા અને મર્યાદિત સ્ક્રીન ટાઈમ, બાળકનાં ભાષા વિકાસ અને સિદ્ધિમાં સકારાત્મક અસર કરે છે. (મિરટિલ., ૨૦૧૯; સ્કાયાબિન, ૨૦૧૫). ટૅક્નોલૉજીના વધતા પ્રભાવને કારણે એવું પણ જોવા મળ્યું છે કે જેમના ઘરમાં કમ્પ્યૂટર અને ઇન્ટરનેટ ઉપલબ્ધ હોય તેમના બાળકની શૈક્ષણિક સિદ્ધિ વધુ સારી હતી. (ફર્નાન્ડેઝ-ગુટિએરેઝ-., ૨૦૨૦). વળી તેનાથી ઊલટું વધુ પડતો સ્ક્રીન ટાઈમ બાળક પર નકારાત્મક અસર કરે છે. (બોનિફાચી (૨૦૨૪))

**૩. પરિવારનાં સભ્યોની માનસિક સ્થિતિનો પ્રભાવ :**

માતાપિતાની માનસિક સ્થિતિનો પ્રભાવ એક સંશોધન પરથી જોઈ શકાય છે. જેમ્લીક, ૨૦૨૫ના સંશોધનમાં જાણવા મળ્યું કે જે માતાપિતાનો ગણિત પ્રત્યેનો ભય વધારે હોય તેઓ ગણિત સંબંધિત પ્રવૃત્તિઓને બાળકના વિકાસ માટે યોગ્ય માને છે, પરંતુ બાળકને માર્ગદર્શન આપવા માટે માતાપિતાને આત્મવિશ્વાસ હોતો નથી તેથી તેઓ ગણિત સંબંધિત ચર્ચા ટાળે છે. (જેમલિક, ૨૦૨૫, બોસિરેએટ, ૨૦૨૫; કોસ્સો, ૨૦૨૩.). માતાપિતાની આ પ્રકારની ચિંતાની નકારાત્મક અસર સામાન્ય રીતે બાળકોની પોતાની ગણિત વિષય અંગેની માન્યતાઓ અને તેમના ગણિત વિષય પ્રત્યેના ઉત્સાહ પર થાય છે. (જેમલિક, ૨૦૨૫).

**૪. સર્વાંગી વિકાસ પર પ્રભાવ :**

સકારાત્મક ઘરના વાતાવરણથી બાળકનાં સામાજિક-ભાવનાત્મક કૌશલ્ય, સ્વસંકલ્પના અને સુખાકારીમાં વધારો થાય છે. (ડોમીટ્રોવિચ, ૨૦૧૭; વિગિન્સ, ૧૯૮૭). વધુમાં પરિવારનું વાતાવરણ બાળકોમાં સામાજિક રીતે યોગ્ય વર્તન, સારી આદતો અને વ્યક્તિત્વ નિર્માણ માટે પણ મહત્ત્વનું છે. (અપ્ટર & સક્સેના, ૨૦૧૩). ઉપરાંત તે બાળકની શીખવાની પ્રેરણા, લગન, ભાષા અને અન્ય વિષયોના શિક્ષણ પ્રત્યેના રસમાં વધારો કરવામાં ભાગ ભજવે છે. (ઝાંગ ૨૦૨૪).

**૫. ભાષા વિકાસ પર અસર :**

બાળકના ઘરના વાતાવરણની તેમના ભાષા વિકાસ પર અસરને એક થિયરીકે જેનું નામ છે ''૩૦ લાખ વધુ શબ્દો'' દ્વારા જાણવા મળે છે. બેટ્ટી અને ટોડ (૧૯૯૫)ના સંશોધનમાં જાણવા મળ્યું હતું કે જે બાળકના ઘરની આર્થિક સ્થિતિ સારી હતી તેમનાં બાળકો પ્રાથમિક લેવલે ૩૦ લાખ વધુ શબ્દો જાણે છે. વધુમાં એક સંશોધનમાં જાણવા મળ્યું કે બાળક સાથે મળીને પુસ્તક વાંચવાથી બાળકના વાંચન કૌશલ્યનો વિકાસ થાય છે. આ પ્રવૃત્તિ કિન્ડરગાર્ટનથી લઈને ઓછામાં ઓછું ચોથા ધોરણ સુધી અસરકારક સાબિત થાય છે (ડારિયા ખાનોલાયનેન., ૨૦૨૦).

**પરિવારના શૈક્ષણિક વાતાવરણને સુદૃઢ બનાવવાનાં ઉપાયો :**

બાળકો માટે ઈતર વાંચન સહિતની પૂરતી વાંચન-લેખન સામગ્રી પૂરી પાડવી જોઈએ. બાળક જયારે અભ્યાસ કરતું હોય ત્યારે પરિવારનાં સભ્યો દ્વારા થતી વાતચીત, મોબાઈલ-ટેલિવિઝનનો ઉપયોગ કે અન્ય આકર્ષણ ન હોય તેવું વાતાવરણનું નિર્માણ કરવું જોઈએ. બાળકના પ્રશ્નોનો જવાબ આપવો અને બાળકને 'શા માટે' એવો પ્રશ્ન પૂછવાની આદત વિકસાવવી. પરિવારનાં સભ્યોની પોતાની આદતોને બાળક સામે નિયંત્રણમાં રાખવી જોઈએ અને પરિવારનાં સભ્યોએ શૈક્ષણિક આદતો વિકસાવવી જોઈએ જેથી બાળક અવલોકન કરીને શીખી શકે. પરિવારના દરેક સભ્યોની શિક્ષણ માટેની માન્યતાઓ સકારાત્મક હોવી જોઈએ. રોજિંદા જીવનમાં બનતી વૈજ્ઞાનિક કે શૈક્ષણિક બાબતોની ચર્ચા બાળક સાથે કરવી જોઈએ. તેના શાળાકીય જીવન વિશે માહિતગાર રહેવું જોઈએ. બાળકના સ્ક્રીન ટાઈમ તેમ જ અન્ય બાબતો પર સ્વયં શિસ્ત જળવાય તે પ્રકારની દિનચર્યા વિકસાવવી જોઈએ. ઘરને માત્ર આરામ માટેનું સ્થળ માનવાને બદલે, જો પરિવારનાં સભ્યો તેને શીખવા માટેનું માધ્યમ બનાવે, તો તે શિક્ષણનાં એવાં ''મૂળ બીજ'' વાવી શકે છે, કે જે ભવિષ્યમાં તેના આજીવન શિક્ષણનો પાયો મજબૂત બનાવે.

# ઘર અને શાળા : બાળકના શિક્ષણના પૂરક



- ભાવિકા વી. પટેલ
આસિ. પ્રોફેસર- શ્રી મહાવીર વિદ્યામંદિર
ટ્રસ્ટ બી.એડ્. કૉલેજ, પાંડેસરા, સુરત.
મો. ૯૦૩૩૫૫૦૬૩૮

ઘર અને શાળા બાળકના શિક્ષણના મુખ્ય આધારસ્તંભ છે. બાળકના શિક્ષણની શરૂઆત ઘરથી જ થાય છે. બાળક ઘરે પાયાનું શિક્ષણ મેળવે છે. ઘરનાં સભ્યો પાસેથી પળે પળે બાળક જ્ઞાન મેળવે છે. આથી ઘરનો દરેક સભ્ય બાળક માટે શીખવનાર બને છે. ત્યારબાદ બાળક શાળામાં પ્રવેશ લે છે ત્યારે ઘરમાંથી શીખેલ જ્ઞાનને આધારે જ નવું જ્ઞાન મેળવે છે. બાળકનું શિક્ષણ માત્ર શાળાની ચાર દીવાલોમાં સીમિત રહેતું નથી, અને ન તો તે ફક્ત ઘરના સંસ્કારો પર નિર્ભર છે.

શિક્ષણ બાળકના જન્મથી શરૂ થઈ જીવનભર ચાલે છે. આ પ્રક્રિયામાં ઘર અને શાળા બંને પૂરક તત્ત્વો છે. ઘર બાળકનો પ્રથમ શિક્ષક છે અને શાળા તેનું સંગઠિત શિક્ષણ કેન્દ્ર છે. ઘર બાળકના વ્યક્તિત્વનું મૂળ ઘડે છે, જ્યારે શાળા તેને દિશા અને આકાર આપે છે. જો આ બંને વચ્ચે સુમેળ, સંવાદ અને સહકાર હોય તો બાળકનો સર્વાંગી વિકાસ શક્ય બને છે. દરેક વયગાળામાં બાળકની જરૂરિયાતો, રસ, શૈક્ષણિક ક્ષમતા અને માનસિક પરિપક્વતા અલગ હોય છે. તેથી ઘર અને શાળાની ભૂમિકા પણ વયગાળા પ્રમાણે બદલાય છે.

બાળકની વિકાસની અવસ્થાઓ આ મુજબ છે.

૧. પ્રારંભિક બાલ્યાવસ્થા (૦ થી ૬ વર્ષ)
૨. પ્રાથમિક અવસ્થા (૬ થી ૧૧ વર્ષ)
૩. કિશોરાવસ્થા (૧૧ થી ૧૬ વર્ષ)
૪. ઉત્તર કિશોરાવસ્થા (૧૬ થી ૧૮ વર્ષ)

વિકાસની આ અવસ્થાઓ મુજબ બાળકની જરૂરિયાત બદલાતી રહે છે. તો ઘર અને શાળાની જવાબદારી બને છે કે બાળકની જરૂરિયાત મુજબનું વાતાવરણ તેને પૂરું પાડે જેથી બાળક ઘર અને શાળા વચ્ચે સંતુલન સાધી શકે.

**૧. પ્રારંભિક બાલ્યાવસ્થા (૦ થી ૬ વર્ષ) :**

આ વયગાળાને મનોચિકિત્સકો ''સુવર્ણ અવસ્થા'' કહે છે, કારણ કે બાળકનું મગજ અત્યંત ઝડપથી વિકાસ પામે છે. ભાષા, વિચારશક્તિ અને સામાજિક વર્તનના મૂળ આ સમયમાં ઘડાય છે. આ અવસ્થામાં બાળક મહત્તમ સમય પરિવાર સાથે વિતાવે છે. જન્મની સાથે બાળક માતા-પિતા, દાદા-દાદી, કાકા-કાકી, ભાઈ-બહેન જેવા પરિવારનાં સભ્યોના સંપર્કમાં આવે છે. આ અવસ્થામાં બાળક ઘરમાંથી જે શીખે છે તેનું પ્રતિબિંબ શાળામાં જોવા મળે છે. આથી બાળકની પ્રથમ શાળા તેનું ઘર હોય છે. બાળક ૩ થી ૪ વર્ષનું થાય ત્યારે જ શાળાના સંપર્કમાં આવે છે, એ પહેલાં ઘરમાંથી બાળકના અનૌપચારિક શિક્ષણની શરૂઆત થઈ જાય છે. આ અવસ્થામાં ઘર અને શાળાની ભૂમિકા આ મુજબ છે.

**ઘરની ભૂમિકા :**

આ વયગાળામાં ઘર જ મુખ્ય શિક્ષણ કેન્દ્ર છે.

- ભાષા વિકાસ (માતૃભાષા)
- ભાવનાત્મક સુરક્ષા
- મૂળભૂત શિસ્ત
- વાર્તા, ગીતો, રમતો દ્વારા શીખવવું
- સ્વચ્છતા અને સ્વનિર્ભરતા

માતા-પિતાની નિકટતા બાળકમાં આત્મવિશ્વાસ ઊભો કરે છે. આ તબક્કે 'શિક્ષણ' રમતમાં સમાયેલું હોય છે.

**શાળાની ભૂમિકા :**

આ વયગાળામાં બાળક પ્રિ-સ્કૂલ અથવા આંગણવાડીમાં પ્રવેશ લે છે.

- રમતમાં શીખવવું (Play-way Method)
- સામાજિકીકરણ

- સર્જનાત્મક પ્રવૃત્તિ
- સંવેદનાત્મક વિકાસ

National Education Policy ૨૦૨૦ અનુસાર ૩-૬ વર્ષની વયમાં Foundational Stage પર ભાર મૂકવામાં આવ્યો છે.

**ઘર-શાળા સંકલન :**

- માતા-પિતા નિયમિત શિક્ષક સાથે વાત કરે
- ઘરમાં શીખવેલ વસ્તુઓનો પુનરાવર્તન
- સ્ક્રીન સમય મર્યાદિત રાખવો

## ૨. પ્રાથમિક અવસ્થા ( ૬ થી ૧૧ વર્ષ ) :

આ અવસ્થા દરમિયાન બાળક શાળાના સીધા સંપર્કમાં આવે છે. લાંબો સમય બાળક શાળામાં વિતાવે છે. ઉપરાંત બાળક અન્યોને જોઈને કે અન્યો પાસેથી પણ શીખે છે. આ સમય દરમિયાન બાળકને સારા-નરસાનો ભેદ સમજાવવો એ ઘર અને શાળા બંનેની ભૂમિકા બને છે.

**ઘરની ભૂમિકા :**

આ વયે બાળકમાં શૈક્ષણિક આધાર મજબૂત કરવો જરૂરી છે.

- વાંચન અને લેખનનો અભ્યાસ
- હોમવર્કમાં માર્ગદર્શન
- સકારાત્મક પ્રોત્સાહન
- સમયપાલન

માતા-પિતા બાળકને ડરાવીને નહીં પરંતુ સમજાવીને શીખવે. શાળા પ્રત્યેનો ડર, અણગમો માતા-પિતાએ દૂર કરવાના પ્રયત્નો કરવા જોઈએ.

**શાળાની ભૂમિકા :**

- ભાષા, ગણિત, પર્યાવરણ શિક્ષણ
- રમતગમત અને કલા
- મૂલ્ય શિક્ષણ
- સમૂહ કાર્ય

આ તબક્કે શિક્ષક બાળકના શૈક્ષણિક વલણને આકાર આપે છે. શિક્ષક બાળક માટે આદર્શ બને છે.

**ઘર-શાળા સંકલન :**

- Parent-Teacher Meeting
- પ્રગતિ અહેવાલ પર ચર્ચા
- અભ્યાસ માટે યોગ્ય વાતાવરણ

## ૩. કિશોરાવસ્થા (૧૧ થી ૧૬ વર્ષ) :

આ તબક્કે બાળક શારીરિક અને માનસિક પરિવર્તન અનુભવે છે. સ્વતંત્રતા અને ઓળખની શોધ શરૂ થાય છે. આ સમયગાળો બાળકનો સંક્રાંતિકાળ ગણાય છે. આ વયગાળા દરમિયાન માતા-પિતા અને શિક્ષકનું વર્તન બાળકને ખીલવી પણ શકે છે અને મુરઝાવી પણ શકે છે.

**ઘરની ભૂમિકા :**

- મિત્રતાપૂર્વક સંવાદ
- દબાણ વગર માર્ગદર્શન
- કારકિર્દી અંગે પ્રાથમિક ચર્ચા
- ડિજિટલ ઉપયોગ પર નજર

માતા-પિતા ‘નિયંત્રક’ નહીં પરંતુ ‘માર્ગદર્શક’ બને તે જરૂરી છે.

**શાળાની ભૂમિકા :**

- વિષયજ્ઞાનમાં ઊંડાણ
- પ્રયોગશાળાનો ઉપયોગ
- જીવનકૌશલ્ય શિક્ષણ
- કાઉન્સેલિંગ સેવા

શાળા બાળકમાં તર્કશક્તિ અને વિશ્લેષણ શક્તિ વિકસાવે છે.

**ઘર-શાળા સંકલન :**

- પરીક્ષા તણાવ ઘટાડવા સહકાર
- બાળકનાં રસ અને પ્રતિભાની ઓળખ
- સંયુક્ત કાઉન્સેલિંગ

## ૪. ઉત્તર કિશોરાવસ્થા (૧૬ થી ૧૮ વર્ષ) :

આ તબક્કે કારકિર્દી અને જીવનલક્ષ્ય નિર્ધારિત થાય છે. આ વયગાળા દરમિયાન બાળક તરુણાવસ્થાથી યુવાવસ્થા તરફ ડગ માંડે છે. તે સમયે ઘર અને શાળા, બંનેએ બાળકને સમજી તેને યોગ્ય માર્ગદર્શન આપવું જોઈએ. બાળક તરફ ઘરનાં સભ્યો કે શિક્ષકનું ગેરજવાબદારીપૂર્વકનું વર્તન બાળકને ગેરમાર્ગે દોરી શકે છે.

**ઘરની ભૂમિકા :**

- યોગ્ય કારકિર્દી માર્ગદર્શન
- ભાવનાત્મક સમર્થન
- નિષ્ફળતા સ્વીકારવાની તૈયારી
- આત્મવિશ્વાસ વધારવો

**શાળાની ભૂમિકા :**

- વિષય વિશેષતા
- સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી
- વ્યક્તિત્વ વિકાસ
- નેતૃત્વ અને જીવનકૌશલ્ય

**ઘર-શાળા સંકલન :**

- Career Counselling બેઠક
- પરિણામ કરતાં પ્રયત્ન પર ભાર
- બાળકને નિર્ણય લેવાની સ્વતંત્રતા
- આધુનિક પડકારો અને સંભવિત ઉકેલો

**૧. સંવાદમાં ભાવનાત્મક અંતર :**

**પડકાર :**

ઘણાં ઘરોમાં માતા-પિતા અને બાળકો વચ્ચે 'ફોર્મલ' વાતચીત તો થાય છે, પરંતુ ભાવનાત્મક સંવાદનો અભાવ હોય છે. શાળામાં પણ કેટલાક શિક્ષકો અને વિદ્યાર્થીઓ વચ્ચે વિશ્વાસપૂર્ણ સંબંધ બાંધવામાં મુશ્કેલી પડે છે.

**ઉકેલ :**

- ઘરમાં "દૈનિક ૧૫ મિનિટ ખુલ્લી વાતચીત"નો નિયમ બનાવવો.
- શાળામાં Mentor System અમલમાં મૂકવી.
- વિદ્યાર્થી-શિક્ષક વિશ્વાસ વધારવા અનૌપચારિક પ્રવૃત્તિઓ યોજવી.

**૨. અતિશય શૈક્ષણિક દબાણ :**

**પડકાર :**

ગુણ, રેન્ક અને સ્પર્ધાની દોડને કારણે બાળક પર ઘરમાં અને શાળામાં દબાણ વધી જાય છે.

**ઉકેલ :**

- પરિણામ કરતાં પ્રક્રિયા અને પ્રયત્ન પર ભાર.
- શાળામાં Formative Assessment નો ઉપયોગ.
- માતા-પિતાએ અન્ય બાળકો સાથે તુલના ટાળવી.
- નિષ્ફળતાને શીખવાની તક તરીકે સ્વીકારવી.

**૩. ડિજિટલ ગેરમાર્ગદર્શન અને સોશિયલ મીડિયા પ્રભાવ :**

**પડકાર :**

બાળકો ઓનલાઇન ગેઇમ, રીલ્સ અને ગેરમાર્ગદર્શન આપતી માહિતીથી પ્રભાવિત થાય છે.

**ઉકેલ :**

- ઘરમાં ડિજિટલ નિયમો (Screen Time Limit)
- શાળામાં Digital Literacy કાર્યક્રમ
- બાળકોને વિશ્વસનીય અને અવિશ્વસનીય માહિતી વચ્ચે ભેદ શીખવવો
- માતા-પિતાએ પોતે પણ ડિજિટલ શિસ્તનું ઉદાહરણ પૂરું પાડવું.

**૪. મૂલ્ય સંકટ અને નૈતિક ગૂંચવણ :**

**પડકાર :**

ભૌતિકવાદી વલણ વધવાથી બાળકોમાં સહાનુભૂતિ, સહકાર અને સંવેદનાની કમી જોવા મળે છે.

**ઉકેલ :**

- ઘરમાં પરિવાર સાથે ભોજન અને ચર્ચા.
- શાળામાં Value Education અને સામાજિક સેવા કાર્યક્રમો.
- વડીલોની જીવનકથાઓ દ્વારા પ્રેરણા.

**૫. ખાસ જરૂરિયાત ધરાવતાં બાળકો** (Inclusive Education)

**પડકાર :**

વિશેષ જરૂરિયાત ધરાવતાં બાળકો માટે ઘર અને શાળા, બંનેમાં યોગ્ય સમજ અને સુવિધાનો અભાવ રહે છે.

**ઉકેલ :**

- શાળામાં Inclusive Classroom વ્યવસ્થા.
- માતા-પિતાને કાઉન્સેલિંગ અને માર્ગદર્શન.

# શાળા અને ઘરના જોડાણ સંદર્ભે થયેલા નૂતન પ્રયોગ અને પ્રયાસો



- સ્નેહલ ડી. કાછડિયા
શ્રી ખખાણા પ્રાથમિક શાળા, વાંકાનેર.
મો. ૯૬૩૮૧૨૬૧૧૧

બાળકના જીવનને બાળપણથી જ સીંચવા માટે ઘર, શાળા અને સમાજ આ ત્રણ આયામો અગત્યની ભૂમિકા ભજવે છે. ઘર એ બાળકની પ્રથમ પાઠશાળા છે. માતા-પિતાનો પ્રેમ, માર્ગદર્શન, સુરક્ષા, સંસ્કાર, ભાષા, નૈતિક મૂલ્યોનું પ્રાથમિક શિક્ષણ, ભાવનાત્મક વિકાસ આત્મવિશ્વાસ, સ્વચ્છતા, સમયપાલન, આદરભાવ તેમજ સારી ટેવોના વિકાસ માટે ઘર મહત્ત્વનો ભાગ ભજવે છે. તેવી જ રીતે શાળા બાળકના બૌદ્ધિક અને સામાજિક વિકાસનું કેન્દ્ર છે. તે બાળકોને ઔપચારિક શિક્ષણ અને જ્ઞાન પ્રદાન કરે છે. શિસ્ત, નિયમપાલન અને સહકાર શીખવાય છે.રમતગમત, કલા, સહપાઠી પ્રવૃત્તિઓ દ્વારા સમૂહભાવનાનો વિકાસ થાય છે. સાથેસાથે બાળકોની પ્રતિભાને શિક્ષકો દ્વારા ઓળખ અને માર્ગદર્શન મળે છે.

સમાજ એ બાળકને વાસ્તવિક જીવનનો અનુભવ કરાવે છે. સામાજિક મૂલ્યો, નાગરિકતા, અનુકૂલન, સહઅસ્તિત્વ, પરંપરા, સંસ્કૃતિ અને રાષ્ટ્રીય ભાવનાનો વિકાસ થાય છે. તેમજ વિવિધ સામાજિક સંસ્થાઓ, પુસ્તકાલયો, રમત મેદાનો દ્વારા આ વિકાસને પ્રોત્સાહન પણ મળે છે.

ઘર બાળકોને સંસ્કારોથી મઠારે છે, તો શાળા શિક્ષણ આપી બાળકને દુનિયા તથા દુનિયાદારીથી વાકેફ કરે છે.તો સમાજ જીવન જીવવાની કળા શીખવે છે. આ ત્રણેય આયામો જરૂરી છે. આ ત્રણેય આયામો વચ્ચે સ્વતંત્ર ઊછરેલો બાળક જીવનના દરેક પડાવને પાર કરવા સક્ષમ બની જાય છે.

આપણે અહીં બાળકોના સર્વાંગી વિકાસ માટે શાળા અને ઘરના જોડાણ સંદર્ભે એવું તે શું કરી શકીએ જેના દ્વારા શાળા અને ઘર બાળકના ભવિષ્યને લઈ માહિતગાર અને જાગૃત બને. બંનેના સહિયારા પ્રયાસોરૂપ એવા પ્રયત્નો કે ઉપાયો છે જે બાળકના પરિપૂર્ણ વિકાસ માટે ખૂબ જ જરૂરી છે.

**૧. SMC(school management committee) :**

SMC એ શાળા,ઘર અને સમાજ વચ્ચેનો સેતુ છે. જેમાં માતા-પિતા,શિક્ષકો અને સ્થાનિક સમાજના પ્રતિનિધિઓ સામેલ હોય છે આ સમિતિ મફત અને ફરજિયાત શિક્ષણ અધિકાર અધિનિયમ ૨૦૦૯ RTE મુજબ કરવામાં આવી, જેમાં ૭૫% માતા-પિતા વાલીનો સમાવેશ થાય છે તેમજ શાળાના મુખ્ય શિક્ષક, આચાર્ય,શિક્ષક પ્રતિનિધિ , સ્થાનિક સ્વરાજ કે સંસ્થાનો પ્રતિનિધિ, સમાજની પ્રતિષ્ઠિત વ્યક્તિનો સમાવેશ કરવામાં આવે છે, જેમાં અધ્યક્ષ તરીકે વાલી અને કાર્યકાળ બે વર્ષનો હોય છે. શાળા વિકાસ આયોજન (SDP), બાળકોના શિક્ષણ પર દેખરેખ, સરકારી યોજનાઓ જેવી કે મધ્યાહ્ન ભોજન, પુસ્તકો, યુનિફોર્મ, શિષ્યવૃત્તિ, શાળાની ભૌતિક સુવિધાઓ વગેરેની દેખરેખ અને જરૂર જણાય ત્યાં સૂચનો આપવા સ્વતંત્ર હોય છે. PTM, માતૃ કે પિતૃસભા જેવી વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા ઘર અને શાળાનાં જોડાણ માટે હંમેશાં પ્રયત્નશીલ હોય છે. શાળાના વિકાસ સંબંધી નિર્ણયોમાં ભાગ લેવો. શાળાના ફંડના ઉપયોગ પર દેખરેખ, બાળકોના અધિકારોનું રક્ષણ અને શિક્ષણની ગુણવત્તા અંતર્ગત ટકોર કરી શકે છે, જેનાથી લોકભાગીદારી વધે છે. શિક્ષણમાં પારદર્શિતા જળવતા માતા પિતાનો વિશ્વાસ વધે છે. શિક્ષણ બાળક કેન્દ્રીય બને છે.શાળા અને ઘર વચ્ચેના સંબંધોમાં પારદર્શિતા વિશ્વાસ અને હકારાત્મકતાનું વાતાવરણ સર્જાય છે.

**૨. PTM(parent teacher meeting) :**

PTM એટલે માતા- પિતા અને શિક્ષકો વચ્ચે

યોજાતી બેઠક જેમાં બાળકોના શૈક્ષણિક, ભાવનાત્મક, વર્તનાત્મક વિકાસ અંગે ખુલ્લી ચર્ચા કરવામાં આવે છે. બાળકની કુટેવોને ઓળખી બંને પક્ષ દ્વારા ઉકેલ અને માર્ગદર્શનની આપ-લે થાય છે. બંને વચ્ચે વિશ્વાસ, સહકાર અને સ્નેહપૂર્ણ વાતાવરણ સર્જાય છે, જેમાં મુખ્યત્વે સામૂહિક PTM, વ્યક્તિગત PTM કે પછી ઓનલાઇન PTM દ્વારા વાલી અને શિક્ષકો વચ્ચે બાળકો સેતુરૂપ બને છે. જેનાથી બાળક પ્રત્યે માતા-પિતાની જવાબદારી વધે છે. અભ્યાસ પદ્ધતિઓ, પ્રયુક્તિઓ, અભ્યાસક્રમ, શાળાભાવાવરણથી વાલી  વાકેફ બની પોતાના સમય અને સ્વભાવનું  વ્યવસ્થાપન એ રીતે કરી બાળકોમાં શિક્ષણ અને સંસ્કારના સિંચન માટે મહત્ત્વપૂર્ણ અને સચોટ પ્રયાસોમાં લાગી જાય છે.

**૩. પૅરેન્ટ વોલેન્ટિયર પ્રોગ્રામ :**

શાળાની પ્રવૃત્તિઓમાં માતાપિતાની સહભાગિતા જેમાં પુસ્તકાલય સંચાલન, રમત-ગમત, સાંસ્કૃતિક કાર્યક્રમમાં બંને વચ્ચે સમજદારી અને સહકારની ભાવના કેળવાય છે. વર્ગખંડ સહાય, પર્યાવરણીય પ્રવૃત્તિઓ જેમાં વૃક્ષારોપણ, સ્વચ્છતા અભિયાન, પ્રોજેક્ટ પ્રદર્શન, વિજ્ઞાનમેળામાં સહાય જેમાં માતા-પિતાની હાજરીથી બાળકોનો આત્મવિશ્વાસ વધે છે અને પ્રેરણા મળે છે. શાળાની કાર્યશૈલીથી માતાપિતા પરિચિત થાય છે અને બાળકની પ્રગતિને નજીકથી જોઈ શકે તેમજ શાળા, ઘર અને સમાજનું માળખું મજબૂત બને છે.

**૪. માતા-પિતા વર્કશોપ :**

આ યોજના અંતર્ગત શાળા માતાપિતાને શિક્ષણ પદ્ધતિઓ, બાળકના વિકાસ, મૂલ્ય શિક્ષણ અને આધુનિક શૈક્ષણિક સાધનો અંગે સરળ અને ફળદાયી તાલીમ આપે છે, જેમાં વિવિધ અભ્યાસ પદ્ધતિઓ, મૂલ્યશિક્ષણ, બાળમાનસ વિકાસ અને વૃદ્ધિ, ડિજિટલ લર્નિંગ જેવી બાબતોને સમજાવી બાળકના સામાજિક શૈક્ષણિક અને માનસિક વિકાસમાં માતાપિતાની ભૂમિકાને મજબૂત બનાવી શકાય છે. તેમાં શાળા દ્વારા વર્કશોપની તારીખ નક્કી કરી માતાપિતાને આમંત્રણ આપવામાં આવે છે અને કોઈ નિષ્ણાત, શિક્ષક કે કાઉન્સેલર દ્વારા માર્ગદર્શન આપવામાં આવે છે, જેમાં સમય વિશે વિષયવસ્તુ વૈવિધ્ય અને સાતત્ય જળવાય તે અતિ મહત્ત્વનું છે.

**૫. વૅલ્યૂ એજ્યુકેશન સત્ર :**

આ યોજનામાં પણ માતાપિતા, શાળા અને વિદ્યાર્થીઓ સાથે મળીને સામાજિક, નૈતિક અને જીવનમૂલ્યો અંગે ચર્ચા કરે છે.આ સત્ર દ્વારા બાળકોમાં માત્ર શૈક્ષણિક જ નહીં પરંતુ સંસ્કાર, જવાબદારીઓ અને માનવીય મૂલ્યોનો પણ વિકાસ થાય છે.આ માટેની તારીખ અગાઉથી નક્કી કરી વાલીઓને આમંત્રિત કરવામાં આવે છે.જેમાં વિવિધ પ્રેરણાદાયી વાર્તા, નાટકો, પ્રવચનો તે આધારિત વિવિધ પ્રવૃત્તિઓ આસપાસના સમાજમાંથી જીવંત ઉદાહરણો દ્વારા વાલીઓ અને બાળકોમાં ઈમાનદારી, શિસ્ત, જવાબદારી જેવા વ્યક્તિગત સહકાર, પર્યાવરણ સંરક્ષણ, સ્વચ્છતા, સમાજસેવા જેવા સામાજિક, દેશપ્રેમ, બલિદાન, સમર્પણ, ત્યાગ, નાગરિકત્વ જેવાં રાષ્ટ્રીય, કરુણા, સહાનુભૂતિ, શાંતિ, પ્રેમ, દયા, પરોપકાર જેવા આધ્યાત્મિક તેમજ જીવનને લગતાં મૂલ્યોનો વિકાસ કરી શકાય છે. તેમાં કોઈ ચોક્કસ મૂલ્યો આધારિત સત્રનું આયોજન કરી છેલ્લે દરેકના પ્રતિભાવ લેવામાં આવતા હોય છે.આમ,બાળકોમાં માત્ર શિક્ષણ પ્રત્યે જ નહીં પરંતુ જીવનમૂલ્યોના વિકાસ પર પણ ભાર આપવામાં આવે છે.

**૬. સમુદાય આધારિત અભ્યાસક્રમ :**

આ યોજનામાં શાળા પોતાની આસપાસનાં સમાજ, પરંપરા, વ્યવસાય, પર્યાવરણ અને સંસ્કૃતિને પણ અભ્યાસક્રમના એક ભાગ તરીકે જોડે છે આથી શિક્ષણ માત્ર પુસ્તકિયા જ્ઞાન પૂરતું સીમિત ન રહેતાં, જીવન સાથે જોડાયેલ પ્રાયોગિક ભાગ બને,આ માટે નક્કી કરેલા સમયે વાલીઓને આમંત્રિત કરી, લીંપણકલા, લોકગીત, લોકનૃત્ય, હસ્તકલા વ્યવસાય આધારિત જ્ઞાન પર્યાવરણીય અભ્યાસ, ગામનો ઇતિહાસ અને પરંપરાઓ સમાજસેવા જેવા વિષયો આધારિત વિવિધ પદ્ધતિ/ પ્રયુક્તિઓનો સહારો લઈ વાલીઓ તથા બાળકોની

શાળાના પરિસર અને વાતાવરણ સાથે ઉત્તરોત્તર કરી શકાય છે.આ યોજનામાં પણ સાતત્ય જળવાય તે ખૂબ જ જરૂરી છે.

**૭. હોમ વિઝિટ :**

પ્રોગ્રામ આ પ્રયોગ આધારિત સમયાંતરે દરેક બાળકના ઘર સુધી પહોંચી માતાપિતા સાથે બાળકના સર્વાંગી વિકાસની ચર્ચા કરી, બાળકને આગળ વધવા નડતી મુશ્કેલીઓમાંથી નવો માર્ગ શોધી બાળકોને એક ઉજ્જવળ ભવિષ્યની દિશા તરફ લઈ જાય છે. ઘણા સમયથી ગેરહાજર રહેતા તેમજ જેનો રૂબરૂ જવા સિવાય સંપર્ક અશક્ય હોય તે માટે શિક્ષક જ પોતાના બાળકને ફરી શાળાએ લાવવા કે હોંશે હોંશે લાવવા આ ભગીરથ પ્રયોગ હાથ ધરી શકે છે.

**૮. લર્નિંગ કાર્નિવલ :**

આ માટે અગાઉથી તારીખ નક્કી કરી વાલીઓને આમંત્રિત કરવા અને બાળકો દ્વારા થયેલી પ્રવૃત્તિઓનું પ્રદર્શન ગોઠવવામાં આવે છે. આ કાર્નિવલનું આયોજન વર્ષ દરમિયાનના પ્રયોગોને વિજ્ઞાન પ્રદર્શનમાં, ચિત્રકામ, હસ્તકલા, નૃત્ય, સંગીત, સાહિત્ય આધારિત પ્રવૃત્તિઓ, પર્યાવરણ, સ્વચ્છતા, સ્થાનિક ઈતિહાસ જેવા વિવિધ સ્ટોલ આધારિત પ્રદર્શન તથા ઘણી પ્રવૃત્તિઓ એવી પણ રાખવામાં આવે છે જેમાં વિઝિટર પણ ભાગીદારી નોંધાવી શકે. આ માટેની મોટાભાગની તૈયારીઓ વિદ્યાર્થીઓ કરતા હોવાથી વાલીઓ પણ સક્રિય રીતે જોડાય છે. સાતત્ય જળવાતાં, કાર્નિવલ થકી અભ્યાસક્રમ, શૈક્ષણિક પ્રવૃત્તિઓ અને શિક્ષણ પાછળના ખરા હૃદયથી કરેલા શિક્ષકો અને શાળા દ્વારા થયેલા પ્રયાસોથી વાલીઓ અને સમાજ વાકેફ થાય છે.

લર્નિંગ કાર્નિવલમાં માત્ર શૈક્ષણિક સામગ્રીનું જ પ્રદર્શન કરવામાં આવે છે. તેવી જ રીતે આનંદમેળાનું આયોજન કરી વિદ્યાર્થીઓના વ્યાવસાયિક વિકાસ આધારિત વિવિધ પ્રયુક્તિઓ, પ્રવૃત્તિઓનું પ્રદર્શન અને વેચાણ માટેની ક્ષમતાનો વિકાસ સાથે સુંદર મજાના પ્રયત્નો પણ ઘણી શાળાઓ દ્વારા કરવામાં આવે છે.

**૯. ડિજિટલ કનેક્ટ :**

જેમાં શાળા, સમાજ અને ઘરની સતત કનેક્ટેડ રાખવા માટે whatsapp ગ્રૂપ, facebook, ઑનલાઈન વર્ગ દ્વારા બાળકોને પ્રવૃત્તિઓ, સૂચનાઓ, સ્વાસ્થ્ય, હોમવર્ક જેવી બાબતોથી વાલીઓને અવગત કરી શકાય છે. આજના વ્યસ્તતાભર્યા જીવનમાં ઉપાય ખરેખર કારગત નીવડ્યો છે.

ઉપરોક્ત યોજનાઓ ઉપરાંત ઘણા ઈનોવેટિવ રિપોર્ટ દરેક શાળામાં થતા હોય છે, જે ઘર અને શાળાને જોડતી કડીરૂપ છે. ઉપરોક્ત તમામ યોજનાઓ એકબીજાની પૂરક છે. જેમાં કેટલીક પ્રશાસનાત્મક શિક્ષણ, પ્રશિક્ષણ તેમજ સર્જનાત્મકતા તથા જીવનમૂલ્યો આધારિત છે. ઉપરોક્ત દરેક યોજનાનો અમલ દરેક શાળા દ્વારા શૈક્ષણિક કેલેન્ડર બનાવી કરવામાં આવે તો બાળકના ભવિષ્યને નવી દિશા આપી મજબૂત રાષ્ટ્ર નિર્માણના પાયા નાખી શકાય છે.

## અમરતવાણી

જમશેદજી મહેતા કરાંચી શહેરના એક મહાન નાગરિક તરીકે જાણીતા થઈ ગયા. એમનું સાધુચરિત જીવન સૌને પ્રેરણા આપતું હતું. કરાંચીમાં લેડી ડફરીન સાર્વજનિક હૉસ્પિટલ છે. એકવાર એ હૉસ્પિટલ માટે ફંડ ભેગું કરવાનું સૌએ વિચાર્યું. જમશેદજી મહેતાને એ માટે કમિટીમાં લેવામાં આવ્યા. કમિટીએ એવું ઠરાવ્યું કે જે જે દાતા દસ હજાર રૂપિયા આપે તેના નામની આરસની તકતી હૉસ્પિટલની દીવાલ પર મૂકવી. ઘણા સુખી ગૃહસ્થોએ મોટી મોટી રકમ નોંધાવી. જમશેદજીએ પણ દાનમાં રકમ આપી, પણ દસ હજારથી થોડાક ઓછા રૂપિયા તેમણે આપ્યા.એમણે દસ હજાર પૂરા કેમ ન આપ્યા તે કહેવાની જરૂર છે ખરી?

**- 'અમીઝરણાં'માંથી સાભાર**

# ઘર અને શાળાનું જોડાણ : શૈક્ષણિક ઉત્કૃષ્ટતાનો સેતુ



- સંદીપ પટેલ "કસક"
મદદનીશ શિક્ષક
૨૫, મધુવન ૬૦, વલાસણા રોડ
મુ. મણિયોર, તા. ઈડર, જિ. સાબરકાંઠા
મો. ૯૪૨૯૭૪૫૨૨૯

બાળકનું જીવન એ એક એવા બગીચા સમાન છે જેમાં માળી તરીકે ઘર અને શાળા બંનેની ભૂમિકા અત્યંત મહત્ત્વની છે. શિક્ષણ એ માત્ર શાળાની ચાર દીવાલો વચ્ચે અપાતું જ્ઞાન નથી, પરંતુ તે ઘરના સંસ્કારો અને શાળાના શિક્ષણનો સુમેળ છે. જ્યારે આપણે શૈક્ષણિક ગુણવત્તાની વાત કરીએ છીએ, ત્યારે અવારનવાર આપણું ધ્યાન માત્ર પાઠ્યપુસ્તકો, પરીક્ષાઓ અને શિક્ષકો પર જ કેન્દ્રિત રહે છે. પરંતુ, આધુનિક શૈક્ષણિક મનોવિજ્ઞાન અને વિવિધ વૈશ્વિક સંશોધનો એ વાતની સાક્ષી પૂરે છે કે બાળકના સર્વાંગી વિકાસમાં ઘર અને શાળા વચ્ચેનું જોડાણ એક કરોડરજ્જુ સમાન કાર્ય કરે છે.

ઐતિહાસિક દૃષ્ટિએ જોઈએ તો, ભારતીય શિક્ષણ પરંપરામાં ગુરુકુળ અને પરિવાર વચ્ચે એક અતૂટ સંબંધ હતો. આજે બદલાતા સમયમાં આ જોડાણ વધુ પ્રાસંગિક બન્યું છે. સંશોધનો દર્શાવે છે કે જે બાળકોનાં માતાપિતા શાળાની પ્રવૃત્તિઓમાં સક્રિય રસ લે છે, તે બાળકોમાં આત્મવિશ્વાસનું પ્રમાણ ઊંચું હોય છે અને તેમની શૈક્ષણિક સિદ્ધિઓ નોંધપાત્ર રીતે સારી જોવા મળે છે. ઘર એ બાળકની પ્રથમ પાઠશાળા છે અને માતા પ્રથમ ગુરુ છે. જો આ પ્રથમ પાઠશાળા અને ઔપચારિક શાળા વચ્ચે સુસંગતતા ન હોય, તો બાળક દ્વિધામાં મુકાઈ જાય છે.

શૈક્ષણિક ગુણવત્તા સુધારણાનો અર્થ માત્ર ગુણપત્રકમાં આવતા માર્ક્સ નથી, પરંતુ બાળકની સમજશક્તિ, તેની સામાજિક કુશળતા અને નૈતિક મૂલ્યોનો વિકાસ પણ છે. જ્યારે ઘર અને શાળા એકબીજાના પૂરક બને છે, ત્યારે શિક્ષણનો હેતુ ખરા અર્થમાં સિદ્ધ થાય છે. આ પ્રસ્તાવનાના માધ્યમથી આપણે એ સમજવાનો પ્રયત્ન કરીશું કે કઈ રીતે વાલી અને શિક્ષકનો સંવાદ બાળકના ભવિષ્યને ઉજ્જવળ બનાવી શકે છે. ઘર અને શાળાનું જોડાણ એ કોઈ સામાજિક વિધિ નથી, પરંતુ તે બાળકના વિકાસ માટેની એક અનિવાર્ય વૈજ્ઞાનિક જરૂરિયાત છે.

## ૧. શૈક્ષણિક સંશોધનોનો સારાંશ અને તારણો :

વિવિધ શૈક્ષણિક સંશોધનો દ્વારા એ સાબિત થયું છે કે ઘર અને શાળા વચ્ચેના અસરકારક જોડાણથી શૈક્ષણિક ગુણવત્તામાં સીધો સુધારો થાય છે. આ સંશોધનોના મુખ્ય તારણો નીચે મુજબ છે :

### ૧.૧ અધ્યયન નિષ્પત્તિઓ પર પ્રભાવ :

અનેક રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે થયેલા અભ્યાસો જણાવે છે કે જે ઘરોમાં શિક્ષણને મહત્ત્વ આપવામાં આવે છે અને જે માતાપિતા શિક્ષકો સાથે સતત સંપર્કમાં રહે છે, તે બાળકોની વાંચન અને ગણન ક્ષમતા અન્ય બાળકો કરતાં ૨૦% થી ૩૦% વધુ જોવા મળી છે. સંશોધનો મુજબ, વાલીઓની હાજરી માત્ર શાળાના કાર્યક્રમો પૂરતી મર્યાદિત ન રહેતા, જો તે બાળકના અભ્યાસમાં માર્ગદર્શક તરીકે હોય તો તેનાં પરિણામો અદ્ભુત મળે છે.

### ૧.૨. બાળકની હાજરી અને વર્તણૂકમાં સુધારો :

સંશોધનો એ પણ સ્પષ્ટ કરે છે કે ઘર અને શાળાના સુમેળને કારણે બાળકોમાં ગેરહાજર રહેવાનું પ્રમાણ ઘટે છે. જ્યારે બાળકને લાગે છે કે તેનાં માતાપિતા અને શિક્ષકો એકબીજા સાથે જોડાયેલા છે, ત્યારે તેનામાં જવાબદારીની ભાવના જાગે છે. વર્તણૂકીય સમસ્યાઓ ધરાવતાં બાળકો પર થયેલાં સંશોધનો કહે છે કે જો ઘરનું વાતાવરણ શાળાની શિસ્ત સાથે સુસંગત હોય, તો બાળકના આક્રમક સ્વભાવમાં ઘટાડો થાય છે.

### ૧.૩. સામાજિક અને ભાવનાત્મક વિકાસ :

શિક્ષણ માત્ર બૌદ્ધિક વિકાસ નથી. સંશોધનો

દર્શાવે છે કે માતાપિતા અને શિક્ષકો વચ્ચેનો સકારાત્મક સંવાદ બાળકના ભાવનાત્મક સ્વાસ્થ્યને મજબૂત બનાવે છે. જે બાળકોને ઘર અને શાળા બંને તરફથી પ્રોત્સાહન મળે છે, તેઓમાં સામાજિક અનુકૂલન સાધવાની શક્તિ વધુ હોય છે.

**૨. શૈક્ષણિક ગુણવત્તા સુધારણામાં જોડાણનું મહત્ત્વ :**

શૈક્ષણિક ગુણવત્તામાં સુધારો લાવવા માટે નીચેના મુદ્દાઓ પર ધ્યાન આપવું આવશ્યક છે :

**નિરંતર સંવાદ :** વાલી અને શિક્ષક વચ્ચેનો સંવાદ માત્ર રિઝલ્ટ આપવા પૂરતો ન હોવો જોઈએ. બાળકની રુચિ, તેની મુશ્કેલીઓ અને તેની નાની નાની સફળતાઓની ચર્ચા થવી જોઈએ.

**સહિયારી જવાબદારી :** શિક્ષણ એ માત્ર શિક્ષકની જવાબદારી નથી. બાળક ઘરે જઈને શું કરે છે, કેવું વાંચન કરે છે અને કેવો સમય વિતાવે છે તેનું ધ્યાન રાખવું એ વાલીની જવાબદારી છે.

**પૂરક વાતાવરણ :** શાળામાં જે મૂલ્યો શીખવવામાં આવે છે, જો તેનું પાલન ઘરે ન થાય તો બાળક દ્વિધામાં પડે છે. તેથી, બંને સ્થળોએ મૂલ્યો અને શિસ્તમાં સુસંગતતા હોવી જોઈએ.

**૩. ફાઉન્ડેશનલ સ્ટેજ (પાયાના સ્તર) પર વાલીઓની ભૂમિકાનું સંશોધન :**

નૂતન શૈક્ષણિક સંશોધનો જણાવે છે કે બાળકના મગજનો ૮૫% વિકાસ છ વર્ષની ઉંમર સુધીમાં થઈ જાય છે. આ તબક્કે શાળા કરતાં ઘરનું વાતાવરણ વધુ પ્રભાવશાળી હોય છે. સંશોધનો મુજબ, જે માતાપિતા ઘરે બાળકની સાથે વાર્તાલાપ કરે છે, તેને ચિત્રો બતાવે છે કે રમતો રમાડે છે, તેવાં બાળકોનું શબ્દભંડોળ અન્ય બાળકો કરતાં ઘણું વધારે હોય છે. શાળામાં જે મૂળાક્ષરો કે અંકો શીખવવામાં આવે છે, તેનું જો ઘરે પુનરાવર્તન રમત-ગમત દ્વારા કરવામાં આવે, તો બાળકની શીખવાની ગતિ બમણી થઈ જાય છે.

**૪. સામાજિક સમરસતા અને ઘર-શાળાનું જોડાણ :**

એક મહત્ત્વનું સંશોધન એ પણ સૂચવે છે કે શાળા જ્યારે સામાજિક સમરસતાનું કેન્દ્ર બને છે, ત્યારે તેની અસર બાળકના માનસપટ પર કાયમી રહે છે. જ્યારે વિવિધ સામાજિક પૃષ્ઠભૂમિ ધરાવતા વાલીઓ શાળાના કાર્યક્રમોમાં એકસાથે મળે છે, ત્યારે બાળક ભેદભાવરહિત સમાજની રચના શીખે છે. આ જોડાણથી બાળકમાં 'સહ-અસ્તિત્વ'ની ભાવના પ્રબળ બને છે, જે શૈક્ષણિક ગુણવત્તાનો જ એક ભાગ છે.

**૫. ડિજિટલ યુગમાં સહિયારું માર્ગદર્શન :**

વર્તમાન સમયમાં બાળકો મોબાઈલ અને ઈન્ટરનેટના સંપર્કમાં વધુ રહે છે. મનોવૈજ્ઞાનિક સંશોધનો કહે છે કે જો શાળા ટેક્નોલૉજીના ફાયદા શીખવે અને ઘર તેને નિયંત્રિત કરવાનું કામ કરે, તો જ બાળક ડિજિટલ દુનિયાના જોખમોથી બચી શકે છે. વાલી અને શિક્ષક વચ્ચેનો સંવાદ જો આ વિષય પર સ્પષ્ટ હોય, તો બાળકના અભ્યાસમાં એકાગ્રતા વધે છે.

**૬. સ્વ-અધ્યયન અને વાલીનો ટેકો :**

સંશોધનોનાં તારણો મુજબ, જે બાળકોને ઘરે અભ્યાસ માટે ચોક્કસ જગ્યા અને સમય ફાળવવામાં આવે છે અને જ્યાં માતાપિતા પોતે પણ વાંચનનો શોખ ધરાવે છે, તેવા બાળકોમાં સ્વ-અધ્યયનની ટેવ જલદી વિકસે છે. આ ટેવ લાંબે ગાળે બાળકની શૈક્ષણિક ગુણવત્તામાં ક્રાંતિકારી સુધારો લાવે છે.

**૭. અવરોધો અને તેના નિવારણના ઉપાયો :**

ઘર અને શાળાના જોડાણમાં ઘણા અવરોધો પણ જોવા મળે છે, જેમ કે વાલીઓની અશિક્ષિતતા, સમયનો અભાવ અથવા શિક્ષકોનો અભિગમ. સંશોધનો મુજબ, આ અવરોધોને દૂર કરવા માટે નીચેનાં પગલાં લઈ શકાય :

**માતાપિતાનું સશક્તીકરણ :** શાળા દ્વારા વાલીઓ માટે વર્કશોપનું આયોજન કરવું જોઈએ, જેમાં તેમને શીખવવામાં આવે કે તેઓ કેવી રીતે ઘરે બાળકના અભ્યાસમાં મદદરૂપ થઈ શકે.

**ટૅક્નોલૉજીનો ઉપયોગ :** વૉટ્સએપ અથવા અન્ય માધ્યમો દ્વારા સતત સંપર્ક જાળવી રાખવો જોઈએ જેથી વાલીઓ શાળાની પ્રવૃત્તિઓથી માહિતગાર રહે.

**નિખાલસતા :** શિક્ષકોએ વાલીઓ સાથે મૈત્રીપૂર્ણ વ્યવહાર રાખવો જોઈએ જેથી વાલીઓ પોતાની મૂંઝવણ વિના સંકોચે કહી શકે.

**૮. શૈક્ષણિક ગુણવત્તા સુધારણા માટેનાં પ્રાયોગિક સૂચનો :**

**ગૃહ મુલાકાત :** શિક્ષકો વર્ષમાં એક વાર બાળકના ઘરે જાય તો તેના પારિવારિક વાતાવરણને સમજીને તે મુજબ તેને શિક્ષણ આપી શકાય છે.

**વાલી સંમેલનોમાં પરિવર્તન :** માત્ર પરિણામ બતાવવાને બદલે બાળકની સુષુપ્ત શક્તિઓને ઓળખવા માટે 'આનંદ મેળા' કે 'પ્રદર્શન' જેવા કાર્યક્રમોમાં વાલીઓને સહભાગી બનાવવા જોઈએ.

**માતાપિતાનું શિક્ષણ :** શાળાએ વાલીઓને એ શીખવવું જોઈએ કે ઘરે બાળકને કેવી રીતે માનસિક સપોર્ટ આપવો, ખાસ કરીને પરીક્ષાના સમયે.

ઉપરોક્ત તમામ સંશોધનો અને ચર્ચાઓના અંતે આપણે એ મક્કમ નિષ્કર્ષ પર આવી શકીએ છીએ કે શિક્ષણ એ કોઈ એકલદોકલ પ્રક્રિયા નથી, પરંતુ તે એક ત્રિપાંખિયો સંગમ છે, જેમાં વિદ્યાર્થી, શિક્ષક અને વાલી ત્રણેયનો ફાળો સપ્રમાણ હોવો જોઈએ. ઘર અને શાળા વચ્ચેનું જોડાણ એ માત્ર પૂરકતાનું સાધન નથી, પરંતુ તે શિક્ષણને 'પૂર્ણતા' તરફ લઈ જતી એક અનિવાર્ય શરત છે. જ્યારે શાળાનું શિક્ષણ બાળકની બૌદ્ધિક ક્ષમતા વધારે છે, ત્યારે ઘરના સંસ્કારો તેના ચારિત્ર્યનું ઘડતર કરે છે. આ બંને જ્યારે એકબીજાના પૂરક બને છે, ત્યારે જ એક શ્રેષ્ઠ નાગરિકનું નિર્માણ થાય છે.

"ઘર અને શાળા : પૂરકતાથી પૂર્ણતા સુધી" એ માત્ર એક સૂત્ર નથી પણ એક મજબૂત શૈક્ષણિક દર્શન છે. સંશોધનોના સારાંશ પરથી એ સ્પષ્ટ થાય છે કે શિક્ષણની ગુણવત્તામાં સુધારો લાવવા માટે વાલી-શિક્ષક સંબંધ એ કોઈ વિકલ્પ નથી, પણ અનિવાર્યતા છે. જ્યારે ઘરનો સ્નેહ અને શાળાનું શિક્ષણ એકબીજામાં ભળે છે, ત્યારે જ એક પૂર્ણ વ્યક્તિત્વનું નિર્માણ થાય છે. આપણે સૌએ સાથે મળીને એક એવું વાતાવરણ ઊભું કરવું પડશે જ્યાં બાળકને એમ લાગે કે મારું ઘર એ મારી શાળા છે અને મારી શાળા એ મારું બીજું ઘર છે.

સંશોધનોએ વારંવાર સાબિત કર્યું છે કે શૈક્ષણિક ગુણવત્તા એ માત્ર ભૌતિક સુવિધાઓ કે સ્માર્ટ ક્લાસરૂમ પર નિર્ભર નથી, પરંતુ તે 'સંવાદ' પર નિર્ભર છે. જે શાળામાં વાલીઓ માટે દરવાજા હંમેશાં ખુલ્લા હોય છે અને જે ઘરોમાં શિક્ષકો પ્રત્યે આદર હોય છે, ત્યાં વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ સહજ બની જાય છે. નવી શિક્ષણ નીતિ (NEP ૨૦૨૦) પણ આ જ વાત પર ભાર મૂકે છે કે શિક્ષણમાં લોકભાગીદારી અને સમુદાયનો સહયોગ અનિવાર્ય છે.

આમ, ઘર અને શાળાના જોડાણને મજબૂત કરવા માટે આપણે જૂની રૂઢિચુસ્ત પદ્ધતિઓ ત્યજીને નવીન પ્રયોગો અપનાવવા પડશે. જો આપણે ઇચ્છીએ છીએ કે આપણું બાળક માત્ર માહિતીનો સંગ્રહક ન બને પણ જ્ઞાનનો ઉપાસક બને, તો આપણે (વાલી અને શિક્ષકે) એકબીજાનો હાથ પકડીને ચાલવું પડશે. પૂરકતાથી પૂર્ણતા સુધીની આ યાત્રામાં જ્યારે ઘર અને શાળાના વિચારોમાં એકરૂપતા આવશે, ત્યારે જ શિક્ષણની ગુણવત્તામાં સાચા અર્થમાં ક્રાંતિ આવશે. આ સેતુ જેટલો મજબૂત હશે, તેટલું જ બાળકની સફળતાનું શિખર ઊંચું હશે. શિક્ષણ એ સહિયારી જવાબદારી છે, અને આ જવાબદારીનું વહન પ્રેમ, શિસ્ત અને સમજણના પાયા પર થવું જોઈએ.

---

દુ:ખમેં સુમિરન સબ કરે, સુખમેં કરે ન કોય,
જો સુખમેં સુમિરન કરે, દુ:ખ કાહે કો હોય ?

# શાળા અને ઘરનો સેતુ : બાળકના વિકાસ, ઉત્કર્ષનો મનોવૈજ્ઞાનિક આધાર



- ડૉ. મયૂર વી. ભમ્મર
અધ્યક્ષ અને આસિ. પ્રોફેસર,
મનોવિજ્ઞાન વિભાગ, સરકારી વિનયન કૉલેજ,
રાણાવાવ, પોરબંદર. મો. ૮૨૦૦૬૦૨૫૨૬

બાળક એક એવું નવપલ્લવિત બીજ છે, જેના સર્વાંગીણ વિકાસ માટે ઘરની સંસ્કારમય ભૂમિ અને શાળાના જ્ઞાનરૂપી આકાશની જરૂરિયાત રહેલી છે. મનોવિજ્ઞાનના ગહન દૃષ્ટિકોણથી જોઈએ તો, બાળકની શીખવાની પ્રક્રિયા માત્ર ચાર દીવાલોના વર્ગખંડ કે પાઠ્યપુસ્તકો પૂરતી મર્યાદિત નથી; વાસ્તવમાં, તેનું અધ્યયન તો તેના ચોવીસે કલાકના સામાજિક અને પારિવારિક વાતાવરણનું સંયુક્ત પરિણામ છે. જ્યારે ઘરનાં મૂલ્યો અને શાળાના શિક્ષણ વચ્ચે એક મજબૂત અને જીવંત સેતુ રચાય છે, ત્યારે જ બાળકના વ્યક્તિત્વનું ઘડતર સંતુલિત, પ્રભાવશાળી અને તેજસ્વી બને છે. મનોવૈજ્ઞાનિક રીતે, બાળકની ભાવનાત્મક સ્થિરતાનો આધાર તેના જીવનના આ બે મુખ્ય સ્તંભો વચ્ચેના સુમેળ પર ટકેલો છે. આજના આધુનિક અને પડકારજનક યુગમાં, ખાસ કરીને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ના નૂતન અભિગમ સાથે, વાલી અને શિક્ષક વચ્ચેની આ ભાગીદારી હવે ફક્ત એક પસંદગી નથી, પરંતુ બાળકના ઉજ્જવળ ભવિષ્ય માટેની એક અનિવાર્ય મનોવૈજ્ઞાનિક જરૂરિયાત બની ગઈ છે. આ જોડાણ જ બાળકને એક જવાબદાર નાગરિક અને સંતુલિત માનવ તરીકે પ્રસ્થાપિત કરવામાં પાયાની ભૂમિકા ભજવે છે.

**મનોવૈજ્ઞાનિક પરિપ્રેક્ષ્ય :**

બાળકના વિકાસની જટિલ પ્રક્રિયાને સમજવા માટે મનોવૈજ્ઞાનિક યુરી બ્રોનફેનબ્રેનરે ઈકોલોજિકલ સિસ્ટિમ્સ થિયરી દ્વારા એક ક્રાંતિકારી દૃષ્ટિકોણ પૂરો પાડ્યો છે. આ સિદ્ધાંત અનુસાર, બાળકનું વ્યક્તિત્વ કોઈ શૂન્યાવકાશમાં નહીં, પરંતુ તેની આસપાસના પર્યાવરણનાં વિવિધ સ્તરો વચ્ચેની આંતરક્રિયા દ્વારા ઘડાય છે. આ માળખામાં માઈક્રોસિસ્ટિમ બાળકના જીવનનું સૌથી પ્રત્યક્ષ અને નિકટવર્તી પર્યાવરણ છે, જેમાં ઘર, કુટુંબ, મિત્રો અને શાળાનો સમાવેશ થાય છે. અહીં બાળક સીધો અનુભવ મેળવે છે અને સંબંધો બાંધે છે. જ્યારે મેસોસિસ્ટિમ માઈક્રોસિસ્ટિમના વિવિધ ઘટકો વચ્ચેના આંતર-સંબંધોનું પ્રતિનિધિત્વ કરે છે. જેમ કે, બાળકના વાલીઓ અને તેના શિક્ષકો વચ્ચેનો સંબંધ.

મનોવિજ્ઞાન જણાવે છે કે જો આ મેસોસિસ્ટિમમાં ખામી સર્જાય, એટલે કે ઘર અને શાળા વચ્ચેનો સંવાદ તૂટી જાય, તો બાળક તીવ્ર માનસિક દ્વિધા અને અસલામતી અનુભવે છે. જ્યારે ઘરનાં મૂલ્યો અને શાળાની અપેક્ષાઓ વિરોધાભાસી હોય, ત્યારે બાળકની શીખવાની ગતિ રૂંધાય છે. તેનાથી વિપરીત, જ્યારે વાલીઓ શાળાના શૈક્ષણિક અને સહ-શૈક્ષણિક કાર્યોમાં સક્રિય રસ લે છે અને શિક્ષકો બાળકના કૌટુંબિક પૃષ્ઠભૂમિ તથા તેના ઘરના વાતાવરણને સહાનુભૂતિપૂર્વક સમજે છે, ત્યારે એક મજબૂત મનોવૈજ્ઞાનિક સપોર્ટ સિસ્ટિમ તૈયાર થાય છે. આમ, બાળકનો ઉત્કર્ષ એ ફક્ત વર્ગખંડનું કાર્ય નથી, પણ ઘર અને શાળાના એકીકૃત મનોવૈજ્ઞાનિક વાતાવરણનું પરિણામ છે.

**સામાજિક અને ભાવનાત્મક વિકાસમાં ઘર અને શાળાની અતૂટ ભાગીદારી :**

બાળક માત્ર પુસ્તકિયું જ્ઞાન મેળવવા માટે જન્મેલું યંત્ર નથી, પરંતુ તે લાગણીઓ અને સંવેદનાઓનું એક જીવંત કેન્દ્ર છે. મનોવિજ્ઞાનમાં જેને સામાજિક-ભાવનાત્મક શિક્ષણ (SEL) કહેવામાં આવે છે, તેનો પાયો ઘર અને શાળાના સંયુક્ત વાતાવરણમાં નખાય છે. બાળક જ્યારે શાળાના ઉંબરે પગ મૂકે છે, ત્યારે તે પોતાની સાથે ઘરના સંસ્કારો અને ભાવનાત્મક અનુભવો લઈને આવે છે. આ પ્રક્રિયામાં કેટલાંક પાસાઓ અત્યંત નિર્ણાયક

ભૂમિકા ભજવે છે.

મનોવિજ્ઞાન મુજબ, જો બાળકના ઘરે કોઈ તણાવપૂર્ણ સ્થિતિ હોય અને શાળામાં તેને માત્ર કડક શિસ્તનો સામનો કરવો પડે, તો તેનું ભાવનાત્મક સંતુલન જોખમાય છે. પરંતુ, જો શિક્ષક અને વાલી વચ્ચે જીવંત સંવાદ હોય, તો શિક્ષક બાળકની માનસિક સ્થિતિ સમજીને તેને વર્ગખંડમાં સુરક્ષિત વાતાવરણ આપી શકે છે. બાળકોમાં જોવા મળતી અતિ-ચંચળતા, આક્રમકતા કે વધુ પડતું એકલવાયાપણું એ ઘણીવાર અકથિત માનસિક સંઘર્ષોનું પરિણામ હોય છે. જ્યારે ઘર અને શાળા એક જ સૂરમાં વાત કરે છે, ત્યારે બાળકના વર્તનમાં રહેલી વિસંગતતાઓને વહેલી ઓળખી શકાય છે. વાલી અને શિક્ષકની સંયુક્ત સમજણ બાળકને નકારાત્મક લાગણીઓ પર કાબૂ મેળવતાં અને સામાજિક સંબંધો કેળવતાં શીખવે છે.

બાળક અનુકરણથી શીખે છે. જ્યારે તે જુએ છે કે તેનાં માતા-પિતા અને શિક્ષકો એકબીજાનો આદર કરે છે અને સહયોગથી કામ કરે છે, ત્યારે તે અજાણતાં જ પરસ્પર આદર, સહાનુભૂતિ અને ટીમવર્ક જેવા સામાજિક ગુણો આત્મસાત્ કરે છે. મનોવૈજ્ઞાનિક રીતે, આ ભાગીદારી બાળકને સામાજિક રીતે સક્ષમ અને ભાવનાત્મક રીતે સ્થિર નાગરિક તરીકે તૈયાર કરવાની એક પ્રયોગશાળા છે.

**શૈક્ષણિક ઉત્કર્ષ અને ઘરના જોડાણનું મનોવૈજ્ઞાનિક મહત્ત્વ :**

વિદ્યાર્થીની શૈક્ષણિક સફળતાનો માપદંડ માત્ર તેનો બુદ્ધિઆંક નથી, પરંતુ તેની આસપાસ રચાતી સહાયક પ્રણાલી છે. મનોવિજ્ઞાન કહે છે કે જ્યારે બાળકને લાગે છે કે તેના શિક્ષણમાં તેનાં માતા-પિતા અને શિક્ષકો, બંને સમાન રીતે રસ લઈ રહ્યાં છે, ત્યારે તેની શીખવાની આંતરિક પ્રેરણા પ્રબળ બને છે.

શિક્ષણ એ ગુણ મેળવવાની કોઈ આંધળી દોટ નથી, પરંતુ ક્ષમતાવર્ધનની પ્રક્રિયા છે. મનોવૈજ્ઞાનિક દૃષ્ટિએ, જ્યારે ઘર અને શાળા વચ્ચે સુમેળ હોય છે, ત્યારે બાળક પર પર્ફોર્મન્સનું બિનજરૂરી દબાણ ઘટવા લાગે છે. વાલીઓ જ્યારે શાળાના શૈક્ષણિક લક્ષ્યાંકોને સમજે છે અને શિક્ષકો ઘરની મર્યાદાઓને ધ્યાનમાં રાખે છે, ત્યારે દબાણના સ્થાને પ્રોત્સાહનનું વાતાવરણ સર્જાય છે. દરેક બાળકની શીખવાની શૈલી ભિન્ન હોય છે; કોઈ જોઈને, કોઈ સાંભળીને તો કોઈ અનુભવીને વધુ ઝડપથી શીખે છે. શિક્ષક પાસે વર્ગખંડમાં મર્યાદિત સમય હોય છે, પરંતુ વાલી પાસે બાળકના સ્વભાવનું વર્ષોનું નિરીક્ષણ હોય છે. જ્યારે વાલી અને શિક્ષક આ માહિતીનું આદાન-પ્રદાન કરે છે, ત્યારે બાળકની વિશિષ્ટ જરૂરિયાતો મુજબનું શિક્ષણ કાર્ય શક્ય બને છે.

ઘણીવાર બાળકની ભણવાની નબળાઈ પાછળ કોઈ મનોવૈજ્ઞાનિક અવરોધ, જેમ કે લર્નિંગ ડિસેબિલિટી અથવા એકાગ્રતાનો અભાવ જવાબદાર હોઈ શકે છે. જો ઘર અને શાળા વચ્ચેનો સેતુ મજબૂત હોય, તો આવી મુશ્કેલીઓને શરૂઆતના તબક્કે જ ઓળખી શકાય છે. શાળામાં શીખવવામાં આવેલા પાઠ જ્યારે ઘરના વાતાવરણમાં વ્યવહારુ પ્રવૃત્તિઓ દ્વારા દોહરાવવામાં આવે છે, ત્યારે તે જ્ઞાન સ્મૃતિમાં કાયમી સ્થાન લે છે. જેમ કે, શાળામાં શીખેલું ગણિત જ્યારે વાલી સાથે બજારમાં ખરીદી કરતી વખતે વપરાય છે, ત્યારે બાળક માટે તે વિષય જીવંત બની જાય છે. આમ, શૈક્ષણિક ઉત્કર્ષ એ કોઈ એકાકી પ્રક્રિયા નથી, પરંતુ તે ઘર અને શાળાના પરસ્પર વિશ્વાસ અને સહયોગ પર ટકેલી ઇમારત છે.

**પાયાના સ્તરે ઘર-શાળા જોડાણ અને વાલીઓની વિશિષ્ટ ભૂમિકા :**

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦, એ ભારતીય શિક્ષણ વ્યવસ્થામાં એક યુગલક્ષી પરિવર્તન છે, જે શિક્ષણને માત્ર માહિતી મેળવવાનું સાધન નહીં, પણ શીખતાં શીખવાની પ્રક્રિયા માને છે. આ નીતિમાં સૌથી વધુ ભાર ફાઉન્ડેશનલ સ્ટેજ એટલે કે ૩ થી ૮ વર્ષની વયના બાળકો પર મૂકવામાં આવ્યો છે. મનોવૈજ્ઞાનિક રીતે આ ગાળો બાળકના મગજના વિકાસ માટે સૌથી નિર્ણાયક છે, કારણ કે આ સમયે તેના મગજનું ૮૫%થી વધુ ઘડતર થઈ ચૂક્યું હોય છે.

NEP ૨૦૨૦ ભારપૂર્વક જણાવે છે કે પાયાનાં

વર્ષોમાં શિક્ષણનું માધ્યમ માતૃભાષા હોવું જોઈએ. મનોવિજ્ઞાન કહે છે કે બાળક ઘરે જે ભાષામાં વિચારે છે અને લાગણીઓ વ્યક્ત કરે છે, તે જ ભાષામાં જો તેને શાળામાં પ્રતિસાદ મળે, તો તેનામાં આત્મવિશ્વાસ વધે છે.

પાયાના સ્તરે શિક્ષણ પદ્ધતિ મનોરંજક અને પ્રવૃત્તિ આધારિત હોવી જોઈએ. વાલીઓ જ્યારે ઘરે રમત-ગમત, વાર્તા-કથન કે કોયડાઓ ઉકેલવા જેવી પ્રવૃત્તિઓ કરે છે, ત્યારે તેઓ અજાણતાં જ શાળાના અભ્યાસક્રમને મજબૂત બનાવે છે. મનોવૈજ્ઞાનિક રીતે, આ પ્રવૃત્તિઓ બાળકના જ્ઞાનાત્મક અને શારીરિક વિકાસમાં હકારાત્મક ટેકો પૂરો પાડે છે.

NEP ૨૦૨૦ મુજબ, શાળા એક સામાજિક કેન્દ્ર છે. શાળા સંચાલન સમિતિમાં વાલીઓની સક્રિયતા અને નિયમિત વાલી-શિક્ષક સંવાદ દ્વારા શાળાના શૈક્ષણિક અને ભૌતિક વિકાસમાં વાલીઓનો સહયોગ લેવાની જોગવાઈ છે. આ જોડાણથી વાલીઓમાં શાળા પ્રત્યે એક પ્રકારની માલિકીની ભાવના પેદા થાય છે, જે છેવટે બાળકની હાજરી અને રસમાં વધારો કરે છે.

**તારુણ્ય અને ડિજિટલ યુગ : વાલી-શિક્ષક સંવાદની અનિવાર્યતા :**

કિશોરાવસ્થા એ માનવ જીવનનો સૌથી તોફાની અને પરિવર્તનશીલ તબક્કો છે. મનોવિજ્ઞાની જી. સ્ટેનલી હોલના મતે, આ તણાવ અને સંઘર્ષનો કાળ છે. આ સમયે બાળક શારીરિક, માનસિક અને હોર્મોનલ પરિવર્તનો-માંથી પસાર થતું હોય છે. આજના ૨૧મી સદીના ડિજિટલ યુગમાં, જ્યારે સ્ક્રીન એ બાળકની દુનિયા બની ગઈ છે, ત્યારે વાલી અને શિક્ષક વચ્ચેનો સેતુ એક સુરક્ષા કવચ તરીકે કામ કરે છે.

આજના કિશોરો સોશિયલ મીડિયા, ગેમિંગ અને ઈન્ટરનેટના પ્રભાવ હેઠળ છે. સાયબર બુલિંગ, ઓનલાઈન ફ્રોડ અને અયોગ્ય સામગ્રી સામે લડવા માટે માત્ર શાળાનું શિક્ષણ પૂરતું નથી. મનોવિજ્ઞાન કહે છે કે જ્યારે ઘર અને શાળામાં ડિજિટલ શિસ્તના નિયમો એક સમાન હોય, ત્યારે બાળક મૂંઝવણ અનુભવતું નથી. કિશોરાવસ્થામાં બાળક પોતાનાં માતા-પિતા કે શિક્ષકો કરતા મિત્રોના અભિપ્રાયને વધુ મહત્ત્વ આપે છે. આ સમયે જો વાલી અને શિક્ષક વચ્ચે સંવાદનો અભાવ હોય, તો બાળક ગેરમાર્ગે દોરાઈ શકે છે. વાલી-શિક્ષક બેઠક દરમિયાન માત્ર માર્ક્સની ચર્ચા કરવાને બદલે બાળકના બદલાતા સ્વભાવ, તેની સંગત અને તેના માનસિક સ્વાસ્થ્ય વિશે ચર્ચા થવી જોઈએ. બોર્ડની પરીક્ષાઓ, કારકિર્દીની પસંદગી અને સામાજિક દેખાવનો તણાવ આ ઉંમરે ચરમસીમાએ હોય છે. જો વાલીઓ ઘરે અને શિક્ષકો શાળામાં એકસરખું પ્રોત્સાહક વાતાવરણ પૂરું પાડે, તો બાળકની ચિંતામાં નોંધપાત્ર ઘટાડો થાય છે. આ સહિયારા પ્રયાસો બાળકને સ્થિતિસ્થાપકતા શીખવે છે, જે તેને નિષ્ફળતાનો સામનો કરતાં શીખવે છે.

એરિક એરિક્સનના મનો-સામાજિક સિદ્ધાંત મુજબ, કિશોરો પોતાની ઓળખ શોધવાનો પ્રયત્ન કરે છે. આ સમયે જો શાળા તેની ક્ષમતાઓને બિરદાવે અને વાલી તેના શોખને પ્રોત્સાહન આપે, તો બાળકનો આત્મવિશ્વાસ દૃઢ બને છે. ઘર અને શાળાનું જોડાણ આ તબક્કે બાળકને ભ્રમિત થતું અટકાવે છે અને તેને એક સ્પષ્ટ દિશા પ્રદાન કરે છે.

ઉપરોક્ત ચર્ચાને આધારે કહી શકાય કે બાળકનું ભવિષ્ય એ કોઈ એક પક્ષની જીત કે હાર નથી, પરંતુ તે શિક્ષક અને વાલીના સહિયારા પુરુષાર્થનું ફળ છે. મનોવિજ્ઞાન સાક્ષી છે કે જે બાળકને ઘર અને શાળા બંને તરફથી સમાન દિશા, સહયોગ અને સંવેદના પ્રાપ્ત થાય છે, તે બાળક માત્ર શૈક્ષણિક રીતે જ નહીં, પણ માનસિક અને સામાજિક રીતે પણ ઉચ્ચ શિખરો સર કરે છે. શાળા અને ઘરનો આ સેતુ માત્ર માહિતીના આદાન-પ્રદાન માટે નથી, પણ તે બાળકના આત્મવિશ્વાસની જીવાદોરી છે. આપણે એક એવી શિક્ષણ વ્યવસ્થાનું નિર્માણ કરવાનું છે જ્યાં ઘર એ પ્રથમ શાળા છે અને શાળા એ બીજું ઘર છે. જ્યારે આ ભાવના સાકાર થશે, ત્યારે જ આપણે મનોવૈજ્ઞાનિક રીતે સક્ષમ અને ભાવનાત્મક રીતે સમૃદ્ધ પેઢીનું સર્જન કરી શકીશું.

# તારુણ્યના સંધિકાળે વાલી-શિક્ષક સંવાદ : પ્રવર્તમાન આવશ્યકતા



- સાગર એ. ગાંધી
આસિસ્ટન્ટ પ્રોફેસર
પાંડેસરા બી.એડ્. કૉલેજ, સુરત.
મો. ૯૯૭૪૧૭૯૧૧૧

માનવ વિકાસયાત્રામાં તારુણ્ય એવો તબક્કો છે જ્યાં બાળપણની નિર્દોષતા અને પ્રૌઢાવસ્થાની જવાબદારી વચ્ચેનું સંક્રમણ થાય છે. આ અવસ્થા માત્ર શારીરિક પરિવર્તનોનો સમય નથી, પરંતુ ભાવનાત્મક ઊથલપાથલ, ઓળખ સંકટ, મૂલ્યમંથન અને સ્વતંત્રતાની તીવ્ર ઈચ્છાનો સમય છે. આવા સંવેદનશીલ સંધિકાળે તરુણને યોગ્ય માર્ગદર્શન, સહાનુભૂતિ અને વિશ્વાસપૂર્ણ વાતાવરણ મળે તો તેનું વ્યક્તિત્વ સુમેળભર્યું વિકસે છે અને જો અવગણના થાય તો ગૂંચવણ, વિમુખતા અને વર્તનસંકટ ઊભાં થઈ શકે છે.

આવી પરિસ્થિતિમાં વાલી અને શિક્ષક, બંને તરુણના જીવનના બે મજબૂત આધારસ્તંભ સર્વાધિક મહત્ત્વ ધરાવે છે. પરિવાર બાળકને લાગણીશીલ સુરક્ષા અને મૂલ્યો આપે છે, જ્યારે શાળા બુદ્ધિ, સામાજિકતા અને જીવનકૌશલ્યનું ઘડતર કરે છે. પરંતુ આ બંને વચ્ચે જીવંત અને સંવેદનશીલ સંવાદ ન હોય તો તરુણ મુંઝવણ અનુભવે છે. તેથી આજના સમયમાં 'વાલી-શિક્ષક સંવાદ'ને કોઈ ઔપચારિક પ્રક્રિયા નહીં, પરંતુ શૈક્ષણિક સંસ્કૃતિનું કેન્દ્ર બનાવવાની જરૂર છે.

સંસ્કૃતમાં કહેવાયું છે કે...

"विद्या ददाति विनयं, विनयाद् याति पात्रताम्।"

(વિદ્યા વિનય આપે છે અને વિનયથી યોગ્યતા પ્રાપ્ત થાય છે.)

આ વિનયપૂર્ણ અને સમજદારીભર્યો સંવાદ જ તરુણના સર્વાંગી વિકાસનો પાયો બની શકે છે.

**તારુણ્ય : સંક્રમણ અને સંવેદનશીલતાનો સમય :**

તારુણ્ય સામાન્ય રીતે ૧૨થી ૧૯ વર્ષની વય વચ્ચેનો સમયગાળો માનવામાં આવે છે. આ તબક્કામાં તરુણના શરીર, મન અને સામાજિક વર્તનમાં ઝડપથી પરિવર્તન આવે છે. હોર્મોનલ ફેરફારોને કારણે ભાવનાત્મક અસ્થિરતા વધે છે, સ્વતંત્રતા માટેનો આગ્રહ તીવ્ર બને છે અને સમવયસ્કોનો પ્રભાવ વધુ જોવા મળે છે. આ અવસ્થાની કેટલીક વિશેષતાઓ પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરવું જરૂરી છે.

- સ્વઅસ્તિત્વ અને ઓળખ વિશે ગૂંચવણ
- માતા-પિતા સાથે મતભેદની વધતી સંભાવના
- જોખમ લેવાની વૃત્તિ
- તાત્કાલિક આનંદ તરફ આકર્ષણ
- ડિજિટલ માધ્યમોનો વધતો ઉપયોગ
- ભાવનાત્મક સંવેદનશીલતા

માનસશાસ્ત્રીઓના મત મુજબ આ સમયગાળો "Storm and Stress" તરીકે ઓળખાય છે. એટલે જ તરુણને માર્ગદર્શન આપતી વખતે સંવેદનશીલતા, ધીરજ અને સતત સંવાદ અનિવાર્ય બને છે.

સંસ્કૃતમાં કહેવાયું છે કે...

"बालानां रक्षणं कर्तव्यम्।"

(બાળકોનું સંરક્ષણ કરવું આવશ્યક છે.)

આ સંરક્ષણનો અર્થ માત્ર નિયંત્રણ નહીં, પરંતુ સમજણપૂર્વકનું માર્ગદર્શન છે.

તારુણ્ય વિકાસમાં પરિવાર અને શાળાની સહિયારી ભૂમિકા

તરુણના જીવનમાં પરિવાર અને શાળા બે પૂરક સંસ્થાઓ છે. પરિવાર લાગણીશીલ આધાર અને પ્રાથમિક મૂલ્યો આપે છે, જ્યારે શાળા સામાજિક વ્યવહાર, શૈક્ષણિક ક્ષમતા અને જીવન કૌશલ્ય વિકસાવે છે.

જો બંને વચ્ચે સુમેળ હોય તો તરુણને સ્પષ્ટ દિશા મળે છે અને જો વિરોધાભાસ હોય તો તે દ્વંદ્વમાં ફસાય છે. ઉદાહરણ તરીકે, જો ઘરેથી કડક નિયંત્રણ અને શાળામાં

સંપૂર્ણ સ્વતંત્રતા મળે, તો તરુણ ગૂંચવાઈ શકે છે.

આથી વાલી અને શિક્ષક વચ્ચેનો સંબંધ ‘ભાગીદારી’ આધારિત હોવો જોઈએ, ‘દોષારોપણ’ આધારિત નહીં.

સંસ્કૃત સૂક્તિ આ વિચારને મજબૂત બનાવે છે...

“गुरुर्ब्रह्मा गुरुर्विष्णुः गुरुर्देवो महेश्वरः।”

અહીં ગુરુનો મહિમા દર્શાવાયો છે, પરંતુ ગુરુ અને પરિવાર વચ્ચેનું સંકલન જ તરુણને પૂર્ણતા તરફ લઈ જાય છે.

**વાલી-શિક્ષક સંવાદ : શૈક્ષણિક અને માનસિક વિકાસનો આધાર :**

વાલી-શિક્ષક સંવાદ તરુણના સર્વાંગી વિકાસ માટે અત્યંત મહત્ત્વપૂર્ણ છે, કારણ કે તે ઘર અને શાળા વચ્ચેનો વિશ્વાસપૂર્ણ પુલ બનાવે છે. નિયમિત અને સંવેદનશીલ સંવાદ દ્વારા વિદ્યાર્થીની શૈક્ષણિક પ્રગતિ, અભ્યાસની મુશ્કેલીઓ અને વર્તન સંબંધિત પરિવર્તનોની સમયસર ઓળખ શક્ય બને છે, જેના પરિણામે યોગ્ય માર્ગદર્શન આપી શકાય છે. માનસિક દૃષ્ટિએ પણ એવો સંવાદ તરુણને સુરક્ષા, સ્વીકાર અને સહયોગનો અનુભવ કરાવે છે, જે તેના આત્મવિશ્વાસ, ભાવનાત્મક સંતુલન અને હકારાત્મક વલણના વિકાસ માટે આવશ્યક છે. શૈક્ષણિક અને માનસિક વિકાસનો આધાર નીચેની કેટલીક બાબતો પર આધાર રાખે.

**૧. ભાવનાત્મક સ્થિરતા માટે આધાર :**

તરુણ ઘણી વખત પોતાની અંદરની ઊથલપાથલ વ્યક્ત કરી શકતો નથી. શિક્ષક વર્ગખંડમાં તેના વર્તનમાં ફેરફાર જુએ છે, જ્યારે વાલી ઘરમાં તેની ભાવનાત્મક સ્થિતિ અનુભવે છે. બંને વચ્ચે સંવાદ થાય તો સમયસર સહાય મળી શકે છે.

**૨. વર્તન સમસ્યાઓની વહેલી ઓળખ :**

ગેરહાજરી, પરિણામમાં ઘટાડો, ચીડિયાપણું, ડિજિટલ લત જેવા બધા સંકેતો વહેલી તકે પકડવા માટે વાલી-શિક્ષક સંવાદ જરૂરી છે.

**૩. શૈક્ષણિક પ્રગતિમાં ગુણાત્મક સુધારો :**

ઘર અને શાળા એક જ દિશામાં કાર્ય કરે ત્યારે તરુણના અભ્યાસમાં સ્થિરતા આવે છે. સંશોધનો દર્શાવે છે કે વાલી સંલગ્નતા વધે ત્યારે વિદ્યાર્થીઓનું શૈક્ષણિક પ્રદર્શન સુધરે છે.

**૪. મૂલ્ય અને સંસ્કારનું સંવર્ધન :**

ઈમાનદારી, જવાબદારી, સહાનુભૂતિ જેવાં મૂલ્યો ત્યારે જ આંતરિક બને છે જ્યારે ઘર અને શાળા, બંનેમાં સમાન સંદેશ મળે.

**૫. ડિજિટલ જોખમો સામે સંરક્ષણ :**

સાયબર બુલિંગ, ઑનલાઈન ગેમિંગ લત, અયોગ્ય સામગ્રી જેવા નવા પડકારો સામે સંકલિત માર્ગદર્શન અત્યંત જરૂરી છે.

આ રીતે વાલી અને શિક્ષક વચ્ચેનું સુમેળભર્યું સંવાદમંડળ તરુણને માત્ર સારો વિદ્યાર્થી નહીં, પરંતુ તેના શૈક્ષણિક અને માનસિક વિકાસના ઘડતરમાં અગત્યની ભૂમિકા ભજવે છે.

**પ્રવર્તમાન સમયમાં સંવાદને અસર કરતા પડકારો :**

પ્રવર્તમાન સમયમાં વાલી-શિક્ષક સંવાદને અનેક વાસ્તવિક પડકારો અસર કરે છે. ઝડપી અને વ્યસ્ત જીવનશૈલીને કારણે વાલીઓ અને શિક્ષકો, બંને પાસે ગુણવત્તાસભર ચર્ચા માટે પૂરતો સમય રહેતો નથી. ઘણી શાળાઓમાં સંવાદ માત્ર ઔપચારિક મિટિંગ સુધી સીમિત રહી જાય છે, જેના કારણે મુદ્દાસર અને વિશ્વાસભર્યો સંપર્ક વિકસતો નથી. ઉપરાંત, ગેરસમજ, દોષારોપણની માનસિકતા અને તરુણની ગોપનીયતા અંગેની સંવેદનશીલતા ન રાખવાથી પણ અંતર ઊભું થાય છે. ડિજિટલ માધ્યમોના વધતા ઉપયોગે સંદેશાવ્યવહાર સરળ બનાવ્યો છે, પરંતુ દરેક વાલી ટૅક્નોલૉજી સક્ષમ ન હોવાને કારણે ડિજિટલ અંતર પણ ઊભું થયું છે. પરિણામે, જરૂરી હોવા છતાં સંવાદ ઘણી વખત સપાટી પર જ રહી જાય છે અને તેની અસરકારકતા ઘટે છે. સંવાદને અસર કરતા કેટલાક પડકારો આ પ્રમાણે છે.

**૧. વ્યસ્ત જીવનશૈલી અને સમયનો અભાવ :**

આધુનિક જીવનની ઝડપી ગતિએ વાલી અને શિક્ષક, બંનેને સમયના ગંભીર સંકટ સામે ઊભા કર્યા છે. રોજગાર, વ્યાવસાયિક જવાબદારીઓ અને ઘરેલુ દોડધામ વચ્ચે વાલીઓ માટે શાળાની મુલાકાત અથવા વિગતવાર ચર્ચા માટે સમય કાઢવો મુશ્કેલ બને છે. બીજી તરફ શિક્ષકો પર વધતાં વહીવટી કાર્યો, મૂલ્યાંકન, રિપોર્ટિંગ અને સહશૈક્ષણિક પ્રવૃત્તિઓનું ભારણ પણ તેમને વ્યક્તિગત સંવાદ માટે પૂરતો અવકાશ આપતું નથી. પરિણામે, સંવાદ માત્ર જરૂરી માહિતીની આપ-લે સુધી સીમિત રહી જાય છે અને તરુણના વ્યક્તિત્વ વિકાસ સંબંધિત ઊંડા મુદ્દાઓ પર ચર્ચા થઈ શકતી નથી.

**૨. સંવાદનું ઔપચારિકીકરણ :**

ઘણી શૈક્ષણિક સંસ્થાઓમાં વાલી-શિક્ષક બેઠક એક ઔપચારિક પ્રક્રિયા બની ગઈ છે, જેમાં હાજરી નોંધાવવી અને સામાન્ય માહિતી આપવી એ જ મુખ્ય ઉદ્દેશ રહે છે. આવા પ્રસંગોમાં વ્યક્તિગત અવલોકન, તરુણની વિશિષ્ટ જરૂરિયાતો અથવા ભાવનાત્મક સ્થિતિ વિશે ગંભીર ચર્ચા થતી નથી. ક્યારેક મિટિંગનો સમય મર્યાદિત હોય છે અથવા વાલીઓની સંખ્યા વધારે હોવાને કારણે અર્થસભર સંવાદ માટે પૂરતો અવકાશ મળતો નથી. પરિણામે, બેઠકનો મૂળ હેતુ વિદ્યાર્થીના સર્વાંગી વિકાસ માટે સહિયારું આયોજન અપૂર્ણ રહી જાય છે અને સંવાદ જીવંત પ્રક્રિયા બનવાને બદલે માત્ર ઔપચારિક ફરજ બની રહે છે.

**૩. ગેરસમજ અને અવિશ્વાસ :**

વાલી અને શિક્ષક વચ્ચે પારદર્શિતા અને પરસ્પર સન્માનનો અભાવ હોય ત્યારે ગેરસમજ ઊભી થવાની શક્યતા વધે છે. કેટલીક વખત વિદ્યાર્થીની સમસ્યાઓ માટે વાલી શાળાને જવાબદાર ગણે છે, જ્યારે શિક્ષક ઘરેલુ વાતાવરણને કારણભૂત માને છે. આ દોષારોપણની માનસિકતા સંવાદને સહયોગી બનવા દેતી નથી અને બંને પક્ષ વચ્ચે અદૃશ્ય અંતર ઊભું કરે છે. વિશ્વાસના અભાવે ખુલ્લી ચર્ચા થતી નથી, પરિણામે તરુણની જરૂરિયાતો પર યોગ્ય ધ્યાન કેન્દ્રિત થતું નથી. સુમેળભર્યા વિકાસ માટે જરૂરી ભાગીદારી ગેરસમજના કારણે નબળી પડી જાય છે.

**૪. ડિજિટલ અંતર :**

ટૅક્નોલૉજીના વધતા ઉપયોગે સંદેશાવ્યવહારના નવા માર્ગો ખોલ્યા છે, પરંતુ દરેક વાલી માટે આ સાધનો સમાન રીતે સુલભ નથી. ગ્રામીણ વિસ્તારો, આર્થિક મર્યાદાઓ અથવા ડિજિટલ સાક્ષરતાના અભાવને કારણે ઘણા વાલીઓ શાળા એપ, ઈમેલ અથવા ઑનલાઇન મિટિંગનો પૂરતો લાભ લઈ શકતા નથી. બીજી તરફ કેટલાક વાલીઓ માત્ર ડિજિટલ સંદેશાઓ પર આધાર રાખે છે, જેના કારણે સામસામેના સંવાદની માનવીય ઉષ્મા ઘટે છે. આ ડિજિટલ અંતર સંદેશાની સ્પષ્ટતા, સમયસર પ્રતિસાદ અને વિશ્વાસપૂર્ણ સંબંધ સ્થાપિત કરવામાં અવરોધ ઊભો કરે છે.

**૫. તરુણની ગોપનીયતા :**

તારુણ્યમાં તરુણ પોતાની વ્યક્તિગતતા અને સ્વતંત્રતાને ખૂબ મહત્ત્વ આપે છે. આવી સ્થિતિમાં તેની શૈક્ષણિક કે વર્તન સંબંધિત માહિતી વહેંચતી વખતે સંવેદનશીલતા રાખવી અત્યંત જરૂરી છે. જો વાલી-શિક્ષક સંવાદ દરમિયાન તરુણની લાગણીઓ અથવા વ્યક્તિગત મુદ્દાઓને અવગણીને ખુલ્લેઆમ ચર્ચા થાય, તો તેના મનમાં અવિશ્વાસ અને અસુરક્ષા ઊભી થઈ શકે છે. પરિણામે તે પોતાની વાત છુપાવવા લાગે છે અથવા સંવાદથી દૂર ભાગે છે. તેથી ગોપનીયતા અને પારદર્શિતાનો સંતુલિત અભિગમ જાળવવો આવશ્યક છે, જેથી તરુણનો વિશ્વાસ અખંડિત રહે અને માર્ગદર્શન અસરકારક બની શકે.

**અસરકારક વાલી-શિક્ષક સંવાદ માટે વ્યવહારુ વ્યૂહરચનાઓ :**

વાલી-શિક્ષક સંવાદ ત્યારે જ અસરકારક બને છે જયારે તે આયોજનબદ્ધ, સંવેદનશીલ અને સહભાગિતાપૂર્ણ હોય. માત્ર બેઠક યોજવી પૂરતી નથી; તેના પાછળ યોગ્ય અભિગમ, સંવાદ કૌશલ્ય અને

વિશ્વાસનું વાતાવરણ હોવું જરૂરી છે. આજના તારુણ્ય સંદર્ભે તરુણની જરૂરિયાતો વધુ જટિલ બની છે, તેથી સંવાદની પદ્ધતિઓને પણ આધુનિક અને વ્યવહારુ બનાવવી આવશ્યક છે. શાળા અને પરિવાર વચ્ચે જીવંત અને પરિણામકારક જોડાણ સ્થાપિત કરવા માટે નીચે રજૂ કરેલી વ્યૂહરચનાઓ મદદરૂપ બની શકે છે.

**૧. સંવેદનશીલ શરૂઆત :**

વાલી-શિક્ષક સંવાદની શરૂઆત હંમેશાં હકારાત્મક અને વિશ્વાસજનક રીતે થવી જોઈએ. વિદ્યાર્થીની શક્તિઓ અને પ્રગતિનો ઉલ્લેખ કરવાથી વાલી વધુ મુક્ત મનથી ચર્ચામાં જોડાય છે. માત્ર ખામીઓ પર ધ્યાન કેન્દ્રિત કરવાને બદલે સંતુલિત અભિગમ અપનાવવો જરૂરી છે. વિનમ્ર ભાષા અને સહયોગી દૃષ્ટિ સંવાદને રચનાત્મક દિશા આપે છે.

**૨. નિયમિતતા અને પૂર્વ આયોજન :**

અસરકારક સંવાદ માટે નિયમિત અને પૂર્વનિયોજિત મુલાકાતો અત્યંત જરૂરી છે. વર્ષમાં એકવારની મિટિંગ પૂરતી નથી; સમયાંતરે સંવાદ થવાથી વિદ્યાર્થીની પ્રગતિ પર સતત નજર રાખી શકાય છે. અગાઉથી આયોજન થવાથી શિક્ષક અને વાલી બંને તૈયારી સાથે ચર્ચામાં જોડાય છે. આથી સંવાદ વધુ ગોઠવાયેલો અને અર્થસભર બને છે.

**૩. દ્વિમાર્ગી સંવાદ :**

સાચો સંવાદ ત્યારે જ બને જ્યારે બંને પક્ષને સમાન રીતે બોલવાની અને સાંભળવાની તક મળે. શિક્ષકે વાલીની વાત ધ્યાનપૂર્વક સાંભળવી અને તેના અનુભવને માન્યતા આપવી જોઈએ. એકતરફી સૂચનાઓની જગ્યાએ ચર્ચાત્મક અભિગમ વધુ અસરકારક રહે છે. પરસ્પર સન્માન સંવાદને વિશ્વાસપૂર્ણ બનાવે છે.

**૪. માહિતી (પ્રદત) આધારિત ચર્ચા :**

વિદ્યાર્થી વિશેની ચર્ચા, તથ્યો અને અવલોકન પર આધારિત હોવી જોઈએ. પ્રગતિ રિપોર્ટ, નોંધપોથી અથવા વર્ગખંડનાં ઉદાહરણો રજૂ કરવાથી સ્થિતિ વધુ સ્પષ્ટ બને છે. આથી ગેરસમજની શક્યતા ઘટે છે અને ઉકેલ માટે સહયોગ વધે છે. માહિતી (પ્રદત) આધારિત અભિગમ સંવાદને વ્યાવસાયિક બનાવે છે.

**૫. ટેક્નોલૉજીનો સંયમિત ઉપયોગ :**

ડિજિટલ સાધનો સંદેશાવ્યવહારને ઝડપી બનાવે છે, પરંતુ તેનો સંયમિત ઉપયોગ જરૂરી છે. રૂટિન માહિતી માટે વૉટ્સઍપ અથવા શાળા ઍપ ઉપયોગી છે, જ્યારે સંવેદનશીલ મુદ્દાઓ માટે વ્યક્તિગત મુલાકાત વધુ યોગ્ય રહે છે. ટૅક્નોલૉજી માનવીય સંબંધનો વિકલ્પ નહીં પરંતુ સહાયક સાધન તરીકે ઉપયોગમાં લેવાય તે જરૂરી છે.

**૬. તરુણની ભાગીદારી :**

ઉચ્ચ ધોરણના વિદ્યાર્થીઓને ચર્ચામાં યોગ્ય રીતે સામેલ કરવાથી તેમની જવાબદારી અને આત્મજાગૃતિ વધે છે. વિદ્યાર્થી પોતાની મુશ્કેલીઓ અને લક્ષ્યો વિશે ખુલ્લું બોલવા પ્રોત્સાહિત થાય છે. દોષારોપણમુક્ત વાતાવરણ જાળવવાથી તેની સંલગ્નતા વધે છે. આ રીતે સંવાદ વધુ પારદર્શક અને અસરકારક બને છે.

**૭. મેન્ટરિંગ અને કાઉન્સેલિંગ :**

શાળામાં મેન્ટર અથવા કાઉન્સેલિંગ વ્યવસ્થા હોવાને કારણે સંવાદ વધુ ઊંડો અને વ્યાવસાયિક બને છે. તાલીમબદ્ધ માર્ગદર્શનથી તરુણની શૈક્ષણિક સાથે ભાવનાત્મક જરૂરિયાતો પણ સમજાઈ શકે છે. મેન્ટર વિદ્યાર્થી, વાલી અને શિક્ષક વચ્ચે સેતુરૂપ બની શકે છે. આથી સહયોગી વાતાવરણ મજબૂત બને છે.

તરુણાવસ્થા એ જીવનનો સંધિકાળ છે. અહીં યોગ્ય માર્ગદર્શન મળે તો વ્યક્તિત્વ ખીલે છે, અને અવગણના થાય તો ગૂંચવણ ઊભી થાય છે. આ સંવેદનશીલ યાત્રામાં વાલી અને શિક્ષક બંને સહયાત્રી છે. તેમના વચ્ચેનો જીવંત, સંવેદનશીલ અને સહયોગી સંવાદ તરુણ માટે સુરક્ષિત પુલ સમાન છે.

આજના ઝડપી, ડિજિટલ અને સ્પર્ધાત્મક યુગમાં વાલી-શિક્ષક સંવાદને ઔપચારિકતા નહીં, પરંતુ શૈક્ષણિક સંસ્કૃતિનું કેન્દ્ર બનાવવાની તાતી જરૂર છે.

# સામાજિક સમરસતાના કેન્દ્ર તરીકે શાળા એક મજબૂત આધારસ્તંભ



- ડૉ. ફાલ્ગુની આર. રાઠોડ
ઉપશિક્ષક- સિસોદ્રા (ગણેશવડ) કન્યાશાળા
પીએમશ્રી- ગુજરાત, તા.જિ.નવસારી
મો. ૯૪૨૮૩૮૦૧૭૪

આપણે જાણીએ છીએ કે માનવ સમાજનું નિર્માણ માત્ર ઈંટ-પથ્થરોથી બનેલાં ઘરો કે ભૌતિક સુવિધાઓથી થતું નથી, પરંતુ સંવેદના, સંસ્કાર, સહઅસ્તિત્વ અને પરસ્પર સમજૂતીથી બને છે. આ મૂલ્યોને પોષણ આપતું સૌથી મજબૂત આધારસ્થાન જો કોઈ હોય, તો તે છે શાળા. શાળા માત્ર ભણતર આપતી સંસ્થા જ નથી; પણ તે સમાજના ભવિષ્યના નાગરિકોને ઘડતી એક સંસ્કારશાળા છે. અહીંથી જ વ્યક્તિ સમાજમાં કેવી રીતે જીવવું, વિચારવું અને સહજીવન સાધવું તે બધું શીખે છે. તેથી શાળાને યોગ્ય રીતે સામાજિક સમરસતાનું કેન્દ્ર કહી શકાય.

**સામાજિક સમરસતાનો અર્થ :**

સામાજિક સમરસતા એટલે સમાજના વિવિધ વર્ગો, જાતિઓ, ધર્મો, ભાષાઓ, લિંગો અને આર્થિક પૃષ્ઠભૂમિના લોકો વચ્ચે સુમેળ, સહકાર અને સહઅસ્તિત્વની ભાવનાની ખિલવણી. તેમાં ભેદભાવનો અભાવ, સમાનતા, પરસ્પર આદર અને સામૂહિક જવાબદારીનો સમાવેશ થાય છે. સમરસ સમાજમાં કોઈ પણ વ્યક્તિને તેની ઓળખના આધારે નીચી કે કોઈથી જુદી માનવામાં આવતી નથી. દરેકને પોતાના વિચારો વ્યક્ત કરવાની, વિકાસ કરવાની અને માન સાથે જીવવાની તક મળે છે. આ પ્રકારની સામાજિક ચેતના કુદરતી રીતે જન્મતી નથી; તેને ઘડવી પડે છે અને આ ઘડતરનું કાર્ય કરે છે શાળા!

**શાળા : સમાજનું એક પ્રતિબિંબ :**

શાળા પોતે એક નાનો સમાજ જ છે. અહીં વિવિધ કુટુંબો, જુદી-જુદી આર્થિક સ્થિતિ, ભાષા, ધર્મ અને સંસ્કૃતિ ધરાવતાં બાળકો ભેગાં થાય છે. આ ભિન્નતાની વચ્ચે જો સમાનતા અને સહકારનું વાતાવરણ ઊભું થાય, તો બાળકો સ્વાભાવિક રીતે સમરસતાના પાઠ શીખી જાય છે. શાળાનું વાતાવરણ જો ભેદભાવરહિત, લોકશાહી અને સહભાગિતાવાળું હોય, તો તે સમાજમાં પણ આવી જ માનસિકતા ફેલાવવાનું કામ કરે છે. આ રીતે શાળા સમાજનું પ્રતિબિંબ પણ છે અને સમાજનો ઘડવૈયો પણ છે.

**શિક્ષણ અને સમરસતા વચ્ચે આંતરિક સંબંધ :**

શિક્ષણનો મૂળ હેતુ માત્ર જાણકારી આપવાનો નથી, પરંતુ માનવીને માનવ બનાવવાનો છે. સાચું શિક્ષણ માનવતાનાં મૂલ્યો જેવાં કે સહાનુભૂતિ, સહનશીલતા, ન્યાય અને સમાનતાને ઉજાગર કરે છે. જ્યારે વિદ્યાર્થી ઇતિહાસ, સમાજશાસ્ત્ર, ભાષા અને સાહિત્ય ભણે છે, ત્યારે તે વિવિધ સંસ્કૃતિઓ અને વિચારો સાથે પરિચિત થાય છે. આ પરિચય જ પૂર્વગ્રહોને તોડી નાખે છે. અજાણપણાને કારણે પરથી જન્મતા ભય અને દ્વેષને શિક્ષણ દૂર કરે છે, અને સમજૂતીનો માર્ગ ખોલે છે.

**પાઠ્યક્રમમાં સામાજિક સમરસતા :**

શાળાના પાઠ્યક્રમમાં જો સમરસતાને યોગ્ય સ્થાન આપવામાં આવે, તો તેનો પ્રભાવ અત્યંત ઊંડો જોવા મળે છે. ઇતિહાસમાં સ્વતંત્રતા આંદોલનના સંયુક્ત પ્રયાસો, સાહિત્યમાં માનવ એકતા અને સમાનતાના સંદેશો, નાગરિકશાસ્ત્રમાં બંધારણીય મૂલ્યો,નૈતિક શિક્ષણમાં સહજીવન અને સહકાર આ બધું વિદ્યાર્થીને અજાણતાં જ સામાજિક રીતે સંવેદનશીલ બનાવે છે. પાઠ્યપુસ્તક માત્ર વિષયવસ્તુ જ નથી રહેતું, પરંતુ જીવનમૂલ્યોનું સાધન બની જાય છે.

**શિક્ષકની ભૂમિકા : સમરસતાના એક શિલ્પી તરીકે :**

શિક્ષક માત્ર વિષય શીખવનાર નથી; તે વિચાર ઘડનાર છે. વિદ્યાર્થી શિક્ષકના શબ્દો કરતાં વધુ તેના વર્તનમાંથી શીખે છે.

જો શિક્ષક જાતિ, ધર્મ, લિંગ કે આર્થિક સ્થિતિના આધારે કોઈ ભેદભાવ ન રાખે, સૌ સાથે સમાન વર્તન કરે, તો વિદ્યાર્થીઓ પણ એ જ શીખે છે. શિક્ષક દ્વારા અપનાવવામાં આવતી લોકશાહી પદ્ધતિ, સંવાદ, સહનશીલતા અને ન્યાયબુદ્ધિ આ બધું સમરસતાનાં મૂલ્યોને વધારે મજબૂત કરે છે.

**શાળા સહઅભ્યાસ અને સહકારની સંસ્કૃતિ :**

શાળામાં અનેક પ્રકારની સહ અભ્યાસિક પ્રવૃત્તિઓ કરાવવામાં આવે છે જેવી કે સમૂહકાર્ય, પ્રોજેક્ટ વર્ક, રમતગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓ પરસ્પર સહકાર શીખે છે.

જ્યારે વિવિધ પૃષ્ઠભૂમિનાં બાળકો એક જ ટીમમાં રમે છે, એક જ મંચ પર નાટક કરે છે અથવા એક જ પ્રોજેક્ટ માટે કામ કરે છે, ત્યારે તેમની વચ્ચે સ્વાભાવિક રીતે મિત્રતા અને વિશ્વાસ વિકસે છે. આ અનુભવ તેમને જીવનભર કામ આવે છે.

**શાળામાં ભાષા અને સંસ્કૃતિનું સન્માન :**

ભારત જેવી બહુરંગી સંસ્કૃતિ ધરાવતા સમાજમાં ભાષા અને સંસ્કૃતિનું વૈવિધ્ય વિશાળ છે. શાળા જો દરેક ભાષા અને સંસ્કૃતિ પ્રત્યે સન્માનની ભાવના વિકસાવે, તો સામાજિક સમરસતા મજબૂત બને છે. વિવિધ તહેવારોની ઉજવણી, લોકસાહિત્ય, લોકગીતો અને પરંપરાઓને સ્થાન આપવાથી બાળકો શીખે છે કે 'ભિન્નતા એ ખામી નથી, પરંતુ સાચી સંપત્તિ છે.'

**શાળા અને સામાજિક ન્યાય :**

સામાજિક સમરસતા માટે ન્યાય અત્યંત આવશ્યક છે. શાળા જો દરેક વિદ્યાર્થીને સમાન તક આપે. ભલે તે ગરીબ હોય કે સમૃદ્ધ, શહેરી હોય કે ગ્રામ્ય તો સમરસતાનો આધાર મજબૂત થાય છે. મિડ-ડે મિલ, શિષ્યવૃત્તિ, મફત પાઠ્યપુસ્તકો અને સમાવેશી શિક્ષણ જેવી યોજનાઓ શાળાને સામાજિક ન્યાયનું સાધન બનાવે છે.

**શાળા : લોકશાહી મૂલ્યોની પ્રયોગશાળા :**

વિદ્યાર્થી સંસદ, મૉનિટર સિસ્ટિમ, ચર્ચા-વિવાદ, મતદાન જેવી પ્રવૃત્તિઓ દ્વારા બાળકો લોકશાહી મૂલ્યો શીખે છે.

અહીં તેઓ શીખે છે કે પોતાની વાત કેવી રીતે શાંતિપૂર્વક રજૂ કરવી, બીજાની વાત સાંભળવી અને બહુમતીના નિર્ણયને સ્વીકારવો. આ લોકશાહી અનુભવ સામાજિક સમરસતાનો પાયો મજબૂત કરે છે.

**પડકારો અને શક્યતાઓ :**

આજના સમયમાં શાળા સામે અનેક પડકારો છે. સામાજિક વિભાજન, આર્થિક અસમાનતા, ડિજિટલ અંતર અને વધતી અસહનશીલતા. છતાં, શાળામાં અપનાવવામાં આવતી યોગ્ય શૈક્ષણિક દિશા આ પડકારોને તકોમાં બદલી શકે છે. જો શાળા માત્ર પરીક્ષા કેન્દ્ર ન બની રહે, પરંતુ સંવાદ અને સંવેદનાનું કેન્દ્ર બને, તો તે સમાજમાં પરિવર્તન લાવવાની શક્તિ ધરાવે છે.

**ભવિષ્યની દિશા તરફ :**

ભવિષ્યનો સમાજ કેવો હશે, તે આજની શાળાઓ નક્કી કરે છે. જો આજે બાળકો સમરસતાનાં મૂલ્યો સાથે ઊછરે, તો આવતીકાલે સમાજમાં દ્વેષ, હિંસા અને ભેદભાવને સ્થાન નહીં રહે. શાળા દ્વારા પોષાયેલી સમરસતા પરિવાર, સમાજ અને રાષ્ટ્ર સુધી પ્રસરે છે અને એક સુમેળભર્યા માનવ સમાજનું નિર્માણ કરે છે.

શાળા માત્ર ભણતરનું જ સ્થાન નથી, પરંતુ સામાજિક સમરસતાનું એક જીવંત કેન્દ્ર છે. અહીંથી જ માનવતાની શરૂઆત થાય છે, અહીંથી જ સહઅસ્તિત્વના પાઠો શીખવા મળે છે. સંસ્કૃતમાં કહેવાયું છે તેમ 'સર્વે ભવન્તુ સુખિનઃ, સર્વે સંતુ નિરામયાઃ' અને આ ભાવના જો ક્યાંક સાકાર થતી હોય, તો તે શાળાના પ્રાંગણમાં જ થાય છે. સમાજને જો સુમેળભર્યું, શાંતિપૂર્ણ અને ન્યાયસભર બનાવવું હોય, તો શાળાને સમરસતાના એક કેન્દ્ર તરીકે મજબૂત બનાવવું અત્યંત અનિવાર્ય બને છે. એ માટે સૌ કોઈએ એક સાથે એને પૂર્ણ કરવા માટે પ્રયત્નો હાથ ધરવા જોઈએ. આવનારી પેઢી સમરસ સમાજમાં વિકસે આગળ વધે અને એનો પાયો શાળામાં નંખાય એ દિશામાં આગળ વધીએ.

# બાળકને સમજવાની બે આંખો : ઘર અને શાળા



- ડૉ. અજય રાવલ
આસિ. પ્રોફેસર, એસ. એસ. પટેલ કૉલેજ
ઑફ એજ્યુકેશન, કડી સર્વ વિશ્વવિદ્યાલય,
ગાંધીનગર. મો. ૯૭૨૩૧૩૨૮૯૨

એક સામાન્ય વાલી શિક્ષક મિટિંગના દૃશ્યની કલ્પના કરો. ટેબલની એક બાજુએ અનુભવી શિક્ષક બેઠા છે અને તેમની બરાબર સામે અપેક્ષાઓથી ભરેલાં માતાપિતા બેઠાં છે. આ બંનેની બરાબર વચ્ચે એક નાનકડું અને માસૂમ બાળક સાવ શાંતિથી બેઠું છે. ઓરડામાં ચર્ચા ખૂબ ગંભીરતાથી ચાલી રહી છે. વાત તેના ગુણો વિશે થઈ રહી છે, વર્ગખંડમાં તેની શિસ્ત વિશે થઈ રહી છે અને ભવિષ્યમાં તેની પ્રગતિ વિશે થઈ રહી છે. આખા ઓરડામાં પ્રદર્શન, મૂલ્યાંકન, સુધારો અને જવાબદારી જેવા મોટા અને ભારેખમ શબ્દો સતત ગુંજી રહ્યા છે. પરંતુ આ આખી બૌદ્ધિક ચર્ચામાં પેલું નાનકડું બાળક જાણે ક્યાંક ખોવાઈ ગયું છે અને તેનો પોતાનો અવાજ ક્યાંક સાવ ગુમ થઈ ગયો છે.

અહીં એક બહુ મોટો અને પાયાનો સવાલ ઊભો થાય છે કે શું આપણે આપણા બાળકને સાચે જ સમજીએ છીએ ખરા! કોઈ પણ બાળકને સંપૂર્ણપણે સમજવા માટે માત્ર એક જ નજર ક્યારેય પૂરતી હોતી નથી. તેને ઊંડાણપૂર્વક સમજવા માટે બે અલગ અલગ આંખો જોઈએ, જેમાં એક આંખ ઘરની છે અને બીજી આંખ શાળાની છે. ઘર બાળકને લાગણીના સરોવરમાંથી જુએ છે જ્યારે શાળા તેને અનંત સંભાવનાઓના આકાશમાંથી જુએ છે. ઘર તેની તમામ નબળાઈઓને કોઈ પણ શરત વિનાના સ્વીકાર સાથે જુએ છે, જ્યારે શાળા એ જ નબળાઈઓને એક નવી શક્તિમાં પરિવર્તિત કરવાની અમૂલ્ય તક તરીકે જુએ છે. જ્યારે આ બંને ભિન્ન દૃષ્ટિકોણો એકસાથે મળે છે અને એકબીજાના પૂરક બને છે ત્યારે જ કોઈ પણ બાળકનું સંપૂર્ણ અને સ્પષ્ટ ચિત્ર ઊપસી આવે છે.

**ઘર : બાળકનું પ્રથમ અને પારદર્શક વિશ્વ :**

બાળકના જીવનનો સૌથી પહેલો વર્ગખંડ તેનું પોતાનું ઘર હોય છે. અહીં પાટિયું કે ચોક બિલકુલ હોતા નથી પરંતુ અહીં તે જીવનની સૌથી અઘરી ભાષા એટલે કે પ્રેમના પાઠ શીખે છે. અહીં તે માનવીય સંબંધોની ગૂંચવણો શીખે છે અને દુનિયા પર વિશ્વાસ મૂકતાં શીખે છે. ઘરમાં માતાપિતા સાથે થતો રોજિંદો અને નિખાલસ સંવાદ એ બાળકના આત્મવિશ્વાસના ચણતરની સૌથી પહેલી અને પાયાની ઈંટ છે.

પોતાના ઘરમાં બાળક પોતાની સાવ અસલ ઓળખ સાથે જીવતું હોય છે. તે અહીં કોઈ પણ જાતના ડર કે સંકોચ વિના નિર્ભય રીતે ખડખડાટ હસી શકે છે, પોતાની પીડા છુપાવ્યા વિના રડી શકે છે, મનમાં ઊઠતા અસંખ્ય વિચિત્ર પ્રશ્નો પૂછી શકે છે અને સૌથી મોટી વાત કે તે અહીં ખુલ્લા દિલથી ભૂલો કરી શકે છે. માતાપિતા તરફથી મળતો આ બિનશરતી સ્વીકાર અને અદ્ભુત સુરક્ષાની લાગણી તેના સમગ્ર વ્યક્તિત્વને એક સુંદર ઘાટ આપે છે. ઘર જ બાળકને સત્ય, સહાનુભૂતિ, પરસ્પર સહકાર અને પોતાની જવાબદારી જેવાં શાશ્વત મૂલ્યોની ભેટ આપે છે. પરિવારનાં સભ્યોના રોજિંદા વર્તન દ્વારા જ બાળક એ શીખે છે કે સમાજમાં સંવાદ કેવી રીતે કરવો, વિચારોના મતભેદને શાંતિથી કેવી રીતે હલ કરવો અને નિષ્ફળતાની આંધી સામે અડગ બનીને કેવી રીતે ઊભા રહેવું.

પરંતુ ઘણી વખત ઘર અને શાળા વચ્ચે યોગ્ય અને સતત સંવાદના અભાવને કારણે એક બહુ મોટી ગેરસમજ ઊભી થતી હોય છે. ઘર ગર્વથી કહેતું હોય છે કે અમારું બાળક તો ખૂબ શાંત અને ડાહ્યું છે. તેની સામે શાળા ફરિયાદના સૂરમાં કહેતી હોય છે કે વર્ગની કોઈ પ્રવૃત્તિમાં તે ભાગ જ લેતું નથી અને સાવ અળગું રહે છે. આશ્ચર્યની વાત એ છે કે આ બંને નિવેદનો પોતાની જગ્યાએ સાચાં

હોઈ શકે છે પરંતુ તે બંને નિવેદનો સાવ અધૂરાં છે. ઘરની આંખ બાળકની ભીતર ચાલતી લાગણીઓના પ્રવાહને બહુ સારી રીતે વાંચી શકે છે. તે તરત ઓળખી જાય છે કે બાળક ક્યારે ઉદાસ છે, ક્યારે અતિશય ઉત્સાહિત છે અને ક્યારે કોઈ અદૃશ્ય દબાણનો અનુભવ કરી રહ્યું છે. જો ઘર પોતાના આ અદ્ભુત ભાવનાત્મક સંકેતોને શાળાના શિક્ષકોની સાથે નિયમિત રીતે વહેંચે તો શિક્ષક એ જ બાળકને ભવિષ્યમાં વધુ સંવેદનશીલ રીતે અને સચોટ માર્ગદર્શન આપી શકે.

**શાળા : વિશાળ સમાજ તરફ ખૂલતું સપ્તરંગી દ્વાર :**

બીજી બાજુ, શાળા માત્ર પાઠ્યપુસ્તકો અને અભ્યાસક્રમનો પરિચય કરાવતી કોઈ નિર્જીવ ઇમારત નથી. શાળા ખરા અર્થમાં સમાજ નામના એક વિશાળ અને જટિલ માળખાનો પ્રથમ પરિચય છે. અહીં બાળક પોતાની જ ઉંમરના પરંતુ સાવ અલગ પૃષ્ઠભૂમિમાંથી આવતાં અસંખ્ય બાળકો સાથે ભળે છે. તે જુદા જુદા સ્વભાવ, ભિન્ન વિચારો અને વિવિધ સંસ્કૃતિઓ સાથે તાદાત્મ્ય સાધતાં શીખે છે.

શાળા બાળકને જીવનની સૌથી મોટી મૂડી, એટલે કે નિયમિતતા અને શિસ્ત શીખવે છે. સમયનું અમૂલ્ય મહત્ત્વ, સોંપાયેલું કાર્ય પૂર્ણ કરવાની નિષ્ઠા, ટીમવર્કની ભાવના અને પરિસ્થિતિને સાચવી લેવાનું નેતૃત્વ-આ બધું જ વર્ગખંડની ચાર દીવાલોની અંદર અને શાળાના વિશાળ મેદાનમાં વિકસતું હોય છે. એક સાચો શિક્ષક બાળકને માત્ર વિજ્ઞાન કે ગણિતના વિષયો જ નથી શીખવતો પરંતુ તે બાળકની અંદર વર્ષોથી સુષુપ્ત પડેલી જિજ્ઞાસાને એક નવી દિશા આપે છે. શિક્ષક દ્વારા મુશ્કેલ સમયમાં કહેવાયેલો પ્રોત્સાહનનો એક નાનકડો શબ્દ કે 'મને તારા પર પૂરો વિશ્વાસ છે'- એ બાળકના સમગ્ર જીવનમાં કલ્પનાતીત ફેરફાર લાવી શકે છે.

પરંતુ આપણે એ પણ સ્વીકારવું રહ્યું કે શાળાની આંખ પણ ક્યારેક સાવ મર્યાદિત થઈ જાય છે, ખાસ કરીને ત્યારે જ્યારે તેની દૃષ્ટિ માત્ર પરીક્ષાના પરિણામ અને માર્કશીટના ગુણ પર જ કેન્દ્રિત થઈ જાય. બાળકનું વર્તન, અન્ય લોકો સાથે હળવા મળવાની તેની સામાજિક કુશળતા અને તેની ભીતર વહેતી સર્જનાત્મકતા આ બધી જ બાબતોને જો બરાબર જોવામાં અને પોષવામાં આવે તો જ શિક્ષણની પ્રક્રિયા સાચા અર્થમાં સંપૂર્ણ બને છે. શાળા જ એવી જગ્યા છે જ્યાં બાળક પોતાના ઘરની હૂંફમાંથી મેળવેલા સંસ્કારો અને મૂલ્યોને બાહ્ય જગતના કઠોર વ્યવહારમાં અજમાવે છે. જો ઘર અને શાળા વચ્ચે અદ્ભુત સુમેળ હોય તો બાળક આ બે જુદા જુદા વિશ્વમાં જીવીને ક્યારેય ગૂંચવાતું નથી પરંતુ એક સતત અને સમૃદ્ધ અનુભવોની યાત્રામાં આત્મવિશ્વાસથી આગળ વધે છે.

**બે ભિન્ન દુનિયાની વચ્ચે ઊભેલું માસૂમ બાળપણ :**

ઘર અને શાળાના સિદ્ધાંતો વચ્ચે ક્યારેક એવો તણાવ ઊભો થાય છે જેનો સીધો ભોગ બાળક બને છે. ઘર બાળક માટે વધુમાં વધુ સુરક્ષા ઇચ્છે છે જ્યારે શાળા તેને દુનિયાનો સામનો કરવા માટે વધુ સ્વતંત્રતા આપવા ઇચ્છે છે. ઘર તેને દરેક પડકારમાં ભાવનાત્મક આધાર પૂરો પાડે છે જ્યારે શાળા તેની કાર્યક્ષમતા અને આધુનિક સ્પર્ધામાં ટકી રહેવાની ક્ષમતા પર સતત ભાર મૂકે છે.

આ બે વિચારધારાઓની વિસંગતિ બાળકને અંદરથી ગૂંચવી શકે છે. જો ઘરે તેને એમ શીખવવામાં આવે કે નવું શીખવા માટે ભૂલ કરવી એકદમ વાજબી છે અને બીજી તરફ શાળામાં એક નાનકડી ભૂલ માટે તેનું જાહેરમાં અપમાન થાય તો બાળક અંદરથી ઊંડી અસુરક્ષિતતા અનુભવે છે. તે પોતાની જાતને સંકોચી લે છે. તેથી જ આજના સમયમાં એ અત્યંત જરૂરી છે કે આ બંને સંસ્થાઓ વચ્ચેનો સંવાદ પારદર્શક અને અતૂટ બને. વાલી શિક્ષક મિટિંગ એ માત્ર માર્કશીટના આંકડાઓની સરખામણી કરવા માટેનો કાર્યક્રમ ન રહેતાં, તે બાળકની સમગ્ર માનવીય ઓળખ અને તેના માનસિક વિકાસ પર ચર્ચા કરવા માટેનો એક જીવંત મંચ બનવો જોઈએ.

બાળકની શૈક્ષણિક મુશ્કેલીઓ હોય, મિત્રો સાથેના વર્તણૂકીય પડકારો હોય કે પછી કોઈ છૂપું ભાવનાત્મક સંકટ હોય, બંને પક્ષે એકબીજાની સામે બેસીને નહિ પરંતુ એકબીજાની પડખે ઊભા રહીને તેનો ઉકેલ શોધવો

જોઈએ. તમારું બાળક અથવા મારો વિદ્યાર્થી જેવી માલિકીભાવ દર્શાવતી ભાષા બદલીને હવે 'આપણું બાળક' અને 'આપણે મળીને' જેવા સહકારના શબ્દો અપનાવવાનો સમય પાકી ગયો છે.

બાળપણના પ્રાથમિક વર્ષોમાં ઘર અને શાળાની આ ભાગીદારી સૌથી વધુ નિર્ણાયક અને મહત્ત્વપૂર્ણ હોય છે. આ જ એ નાજુક તબક્કો છે જેમાં બાળકની ભાષા, તેની સ્વતંત્ર વિચારશક્તિ, તેની ભાવનાત્મક સુરક્ષા અને તેની સામાજિક કુશળતાનો પાયો નંખાય છે.

જો માતાપિતા પોતાના ઘરમાં જ્ઞાનવર્ધક વાચન, બોધદાયક વાર્તાઓ અને સર્જનાત્મક રમકડાં દ્વારા નવું શીખવાની એક આગવી સંસ્કૃતિ ઊભી કરે અને શાળા પણ પોતાના પરિસરમાં રમતાં-રમતાં શીખવાનો અભિગમ અપનાવે તો બાળક માટે ભણતર ક્યારેય ભાર નથી બનતું પરંતુ તે એક નિત્ય આનંદનો ઉત્સવ બની જાય છે.

આ ઉપરાંત, આજના આધુનિક સમયમાં બાળક પુસ્તકો અને સંબંધો કરતાં વધારે સ્ક્રીન વચ્ચે જીવતો થઈ ગયો છે. સ્માર્ટફોન, વીડિયો ગેઈમ્સ અને સોશિયલ મીડિયા આ બધું જ હવે તેના રોજિંદા જીવનનો એક અવિભાજ્ય ભાગ બની ચૂક્યું છે. આવા સમયે જો ઘર અને શાળા બંને એક મંચ પર આવીને ડિજિટલ માધ્યમોના ઉપયોગ અંગે સંયુક્ત અને સમાન માર્ગદર્શન આપે તો જ ટૅક્નોલૉજી બાળકના વિકાસનું સાધન બની શકે છે.

જો એક પક્ષ કડક નિયંત્રણ લાદે અને બીજો પક્ષ આંખ આડા કાન કરીને સંપૂર્ણ સ્વતંત્રતા આપી દે તો બાળક હંમેશાં છટકબારીઓ શોધતાં શીખી જાય છે. ડિજિટલ જીવનમાં યોગ્ય સંતુલન જાળવવા માટે સ્પષ્ટ નિયમો, ખુલ્લો સંવાદ અને પરસ્પર વિશ્વાસ આ ત્રણેય બાબતો અત્યંત જરૂરી છે.

**એક સંપૂર્ણ માનવીના ઘડતરની સંયુક્ત યાત્રા :**

ઘર અને શાળા બંને એકબીજાના કટ્ટર હરીફ નથી પરંતુ એકબીજાના અવિભાજ્ય પૂરક છે. એક વગર બીજું સાવ અધૂરું અને પાંગળું છે. બાળક હંમેશાં આ બે વિશાળ દુનિયાની બરાબર વચ્ચે ઊભું હોય છે. જો ઘર અને શાળાના વિચારો વચ્ચે જમીન આસમાનનું અંતર હોય તો બાળક પોતાને અંદરથી સાવ વિખરાયેલું અને અસ્તવ્યસ્ત અનુભવે છે. પરંતુ જો આ બંને ધ્રુવો વચ્ચે સુંદર સમન્વય સધાયેલો હોય તો બાળક અંદરથી વજ્ર જેવું મજબૂત અને બહારથી ફૂલ જેવું ખીલેલું બને છે.

શિક્ષણનો સાચો અને અંતિમ અર્થ માત્ર માહિતી કે પુસ્તકિયા જ્ઞાન આપવાનો ક્યારેય નહોતો; તેનો મુખ્ય ઉદ્દેશ્ય તો એક ઉત્તમ અને સંવેદનશીલ માનવી ઘડવાનો છે અને આટલું પવિત્ર અને ભગીરથ કાર્ય કોઈ એક સંસ્થા એકલી પોતાના ખભા પર ઉપાડી શકતી નથી. બાળકને સમજવાની બે અણમોલ આંખો છેઃ એક ઘર અને બીજી શાળા. જ્યારે આ બંને આંખો પૂરી રીતે ખુલ્લી, સંપૂર્ણ સંવેદનશીલ અને એકબીજા પ્રત્યે સહયોગી હોય ત્યારે જ બાળકનું સાચું, સુંદર અને અફાટ સ્વરૂપ દુનિયાની સામે પ્રગટ થાય છે.

આજથી જ આપણે 'મારું' અને 'તમારું' જેવા સંકુચિત શબ્દોની સીમાઓ ઓળંગીને 'આપણે' શબ્દની વિશાળતા તરફ ડગ માંડીએ. કારણ કે કોઈ પણ બાળકનું ઉજ્જવળ ભવિષ્ય માત્ર સરકારી નીતિઓ કે શિક્ષણ બોર્ડના નિયમોમાં નથી લખાતું પરંતુ તે ઘર અને શાળા વચ્ચેના જીવંત સંબંધોની કલમથી લખાય છે. યાદ રાખીએ જ્યારે ઘરનો પ્રેમ અને શાળાનું જ્ઞાન એકબીજા સાથે મજબૂતીથી હાથ મિલાવે છે, માત્ર ને માત્ર ત્યારે જ બાળક ખુલ્લા આકાશમાં ઊંચી અને આત્મવિશ્વાસભરી ઉડાન ભરી શકે છે.

સંપત ગઈ તે સાંપડે, ગયાં વળે છે વહાણ
ગત અવસર આવે નહીં, ગયા ન આવે પ્રાણ.

# ઘર અને શાળા : બાળવિકાસની ગંગોત્રી



- ડૉ. દિનેશકુમાર ડી. પરમાર
ઉચ્ચ શિક્ષણ નિરીક્ષક,
નોડલ અધિકારી, ઉચ્ચ શિક્ષણની કચેરી,
બોટાદ. મો. ૯૯૨૪૫૩૮૨૮૨

પૃથ્વીનો છેડો એટલે ઘર. આપણાં સ્મરણોનો હિંડોળો એટલે ઘર. ઘર એ આપણા સમણાંનું ઉપવન છે. જ્યાં જીવનનો બહુધા ભાગ પસાર થતો હોય તે ઘર ભૌતિક રીતે કદાચ આલીશાન ન હોય પણ વૈચારિક, સંવેદના અને વિવેકની દૃષ્ટિએ સમૃદ્ધ હોય તો તે ઘર ધરતી પરનું ખરું સ્વર્ગ ગણી શકાય. જે ઘરમાં પરસ્પર સ્નેહ, સમજણ અને વિશ્વાસ ન હોય તો તે ઘર; ઘર ન રહેતાં સિમેન્ટ અને ક્રોંક્રીટનું મકાન બની રહે છે. જે ઘરમાં પ્રામાણિકતા અને નિખાલસતાનો વાસ છે તે ઘર; પ્રેમમંદિર બની રહે છે. બહારની ભાગદોડવાળી જિંદગીથી થાકીને જ્યારે વ્યક્તિ નિજઘરે આવે છે ત્યારે પોતાના પરિવારનાં સભ્યોને મળીને નિરાંતનો શ્વાસ લે છે. કિલ્લોલ કરતા ઘરથી વ્યક્તિનો સઘળો થાક ઊતરી જાય છે અને તે પરમ શાંતિનો અનુભવ મેળવી અનુપમ પરિતોષ પામે છે. બાકી બહારની દુનિયામાં ઝંઝટ હોય અને ઘરે પણ એ જ સ્થિતિ હોય તો માણસ શારીરિક અને માનસિક રીતે રુગ્ણ બને છે અને જીવનનો ભાર વેંઢારતાં વેંઢારતાં પોતાનું આયખું પૂરું કરે છે.

જેમ મોટેરાઓને ઘર સાથે આસક્તિ અને અનુરાગ હોય છે તેમ બાળકો માટે ઘર એ નિર્દોષ, નિષ્કપટ અને નિષ્કંટક સ્નેહનું સરનામું બની રહે છે. યથોચિત બાળવિકાસ માટે ઘરનું વાતાવરણ વિખવાદી ન બની રહેતા સુસંવાદી બની રહે તે અત્યંત જરૂરી છે. જે ઘરમાં માતાપિતા વચ્ચે કજિયાકંકાસ, અવિશ્વાસ અને પરસ્પર સ્નેહનો અભાવ હોય તે ઘરના બાળક પાસેથી ઉમદા વર્તનની અપેક્ષા કેવી રીતે રાખી શકાય? આવા પ્રકારના અધઃગામી વર્તનની બાળક પર ખૂબ જ વિઘાતક અને લાંબાગાળાની નિષેધક અમીટ છાપ પડતી હોય છે. જે ઘરમાં માતાપિતાનો અવાજ ઊંચો થતો હોય ત્યાં બાળકો હંમેશાં ઉચાટમાં રહેતાં હોય છે. જે ઘરમાં બાળકો વ્હાલનાં વલખાં મારતાં હોય તે ઘરમાં દીકરો કે દીકરી યુવાનવયે અન્ય વ્યક્તિ સાથે ભાગી જઈ વ્હાલ મેળવતાં નજરે ચડે છે. જે ઘરમાં વ્યસનની બૂ આવતી હોય, વ્યભિચાર અને અત્યાચાર આચરાતો હોય, માનસિક સંકીર્ણતાનું વરવું સામ્રાજ્ય પથરાયેલું હોય, અનીતિનું ધન આવતું હોય, પરસ્પર સ્નેહનો અભાવ હોય તે ઘરમાં કલ્લોલ નહીં, પણ માત્ર ઘોંઘાટ જ જોવા મળે. બાળપણથી બાળક ઘરમાં જે કંઈ સારાં અને નરસાં વર્તનો જુએ છે તેની ભાત તેના વ્યક્તિત્વ પર પડ્યા વગર રહેતી નથી.

બાળક એ ઈશ્વરનું એક અદ્ભુત સર્જન છે. ઘરમાં બાળક સાથે કરાતું પ્રત્યેક વર્તન ખૂબ જ કાળજી માંગનારું બની રહે છે. જે ઘરમાં બાળક પર અકારણ ગુસ્સો કે પ્રતાડન કરવામાં આવે છે તે ઘરનું બાળક ગુસ્સા કે પ્રતાડનનું અન્ય બાળકો કે ઘરનાં ભાઈબહેનો પર પ્રક્ષેપણ કરતું થઈ જાય છે. બાળકને યોગ્ય વર્તનભાતો માત્ર વાર્તાઓ કે ઉપદેશોથી ન શિખવાડતાં, સ્વંયભૂ વર્તન કરીને શિખવાડીએ તો જ તેનુ અસરકારક અને રૂડું પરિણામ મળે છે. ઘર એ બાળકના સંસ્કાર માટેનું ધરુવાડિયું છે. બાળકને યોગ્ય અવસરો પૂરા પાડીને તેનામાં મૂલ્યોનું સંગોપન કરી શકાય છે. સમાજમાં અને શાળામાં છાશવારે વિદ્યાર્થીઓ દ્વારા થતું આક્રમક, બેહૂદું અને પુષ્પ્ર વર્તન ઘરના વાતાવરણની ચાડી ખાધા વગર રહેતું નથી. આજના ટૅક્નોક્રેટ યુગમાં બાળઘડતર ખૂબ જ જવાબદારી માંગી લેતો સંવેદનશીલ વિષય બની ગયો છે, જે વાત ઊડીને આંખે વળગે એવી છે.

બાળકના સર્વાંગીણ વિકાસની આધારશિલા ઘર છે. આ આધારશિલા પોલી, તકલાદી અને જર્જરિત હશે તો બાળકનું ભવિષ્યનું વ્યક્તિત્વ બોદું, નબળું અને

આત્મવિશ્વાસવિહોણું બની રહેવાની શકયતા નિવારી શકાતી નથી. જ્યારે બાળક ઘરથી શાળામાં સંક્રાંત થાય છે ત્યારે ઘરના ભાવાવરણથી તે અલિપ્ત રહી શકતું નથી. બાળકમાં ઘરમાં પાંગરેલાં મૂલ્યો સતત તેના વ્યક્તિત્વ ફરતે પરિક્રમા કરતાં જોવા મળે છે. ધીમેધીમે બાળક શાળામાં શીખવવામાં આવતાં મૂલ્યોના સંસર્ગમાં આવતાં ઘણીવખત મૂલ્યોનો વિરોધાભાસ પણ ઊભો થાય છે. આવા સમયે બાળકની મનોસ્થિતિ ખૂબ જ દયાજનક બને છે. જો ઘર અને શાળા દ્વારા શીખવવામાં આવતાં વિધાયક મૂલ્યો વચ્ચે સામ્યતા ઊભી થાય તો જ બાળકને હાશકારો થાય છે, નહીંતર બાળક દ્વિધાભરી સ્થિતિમાં મુકાઈ જાય છે.

શાળા બાળક માટે મનગમતું સ્નેહનું સરનામું બની રહે તેવું દરેક બાળક ઈચ્છે છે. બાળકને શાળામાં વ્હાલ સાથે જ્ઞાન મળે તો સોનામાં સુગંધ ભળે. આખરે તો શાળા એ સમાજની લઘુઆવૃત્તિ છે. ઘર અને સમાજમાં પ્રવર્તતા સારાં અને ખરાબ વર્તનો શાળા સુધી પહોંચી જવામાં કામિયાબ નીવડતાં હોય છે. આવા સમયે શાળાની જવાબદારી અનેકગણી વધી જાય છે. ઘર અને સમાજની તાસીર જાણીને સુયોગ્ય રીતે બાળકને કેળવણી આપવામાં આવે તો તેનું ધાર્યું પરિણામ મેળવી શકાય છે. જ્યારે શાળા અને ઘર વચ્ચે મજબૂત સેતુ રચાય છે ત્યારે બાળવિકાસને ઊર્ધ્વગામી દિશા આપી શકાય છે. આપણે ત્યાં ધીમેધીમે શાળા અને ઘર વચ્ચેનો નાતો શિથિલ બનતો નજરે ચડે છે તે પ્રતીત થયા વગર રહેતું નથી. ઘર અને શાળા વચ્ચેનું ભૌતિક અંતર ભલે ઘટ્યું હોય પણ વૈચારિક અંતર ખૂબ વધ્યું હોય તેવું લાગે છે. આવા સમયે બાળઘડતર અર્થે શાળા અને ઘર પરસ્પર ઐકય સાધે તે સામ્પ્રતની તાતી જરૂરિયાત છે.

બાળકના વ્યક્તિત્વ વિકાસમાં શાળાની ભૂમિકાને ઓછી કે આછી ન આંકી શકાય. શાળા દ્વારા બાળકોને જગતના વિધવિધ અનુભવો મળે છે. કહો કે શાળાના સારસ્વતો સમગ્ર દુનિયાને વર્ગખંડની ચાર દીવાલો વચ્ચે મૂકી આપે છે. શાળા થકી વિદ્યાર્થીઓ ભૌતિક જગતનું ઘણુંખરું સૈદ્ધાંતિક અને વ્યવહારુ જ્ઞાન મેળવે છે. શાળાકક્ષાથી બાળકના ભવિષ્યનો રોડમૅપ તૈયાર થતો હોય છે. આથી ઘર અને શાળા બાળવિકાસની બહુમુખી ગંગોત્રી બની રહે તેવા પ્રયાસો બન્ને દ્વારા થવા ઘટે. ઘર અને શાળા વચ્ચે સમજણનો સેતુ રચાય તે ખૂબ અનિવાર્ય છે, નહીંતર ગુણવંત શાહ એક જગ્યાએ નોંધે છે કે, ‘સમજણનો સંબંધ એ જ ખરો સેતુ; બાકીના બધા તો રાહુ અને કેતુ.’ એવું થાય. બાળવિકાસની બારાખડીથી શાળા અને ઘર, બન્નેએ અવગત થવું ખૂબ જરૂરી બની રહે છે, નહીંતર બાળવિકાસ ખોડંગાતો અને લકવાગ્રસ્ત બનવાની સંભાવના વધી જતી હોય છે. આ માટે સમયાંતરે માતાપિતાએ શાળાની મુલાકાત અને શાળાના સારસ્વતોએ બાળકના ઘરની મુલાકાત લેવી પરસ્પર હિતાવહ છે.

ઘર, શાળા અને બાળક આ ત્રણેય વચ્ચેનો સંબંધ એક પ્રકારના ત્રિશંકુ જેવો છે. જેમાં ટોચ પર બાળક છે અને તેના આધારો અનુક્રમે ઘર અને શાળા છે. આ બન્ને આધારો મજબૂત, અસરદાર અને નક્કર હોય તો બાળકનાં જીવનની દિશા સ્પષ્ટ બને છે. ઘણીવખત અમુક વ્યક્તિઓને ૧૫-૨૦ વર્ષે જીવનની દિશા મળી જતી હોય છે તો અમુક ૬૦ વર્ષે પણ ભટકતા હોય છે. બાળકને ઘર અને શાળા દ્વારા સુયોગ્ય, મનભાવન, હૃદયલુભાવન ભાવાવરણ મળી રહે તો એ બાબત બાળવિકાસનો એક્સ્પ્રેસ વે બની રહે છે. બાળકના જીવનને મેઘધનુષી બનાવવામાં ઘર અને શાળાની ભૂમિકા મહત્ત્વની બની રહે છે. ઘર અને શાળા બન્ને તરફથી બાળકની ઉપેક્ષા, પ્રતાડન કે સ્નેહનો અભાવ ઊભો થાય તો બાળકનું જીવન રંગવિહીન, બદલાની ભાવનાપ્રેરિત અને સમાજવિઘાતક બને છે. દરેક ગુનેગારનાં મૂળ ઘર અને શાળા સુધી આંબતાં હોય છે તે સત્ય સ્વીકાર્યા વગર છૂટકો નથી. આપણે ત્યાં નાગરિકની ઉપલબ્ધિને ઘર, શાળા અને સમાજ હોંશેહોંશે શગ શગ મોતીડે વધાવે છે, પરંતુ સમાજમાં ગુનેગારોની જવાબદારી ઘર કે શાળા પોતાની માથે લેતી નથી તે સમજવા જેવી, કડવી અને નગ્ન હકીકત છે.

# માર્કશીટની બહારનું બાળક : અસીમ સંભાવનાઓ



- ધ્રુમિલ એ. રાજ્યગુરુ
આસિ. પ્રોફેસર, આર. એચ. પટેલ ઇંગ્લિશ મીડિયમ બી.એડ્. કૉલેજ, કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગર. મો. ૯૯૯૮૩૨૦૦૪૫

પરિણામનો દિવસ એટલે જાણે શ્વાસ અટકાવી દેતી કોઈ અદૃશ્ય કસોટીનો અંતિમ પડાવ. શાળાના ગેટ બહાર ઊભેલાં માતા-પિતાના ચહેરાઓ પર અનેક ભાવોની વણઝાર જોવા મળે છે. કોઈના ચહેરા પર અદમ્ય ઉત્સાહ છલકાતો હોય છે તો કોઈના ચહેરા પર અકથ્ય ચિંતા અને ભયનાં વાદળો ઘેરાયેલાં હોય છે. આ ભારેખમ વાતાવરણ વચ્ચે એક નાનકડું બાળક પોતાના હાથમાં માર્કશીટ નામનો એક કાગળ લઈને બહાર આવે છે. તેની આંખોમાં એક સાથે આશા, ભય, મૂંઝવણ અને સ્વીકૃતિની ઝંખના સ્પષ્ટ વાંચી શકાય છે. આ સમયે મોટાભાગે પહેલો પ્રશ્ન એ જ પુછાય છે કે તારા કેટલા ટકા આવ્યા? કમનસીબે એ બાળકની મનોસ્થિતિ સમજવાનો કે તું કેમ છે એવો સાવ સહજ સવાલ પૂછવાની દરકાર કોઈ કરતું નથી.

માર્કશીટ ખરેખર તો માત્ર કાગળનું એક પાનું છે પરંતુ તમારું બાળક એક આખેઆખું જીવંત પુસ્તક છે. એ પુસ્તકમાં માત્ર આંકડાઓ નથી પરંતુ અનેક સપનાઓ, કલ્પનાઓ, સૂક્ષ્મ સંવેદનાઓ, નિખાલસ મિત્રતા, અદ્‌ભુત હિંમત અને નિષ્ફળતામાંથી શીખેલા અમૂલ્ય પાઠ નોંધાયેલા છે. સૌથી અગત્યની વાત એ છે કે દરેક બાળકની પોતાની એક આગવી અને અનોખી ઓળખ હોય છે કે જે ક્યારેય કોઈ માર્કશીટના ખાનામાં સમાઈ શકતી નથી.

આપણે ઘણીવાર આપણાં જ બાળકોને માત્ર તેમના ગુણો કે ટકાવારીના ત્રાજવે તોળવાની ભૂલ કરીએ છીએ. સમાજે એક એવો અલિખિત નિયમ બનાવી દીધો છે કે જો નેવું ટકા આવે તો બાળક શાનદાર ગણાય, સાઠ ટકા આવે તો તેને સરેરાશ અથવા સામાન્ય માની લેવામાં આવે અને જો એનાથી ઓછા ગુણ આવે તો તે આખા પરિવાર માટે એક ગંભીર ચિંતાનો વિષય બની જાય! પરંતુ અહીં એક પાયાનો પ્રશ્ન એ ઊભો થાય છે કે શું ખરેખર કોઈ પણ જીવંત અને સંવેદનશીલ બાળકનું મૂલ્ય માત્ર આ નિર્જીવ આંકડાઓથી નક્કી કરી શકાય ખરું? માર્કશીટ માત્ર બાળકના શૈક્ષણિક પ્રદર્શનની માહિતી આપે છે, તે ક્યારેય બાળકની સાચી ઓળખ નથી આપતી. તે વર્ગખંડમાં અપાયેલા પ્રદર્શનને દર્શાવે છે પરંતુ બાળકની અંદર છુપાયેલી અસીમ સંભાવનાઓને રજૂ કરવામાં તે સાવ વામણી પુરવાર થાય છે. તે માત્ર અંતિમ પરિણામ દર્શાવે છે પરંતુ એ પરિણામ સુધી પહોંચવા માટે બાળકે કરેલા સંઘર્ષની કે પ્રક્રિયાની તેમાં કોઈ જ નોંધ હોતી નથી.

**ગુણોની સીમિત દુનિયા અને બાળકની અસીમ ક્ષમતાઓ :**

દરેક મનુષ્યનું મગજ એક જ રીતે કામ કરતું નથી. એક વિદ્યાર્થી ગણિતના જટિલ કોયડાઓ ઉકેલવામાં કદાચ મધ્યમ હોઈ શકે પરંતુ સંગીતના સૂર અને તાલની સમજમાં તે અસાધારણ પ્રતિભા ધરાવતો હોઈ શકે છે. કોઈ વિદ્યાર્થી વિજ્ઞાનના વિષયમાં ઓછા ગુણ લાવતો હોય પરંતુ મેદાન પર કે મિત્રો વચ્ચે નેતૃત્વ કરવાના અને ટીમવર્કનાં અનોખાં કૌશલ્યો તેનામાં સહજ રીતે વિકસેલાં હોઈ શકે છે.

માર્કશીટ એ ચોક્કસપણે શૈક્ષણિક પ્રદર્શનને માપવાનો એક માપદંડ છે પરંતુ જીવનના દરેક ક્ષેત્રમાં સફળતા નક્કી કરવા માટે તે ક્યારેય પૂરતો કે અંતિમ માપદંડ બની શકે નહીં. બાળકની અદ્‌ભુત કલ્પનાશક્તિ, તેની મૌલિક સર્જનાત્મકતા, અણધારી સમસ્યાઓનો ઉકેલ લાવવાની તેની વ્યવહારુ શક્તિ, તેની સંવેદનશીલતા, વિપરીત પરિસ્થિતિમાં પણ હસી શકવાનો તેનો હાસ્યભાવ અને સમાજમાં લોકો સાથે ભળવાની તેની સામાજિક બુદ્ધિમત્તા આ બધું જ કોઈ પણ માર્કશીટના આંકડાઓમાં ક્યારેય નજરે પડતું નથી.

આજના ઝડપથી બદલાતા સમયમાં વિશ્વ માત્ર

ગોખણપટ્ટી કરીને માહિતી યાદ રાખનારા લોકોને નથી શોધતું. આજની દુનિયા એવા લોકોને આવકારે છે જેઓ સ્વતંત્ર રીતે વિચાર કરી શકે, અન્ય લોકો સાથે હળીમળીને સહકાર આપી શકે અને પોતાના કામમાં કંઈક નવીનતા લાવી શકે. જો તમારું બાળક કેન્વાસ પર સુંદર ચિત્ર બનાવવામાં રસ લેતું હોય, નવી વાર્તાઓ લખવામાં અપાર આનંદ અનુભવતું હોય, કોઈ પણ સ્વાર્થ વિના પોતાના મિત્રોને મદદ કરતું હોય અથવા કોઈ રમતગમતમાં પૂરા ઉત્સાહથી અને ખેલદિલીથી ભાગ લેતું હોય તો આ તમામ બાબતો તેની વાસ્તવિક ઓળખનો એક અત્યંત મહત્ત્વનો હિસ્સો છે.

**ઘરનું વાતાવરણ : અપેક્ષાઓનું દબાણ કે યોગ્ય દિશા :**

માતાપિતા અને ઘર એ એવું આશ્રયસ્થાન છે જ્યાં બાળકને કોઈ પણ શરત વગરનો સંપૂર્ણ સ્વીકાર મળવો જોઈએ પરંતુ વાસ્તવિકતા ઘણીવાર જુદી હોય છે. પરિણામના દિવસે ઘરમાં જ અજાણતાં સરખામણીઓનો સિલસિલો શરૂ થઈ જાય છે. પાડોશીના બાળકને વધારે ટકા આવ્યા અથવા તે જો થોડી વધુ મહેનત કરી હોત તો તારું પરિણામ પણ વધુ સારું આવત-એવાં વાક્યો બાળકના કુમળા મન પર ઊંડો આઘાત કરે છે. આવી સતત થતી તુલનાઓ બાળકના આત્મવિશ્વાસને પાયામાંથી ખંડિત કરી નાખે છે.

માતાપિતાની પ્રાથમિક ભૂમિકા માત્ર બાળકને વધુ ગુણ લાવવા માટે દબાણ કરવાની કે પ્રેરણા આપવાની નથી. તેમની સાચી ભૂમિકા તો એ છે કે તેઓ બાળકની અંદર રહેલી સુષુપ્ત શક્તિઓને પ્રેમથી ઓળખે અને તેને એક સાચી દિશા પૂરી પાડે. જો બાળક ક્યારેક ઓછા ગુણ લાવે તો તેને શા માટે ઓછા ગુણ આવ્યા એવું પૂછવાને બદલે તેને અભ્યાસમાં ક્યાં અને કઈ મુશ્કેલી પડી તે જાણવાનો પ્રયાસ કરવો વધુ અગત્યનો છે. આવો હકારાત્મક સંવાદ એ બાળકને એવો સંદેશો આપે છે કે તેનાં માતાપિતા માટે તે પોતે માર્કશીટના ગુણો કરતાં અનેકગણો વધુ મૂલ્યવાન છે.

ઘરના વાતાવરણમાં બાળકોને નિષ્ફળતાનો સામનો કઈ રીતે કરવો અને તેની સામે સકારાત્મક દૃષ્ટિકોણ કઈ રીતે કેળવવો તે શીખવવું અનિવાર્ય છે. નિષ્ફળતા એ જીવનનો અંત નથી પરંતુ તે વધારે સારી રીતે શીખવાની અને ફરીથી ઊભા થવાની એક નવી શરૂઆત છે.

**શિક્ષણ સંસ્થાની જવાબદારીઃ માત્ર મૂલ્યાંકનથી આગળઃ**

શાળા એ માત્ર પરીક્ષા લેતું કેન્દ્ર બનીને ન રહી જવી જોઈએ. શિક્ષણનો સાચો અર્થ માત્ર ઊંચા ગુણ મેળવવાનો નથી પરંતુ બાળકની સ્વતંત્ર વિચાર શક્તિને ખીલવવાનો છે. શાળાઓએ હવે પરંપરાગત ગોખણપટ્ટીમાંથી બહાર આવીને પ્રોજેક્ટ આધારિત અભ્યાસ, મુક્ત ચર્ચા, સહકારાત્મક પ્રવૃત્તિઓ, રમતગમત અને વિવિધ કલા ક્ષેત્રોને શિક્ષણના સમાન ભાગ રૂપે મહત્ત્વ આપવું જોઈએ.

જો શિક્ષકનું ધ્યાન માત્ર ને માત્ર પરિણામ અને ટકાવારી પર કેન્દ્રિત રહે તો વિદ્યાર્થી માટે નવું શીખવાની પ્રક્રિયા એક માનસિક દબાણ બની જાય છે. પરંતુ જો શિક્ષક વિદ્યાર્થીના પ્રામાણિક પ્રયત્નો, તેની વ્યક્તિગત પ્રગતિ અને તેની સર્જનાત્મકતા પર ભાર મૂકે તો ભણતર ભારરૂપ લાગવાને બદલે ખરા અર્થમાં આનંદદાયક બને છે. વર્ગખંડમાં શિક્ષક દ્વારા કહેવાયેલું એક નાનકડું પ્રોત્સાહક વાક્ય કે 'તારો વિચાર ખરેખર અનોખો છે.' એ બાળક માટે આજીવન પ્રેરણાનું ઝરણું બની શકે છે. શાળાએ બાળકને એ હકીકત સમજાવવી રહી કે પરીક્ષાના ગુણ જીવનમાં આગળ વધવા માટે મહત્ત્વના જરૂર છે પરંતુ તે ગુણો જ તેની સંપૂર્ણ અને અંતિમ ઓળખ નથી.

**ભાવનાત્મક બુદ્ધિમત્તા (EQ) : જીવનની સૌથી સાચી મૂડી :**

તમે ક્યારેય એવી માર્કશીટ જોઈ છે જેમાં બાળકની સહાનુભૂતિ, તેની ધીરજ, અન્ય લોકો સાથે અસરકારક સંવાદ કરવાની તેની ક્ષમતા અને તેનામાં રહેલા નેતૃત્વના ગુણોનો ઉલ્લેખ કરવામાં આવ્યો હોય. જવાબ છે ના! પરંતુ વાસ્તવિક જીવનની કસોટીઓમાં સફળ થવા માટે આ તમામ ગુણો પુસ્તકિયા જ્ઞાન કરતાં પણ વધુ અને

અત્યંત જરૂરી છે.

જે બાળક પોતાના મિત્રની લાગણીઓને સમજી શકે છે, કોઈ પણ જૂથમાં ઉત્તમ રીતે સહકાર આપીને કામ કરી શકે છે અને અણધારી પરિસ્થિતિઓ કે મતભેદને શાંતિથી હલ કરવાની આવડત ધરાવે છે તે બાળક ખરા અર્થમાં ભવિષ્યના જીવનમાં આગળ વધવા માટે અને પડકારોનો સામનો કરવા માટે સજ્જ છે. આથી જ શાળા અને ઘર, બંને સ્તરે બાળકોમાં આ ભાવનાત્મક બુદ્ધિમત્તા એટલે કે ઈમોશનલ ક્વોશન્ટ (EQ) વિકસાવવા માટે સતત મુક્ત સંવાદ, પ્રેરણાદાયક વાર્તાઓ અને સહયોગી પ્રવૃત્તિઓ અપનાવવી જોઈએ.

**ડિજિટલ યુગમાં ઓળખનું સંકટ :**

આજના આધુનિક સમયમાં દરેક બાળક સોશિયલ મીડિયાની ઝાકઝમાળ અને અનંત તુલનાઓ વચ્ચે જીવતું થઈ ગયું છે. પરિણામના દિવસે સોશિયલ મીડિયાના પ્લૅટફૉર્મ્સ પર માર્કશીટના ફોટાઓ ગર્વથી શેર કરવાની એક નવી પ્રથા શરૂ થઈ છે. આ પ્રકારની આભાસી દુનિયાની તુલનાઓ બાળકોના માનસપટલ પર એક પ્રકારનું અનાવશ્યક અને અત્યંત ભારે દબાણ ઊભું કરે છે.

માતાપિતા અને શિક્ષકોએ સાથે મળીને બાળકોને એ સમજાવવાની તાતી જરૂર છે કે આ જીવનમાં દરેક વ્યક્તિની વિકાસની યાત્રા સાવ અલગ હોય છે. ડિજિટલ દુનિયાના આ ઘોંઘાટ વચ્ચે પણ બાળકની સાચી ઓળખ માત્ર તેનાં શૈક્ષણિક પરિણામોથી નથી બનતી. તેની ઓળખ તેની પોતાની સર્જનાત્મકતા, તેના ઊંડા વિચારો અને તેની નિખાલસ સંવેદનાઓથી ઘડાય છે.

**સૌથી મહત્ત્વનો પ્રશ્ન : તું કોણ છે :**

આપણે સામાન્ય રીતે બાળકને વારંવાર એક જ પ્રશ્ન પૂછતા હોઈએ છીએ કે તું મોટો થઈને શું બનવા માંગે છે. પરંતુ આના કરતાં પણ વધુ ગહન અને જરૂરી પ્રશ્ન એ છે કે તું કોણ છે? આ પ્રશ્ન સાંભળવામાં કદાચ સામાન્ય લાગે પરંતુ તે બાળકને પોતાની અંદર જોવામાં અને પોતાની સાચી ઓળખ શોધવામાં ખૂબ મોટી મદદ કરે છે.

દરેક બાળકને પોતાની અંતર્ગત શક્તિઓ અને પોતાના ખરા રસના વિષયો શોધવા માટે પૂરતી તક અને યોગ્ય વાતાવરણ મળવું જોઈએ. ઘણી વખત એવું બને છે કે બાળકને પોતાની અંદર રહેલી અદ્ભુત શક્તિઓ શોધવા માટે થોડા સમયની જરૂર હોય છે. આપણે જો તેને ધીરજ આપવાને બદલે સતત અન્યો સાથેની તુલનાઓ અને સ્પર્ધાના દબાણમાં જ રાખીશું તો કદાચ તે જીવનની દોડમાં આગળ તો નીકળી જશે પરંતુ તે પોતાની સાચી ઓળખ હંમેશ માટે ગુમાવી બેસશે.

**એક નવી શરૂઆત કરીએ :**

માર્કશીટ ચોક્કસપણે એક જરૂરી દસ્તાવેજ છે પરંતુ તે જીવનની સફળતા માટે પૂરતો કે એકમાત્ર દસ્તાવેજ બિલકુલ નથી. તે બાળકના અમુક વિષયોમાં રહેલા શૈક્ષણિક પ્રદર્શનનો માત્ર એક ટૂંકો અહેવાલ છે પરંતુ તે બાળકની વિશાળ સંભાવના, તેની ભીતર છુપાયેલી સર્જનાત્મકતા અને સૌથી વિશેષ તો તેની માનવીયતા ક્યારેય બતાવી શકતી નથી. માર્કશીટ એ જીવનના પુસ્તકનો માત્ર એક નાનકડો અધ્યાય છે, એ આખું પુસ્તક નથી. જો કોઈ એક અધ્યાયમાં મુશ્કેલી આવે અથવા તેમાં થોડી ભૂલો રહી જાય તો તેનો અર્થ એ નથી થતો કે આખું પુસ્તક જ નકામું કે ખોટું છે.

ઘર અને શાળા, બંનેએ સંયુક્ત રીતે બાળકને એ સમજાવવું જ પડશે કે તેનું વાસ્તવિક અસ્તિત્વ તેના માર્કશીટના ગુણો કરતાં ઘણું જ મોટું અને મૂલ્યવાન છે. જ્યાં સુધી આપણે સૌ બાળકને માત્ર માર્કશીટની ફ્રેમમાંથી જોવાનું બંધ કરીને માર્કશીટની બહારના તેના વિશાળ અસ્તિત્વને જોવાની દૃષ્ટિ નહિ કેળવીએ ત્યાં સુધી આપણી શિક્ષણ પ્રણાલી ક્યારેય પૂર્ણ નહિ બને.

ચાલો, આજથી જ આપણે આપણા પ્રશ્નો બદલવાની શરૂઆત કરીએ. કેટલા ટકા આવ્યા એવું પૂછવાને બદલે આપણે પૂછીએ કે શું તું ખરેખર ખુશ છે અથવા આજે તું નવું શું શીખ્યો? કારણ કે આખરે, જીવનની લાંબી અને અણધારી સફરમાં સફળતા માત્ર પરીક્ષાના ગુણોથી નક્કી નથી થતી પરંતુ તે વ્યક્તિના વિચારો અને આચરણની ગુણવત્તાથી નક્કી થાય છે.

# વર્ગખંડની બહાર બાળકને સમજવા ઘર અને શાળાનો સમન્વય



- અમીતકુમાર બી. સુરતી
આસિસ્ટન્ટ પ્રોફેસર
શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ્. કોલેજ
પાંડેસરા, સુરત. મો. ૯૭૩૭૩૭૬૭૪૨

બાળક કુદરતની એક અનમોલ કૃતિ છે. દરેક બાળક પોતાના સ્વભાવ, વિચારો, લાગણીઓ અને ક્ષમતાઓમાં અનોખું હોય છે. બાળક માત્ર એક પરિવારનો સભ્ય નથી, પરંતુ રાષ્ટ્રના ભવિષ્યનું બીજ છે. આજના બાળકના વ્યક્તિત્વ પર આવતીકાલના સમાજનું સ્વરૂપ નિર્ભર છે. તેથી તેના સર્વાંગી વિકાસ માટે ઘર અને શાળાની સંયુક્ત જવાબદારી ખૂબ જ મહત્ત્વપૂર્ણ બની જાય છે. શિક્ષણ માત્ર પાઠ્યપુસ્તકો, પરીક્ષાઓ અને ગુણ સુધી મર્યાદિત નથી; શિક્ષણ એ જીવન જીવવાની કળા છે. આ કળાનું ઘડતર વર્ગખંડની અંદર જેટલું થાય છે, તેટલું જ વર્ગખંડની બહાર ઘર, સમાજ અને પર્યાવરણમાં પણ થાય છે. તેથી બાળકને સાચા અર્થમાં સમજવા માટે ઘર અને શાળાનો સમન્વય અનિવાર્ય છે.

બાળવિકાસ બે મુખ્ય પરિબળો પર આધારિત છે વંશાનુગત લક્ષણો અને પર્યાવરણ. બાળક જન્મથી કેટલાંક સ્વાભાવિક લક્ષણો લઈને આવે છે, પરંતુ તેનું ઘડતર તેની આસપાસના વાતાવરણ દ્વારા થાય છે. બાળપણનાં પ્રારંભિક વર્ષોમાં મગજનો વિકાસ ઝડપથી થાય છે અને આ સમયગાળામાં મળતા અનુભવો જીવનભર અસર કરે છે. બાળકની પ્રથમ શાળા તેનું ઘર છે. ઘરનું વાતાવરણ, માતા-પિતાની ભાષા, વર્તન, પ્રેમ અને શિસ્ત આ બધું બાળકના વ્યક્તિત્વને આકાર આપે છે. માતા બાળકની પ્રથમ શિક્ષિકા છે. બાળક બોલતાં શીખે તે પહેલાં તે માતાના હાવભાવ, પ્રેમ અને સંસ્કારોમાંથી શીખે છે.

શાળા બાળકના જીવનમાં બીજું મહત્ત્વપૂર્ણ પાયાનું સ્થાન ધરાવે છે. શાળા માત્ર વિષયજ્ઞાન આપતી સંસ્થા નથી; તે બાળકને સામાજિક જીવન જીવવાની રીત શીખવે છે. શાળામાં બાળક જૂથમાં કામ કરવાનું, નિયમોનું પાલન કરવાનું, સહકાર અને સહાનુભૂતિ શીખે છે. શાળા તેને સ્પર્ધા અને સહયોગ બંનેનો અર્થ સમજાવે છે. શિક્ષક માત્ર પાઠ ભણાવતી વ્યક્તિ નથી, પરંતુ માર્ગદર્શક, પ્રેરક અને સંસ્કાર આપનાર છે.

જો ઘર અને શાળા વચ્ચે સંકલન ન હોય, તો બાળક ગૂંચવણ અનુભવે છે. ઉદાહરણ તરીકે, જો ઘરમાં બાળકને અતિશય લાડ કરવામાં આવે અને શાળામાં કડક શિસ્ત રાખવામાં આવે, તો બાળક માટે બંને વચ્ચે સંતુલન સાધવું મુશ્કેલ બને છે. બીજી તરફ, જો ઘરમાં બાળકને પૂરતું પ્રોત્સાહન ન મળે અને શાળામાં તેને ઉત્તમ પ્રદર્શનની અપેક્ષા રાખવામાં આવે, તો બાળક તણાવ અનુભવી શકે છે. તેથી ઘર અને શાળાનાં મૂલ્યો, નિયમો અને અપેક્ષાઓમાં સુમેળ હોવો જોઈએ.

ઘર અને શાળા વચ્ચે સંવાદ એ સમન્વયનો આધાર છે. સંવાદ એકમાર્ગી અને દ્વિમાર્ગી બંને હોઈ શકે છે. એકમાર્ગી સંવાદમાં શાળા વાલીઓને માહિતી આપે છે. જેમ કે રિપોર્ટકાર્ડ, સમાચારપત્ર, સૂચનાઓ, મૅસેજ અથવા ઇ-મેલ. રિપોર્ટકાર્ડ બાળકના પ્રદર્શનનો લેખિત દસ્તાવેજ છે, પરંતુ તે માત્ર ગુણ બતાવવા પૂરતું નથી. તેમાં બાળકની પ્રગતિ, તેની શક્તિઓ અને સુધારાની જરૂરિયાત અંગે માર્ગદર્શન પણ હોવાં જોઈએ.

દ્વિમાર્ગી સંવાદ વધુ અસરકારક છે. વાલી-શિક્ષક મિટિંગ એ ઘર અને શાળા વચ્ચેનો મહત્ત્વનો સેતુ છે. આ મિટિંગમાં બાળકની શૈક્ષણિક પ્રગતિ, વર્તન, રસ અને પડકારો વિશે ચર્ચા થાય છે. વાલી પોતાના બાળક વિશે ઘરેલુ માહિતી આપે છે અને શિક્ષક શાળાની કામગીરી વિશે સમજાવે છે. આ રીતે બંને મળીને બાળક માટે યોગ્ય માર્ગદર્શન નક્કી કરી શકે છે.

હોમ વિઝિટ પણ સમન્વયનું એક અસરકારક સાધન છે. જ્યારે શિક્ષક બાળકના ઘરે મુલાકાત લે છે,

ત્યારે તેને બાળકના કુટુંબની પરિસ્થિતિ, આર્થિક સ્થિતિ, સંસ્કાર અને સામાજિક પરિસ્થિતિ વિશે વધુ જાણકારી મળે છે. ઘણી વખત બાળકનું વર્તન તેની ઘરેલુ સમસ્યાઓ સાથે જોડાયેલું હોય છે. જો શિક્ષકને આ પરિસ્થિતિની સમજ હોય, તો તે બાળકને વધુ સહાનુભૂતિપૂર્વક માર્ગદર્શન આપી શકે છે. હોમ વિઝિટ વાલી અને શિક્ષક વચ્ચે વિશ્વાસ વધારવાનું એક સશક્ત સાધન છે.

શિક્ષણનો હેતુ માત્ર પરીક્ષા પાસ કરાવવાનો નથી, પરંતુ બાળકને જીવન માટે તૈયાર કરવાનો છે. આજના સમયમાં ભણતર અને ગણતર બંનેનું મહત્ત્વ છે. પુસ્તકિયું જ્ઞાન બાળકને વિચારવાની શક્તિ આપે છે, પરંતુ વ્યવહારુ જ્ઞાન તેને જીવનમાં સફળ બનાવે છે. વાલીઓએ બાળકને ઘરનાં કામોમાં જોડવો જોઈએ. પોતાનાં કપડાં ગોઠવવાં, બૅગ તૈયાર કરવી, રસોઈમાં મદદ કરવી, બાગકામ કરવું, ઘરની સફાઈ કરવી જેવી પ્રવૃત્તિઓ બાળકમાં જવાબદારી, સંયમ અને શ્રમપ્રેમનો વિકાસ કરે છે.

આજના ડિજિટલ યુગમાં બાળકોને ઓનલાઇન વ્યવહારો, ફોર્મ ભરવું, બૅંકિંગની મૂળભૂત સમજ જેવી બાબતો પણ શીખવવી જોઈએ. આ રીતે બાળક માત્ર શૈક્ષણિક રીતે નહીં, પરંતુ જીવનકૌશલ્યમાં પણ આગળ વધે છે. ઘર અને શાળા બંને આ જીવનકૌશલ્યના વિકાસમાં ભાગીદાર બની શકે છે.

પૅરેન્ટિંગ શૈલી બાળકના વ્યક્તિત્વ પર સીધી અસર કરે છે. અતિ કડક વલણ બાળકને ભયભીત અને આત્મવિશ્વાસહીન બનાવી શકે છે. અતિશય છૂટછાટ બાળકને બેફામ બનાવી શકે છે. ઉદાસીનતા બાળકના ભાવનાત્મક વિકાસને નુકસાન પહોંચાડે છે. પ્રેમ અને શિસ્તનું સંતુલન જ શ્રેષ્ઠ ગણાય છે. જ્યારે વાલી બાળકની વાત સાંભળે છે, તેની લાગણીઓને સમજવાનો પ્રયત્ન કરે છે અને યોગ્ય માર્ગદર્શન આપે છે, ત્યારે બાળકમાં આત્મવિશ્વાસ અને સ્વનિયંત્રણ બંને વિકસે છે.

બાળક સાથે વાતચીતની કળા પણ ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. બાળકને ડરાવીને શીખવવું લાંબાગાળે અસરકારક નથી. પ્રેમ અને પ્રોત્સાહન દ્વારા શીખવવું વધુ અસરકારક છે. બાળકની સરખામણી બીજા બાળકો સાથે કરવી યોગ્ય નથી, કારણ કે દરેક બાળકની ક્ષમતાઓ અલગ હોય છે. જો બાળક ભણવામાં સરેરાશ હોય, પરંતુ રમતગમત અથવા કલા ક્ષેત્રે પ્રતિભાશાળી હોય, તો તેની પ્રતિભાને પ્રોત્સાહન આપવું જોઈએ.

શાળામાં વાલીઓની સક્રિય ભાગીદારી સમન્વયને મજબૂત બનાવે છે. વિવિધ કાર્યક્રમો, પ્રદર્શન, સ્પર્ધાઓ અને વર્કશોપમાં વાલીઓને આમંત્રિત કરવાથી તેઓ શાળાની પ્રક્રિયા સમજવા લાગે છે. કેટલાંક સ્થળોએ ‘એક દિવસ માટે વાલી શિક્ષક’ જેવા કાર્યક્રમો યોજાય છે, જેમાં વાલી વર્ગખંડનો અનુભવ કરે છે. આથી શિક્ષકના કાર્ય પ્રત્યે આદર વધે છે અને બંને વચ્ચે સહકારની ભાવના વિકસે છે.

ઘર અને શાળાના સમન્વયમાં અવરોધો પણ જોવા મળે છે. ઘણા વાલીઓ નોકરી કે વ્યવસાયમાં વ્યસ્ત હોવાને કારણે શાળાની મિટિંગમાં હાજરી આપી શકતા નથી. ભાષાનો ભેદ પણ સંવાદમાં અડચણ ઊભી કરે છે. કેટલાક પરિવારોમાં ટૅક્નોલૉજીની સુવિધા ન હોવાને કારણે ઓનલાઇન સંવાદ શક્ય નથી. આ અવરોધોને દૂર કરવા માટે શાળાએ લવચીક સમયપત્રક, વર્ચ્યુઅલ મિટિંગ અને અનુવાદ જેવી સુવિધાઓ જોઈએ.

સમન્વયનો વ્યાપક પ્રભાવ બાળકના જીવનમાં સ્પષ્ટ જોવા મળે છે. જ્યારે બાળકને ઘર અને શાળામાં સમાન મૂલ્યો અને પ્રોત્સાહન મળે છે, ત્યારે તેની શૈક્ષણિક પ્રગતિ ઝડપી બને છે. તે શિસ્તબદ્ધ બને છે, આત્મ-વિશ્વાસથી ભરાય છે અને પોતાનાં લક્ષ્યો નક્કી કરી શકે છે. ઘર અને શાળા વચ્ચે વિશ્વાસ હોય, તો બાળકને કોઈ સમસ્યા થાય ત્યારે તરત સહાય મળી શકે છે.

અંતમાં કહી શકાય કે વર્ગખંડની બહાર બાળકને સમજવા માટે ઘર અને શાળાનો સમન્વય અનિવાર્ય છે. બંને એકબીજાના વિરોધી નહીં, પરંતુ પૂરક છે. શિક્ષક અને વાલી બંને બાળકના વિકાસના સહભાગી છે.

# ફાઉન્ડેશનલ સ્ટેજમાં માતાપિતાના સહયોગની અગત્ય અને જરૂરિયાત



- ડૉ. હેમલતાબેન આર. પરમાર
કઠોદરા પ્રાથમિક શાળા,
તા. ઓલપાડ, જિ. સુરત
મો. ૯૮૭૯૪૬૪૬૫૮

ભારતની નવી શિક્ષણ નીતિ ૨૦૨૦ અનુસાર પ્રાથમિક શિક્ષણને ત્રણ તબક્કામાં વહેંચવામાં આવ્યું છે. જેમાં પ્રથમ તબક્કાને પ્રારંભિક તબક્કો કહે છે તેમાં ૩ થી ૮ વર્ષનાં બાળકોનો સમાવેશ થાય છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ અનુસાર ફાઉન્ડેશનલ સ્ટેજ (૩ થી ૮ વર્ષ) બાળકના જીવનનો સૌથી આધારભૂત અને સંવેદનશીલ તબક્કો છે. આ અવધિ દરમિયાન બાળકના મગજનો વિકાસ ઝડપથી થાય છે અને જીવનભરના શૈક્ષણિક તથા સામાજિક વર્તન માટેનો પાયો રચાય છે.

બાળકો માટે તેમનું ઘર એ તેમની પ્રથમ શાળા છે. ઘર એ બાળકનું સંસ્કાર મંદિર છે અને માતા એ તેની પ્રથમ ગુરુ છે. તેથી જ તો કહેવાયું છે કે, ''એક માતા સો શિક્ષકની ગરજ સારે છે.'' આ અવસ્થા બાળકના જીવનની સૌથી મહત્ત્વપૂર્ણ પાયાની કડી છે. વૈજ્ઞાનિક તારણો અનુસાર આ સમય દરમિયાન બાળકોના મગજનો વિકાસ ખૂબ જ ઝડપથી થતો હોય છે. આ તબક્કામાં બાળકનો શારીરિક, ભાષાકીય, જ્ઞાનાત્મક, ભાવનાત્મક અને સામાજિક વિકાસ સમન્વિત રીતે આગળ વધે છે. શાળા અને શિક્ષક જેટલાં મહત્ત્વપૂર્ણ છે, એટલો જ માતાપિતાનો સહયોગ પણ અનિવાર્ય છે.

બાળક જ્યારે ઘરનું સુરક્ષિત વાતાવરણ છોડી શાળામાં પ્રથમ પગરણ માંડે છે ત્યારે અજાણ્યા વાતાવરણમાં અનુકૂળ થવું તેના માટે અઘરું હોય છે. આવા સમયે માતાપિતાનો સહયોગ અને સમજદારી તથા હૂંફ બાળકને સુરક્ષિત હોવાનો અહેસાસ આપે છે. તેવી જ રીતે શિક્ષક પણ બાળકના સ્વભાવ તથા તેની આદતોથી અજાણ હોય છે ત્યારે માતા-પિતા બાળકને ભાવનાત્મક રીતે સમજવામાં શિક્ષકને ખૂબ જ મદદરૂપ થાય છે. આમ, બાળક અને શિક્ષક વચ્ચેની સેતુરૂપ કડી માતા પિતા છે. તેથી જ ફાઉન્ડેશનલ સ્ટેજમાં શિક્ષક તથા બાળક, બન્ને માટે માતા પિતા ખૂબ જ અગત્ય ધરાવે છે.

**બાળકના સર્વાંગી વિકાસમાં માતાપિતાની ભૂમિકા :**

ફાઉન્ડેશનલ સ્ટેજ દરમિયાન બાળકનું વ્યક્તિત્વ ઘડતર શરૂ થાય છે. માતાપિતા દ્વારા આપવામાં આવતાં પ્રેમ, પ્રોત્સાહન અને સુરક્ષા બાળકમાં આત્મવિશ્વાસ વિકસાવે છે. બાળક શીખવાની પ્રક્રિયા રમતાં-રમતાં અને નિરીક્ષણ દ્વારા શરૂ કરે છે. માતાપિતા બાળક સાથે ગુણવત્તાપૂર્ણ સમય વિતાવે, વાતચીત કરે અને નાનાં-નાનાં કાર્યોમાં જોડાય તો જવાબદારી અને સહકારની ભાવના વિકસે છે.

બાળક માટે હકારાત્મક વાતાવરણનું નિર્માણ થાય છે. તેનામાં નવી ઊર્જાનો સંચાર થાય છે. શાળા તેના માટે નવી દિશા અને નવા આયામોનું નિર્માણ કરે છે. માતા પિતા અને શિક્ષકોના સંકલન દ્વારા તે પોતાનાં ધ્યેય સિદ્ધ કરી શકે છે. બાળકોમાં રહેલ સુષુપ્ત શક્તિઓના વિકાસની શરૂઆત ફાઉન્ડેશનલ સ્ટેજમાં જ થાય છે. તેથી જ બાળકોના સર્વાંગી વિકાસની ભૂમિકા ઘરના વાતાવરણ અને માતા પિતાના સહકારને આભારી છે. ફાઉન્ડેશનલ સ્ટેજમાં માતાપિતાના સહયોગની અગત્યતા અને જરૂરિયાત છે.

**શૈક્ષણિક પાયો મજબૂત બનાવવા માતાપિતાનો સહયોગ :**

જે રીતે બાળકની પ્રથમ શાળા તેનું ઘર છે પરંતુ ઔપચારિક કેળવણી તેને શાળામાંથી જ મળે છે. બાળકની અનૌપચારિક કેળવણી જન્મ સાથે જ શરૂ થાય છે પણ તેમની ઔપચારિક કેળવણી ૩ વર્ષથી શરૂ થાય છે. ભાષા અને સંખ્યાજ્ઞાનનો આધાર મજબૂત બનાવવો આ તબક્કામાં અત્યંત મહત્ત્વનો છે. માતાપિતા રોજિંદા

જીવનમાં સંવાદ, ગણતરી, રંગ-આકાર ઓળખ, ચિત્રપુસ્તકો અને શૈક્ષણિક રમતો દ્વારા શીખવાની તકો આપી શકે છે. શાળામાં શીખવાતી બાબતોનું ઘરે પુનરાવર્તન કરાવવાથી શૈક્ષણિક પ્રગતિ વધુ અસરકારક બને છે.

આજની આલ્ફા જનરેશનનાં બાળકો નાની ઉંમરથી જ ટૅક્નોલૉજીનો ખૂબ જ સારી રીતે ઉપયોગ કરી શકે છે. ટૅક્નોલૉજી જ્યારે માનવજીવનમાં અત્યંત મહત્ત્વપૂર્ણ સ્થાન લઈ ચૂકી છે ત્યારે બાળકોને તેનાથી દૂર કરવા કરતાં તેના ઉપયોગથી કઈ રીતે પોતાની અધ્યયન ક્ષમતામાં વધારો કરી શકાય તે શીખવવું જરૂરી છે. તેથી, ફાઉન્ડેશનલ સ્ટેજમાં ટૅક્નોલૉજીનો યોગ્ય, સંયમિત અને માર્ગદર્શનપૂર્વક ઉપયોગ કરવો અત્યંત જરૂરી બની ગયો છે. માતા-પિતા ટૅક્નોલૉજીના ઉપયોગ દ્વારા પણ તેમની શૈક્ષણિક પ્રગતિમાં સહયોગ આપી શકે છે.

નિપુણ ભારત મિશનનો મુખ્ય ઉદ્દેશ પણ એ જ છે કે બાળકોમાં ભાષાકીય સમજ, સંખ્યાત્મક સમજ, અને તાર્કિક ક્ષમતાઓ વિકસાવવા પર ધ્યાન કેંદ્રિત કરવામાં આવે. ટૅક્નોલૉજી માત્ર સાધન છે; તેનું યોગ્ય માર્ગદર્શન આપનાર શિક્ષક અને માતાપિતા છે. બંને વચ્ચે સંકલન રહે તો બાળક માટે સુરક્ષિત અને અસરકારક શૈક્ષણિક વાતાવરણ ઊભું કરી શકાય છે. નિયમિત ચર્ચા, માર્ગદર્શન અને પ્રોત્સાહન દ્વારા ટૅક્નોલૉજીનો સકારાત્મક ઉપયોગ શક્ય બને છે. ડિજિટલ સાધનોનો મર્યાદિત અને શૈક્ષણિક ઉપયોગ જરૂરી છે. વધુ પડતો સ્ક્રીન સમય ભાષા અને સામાજિક વિકાસને અસર કરી શકે છે. માતાપિતાએ સમયમર્યાદા અને માર્ગદર્શન સાથે ઉપયોગ કરાવવો જોઈએ.

રોજિંદી વાતચીત, વાર્તાનું શ્રવણ કે કથન અને બાળગીતો દ્વારા ભાષા વિકાસ મજબૂત બને છે. બાળકને પોતાની લાગણીઓ વ્યક્ત કરવા પ્રોત્સાહિત કરવું જોઈએ. ખુલ્લા પ્રશ્નો પૂછવાથી બાળકની અભિવ્યક્તિ શક્તિ અને વિચારશક્તિ વિકસે છે. બાળકોને પોતાની વાત રજૂ કરવાની મોકળાશ શાળા અને ઘર દ્વારા પૂરી પાડવામાં આવે તો બાળકોના માનસિક વિકાસમાં મહત્ત્વપૂર્ણ સાબિત થાય છે. તેમનું શબ્દભંડોળ વધે છે તથા તેમની અર્થગ્રહણશક્તિનો વિકાસ થાય છે.

માતાપિતાનો સહયોગ બાળકમાં ભાવનાત્મક સ્થિરતા લાવે છે. ભૂલ થાય ત્યારે સમજાવવું અને માર્ગદર્શન આપવું જરૂરી છે. બાળકોને સારા-નરસાનો ખ્યાલ આવે છે. પોતાને માટે હિતકારક વાતો અને વ્યક્તિઓથી પરિચિત થાય છે. અન્ય બાળકો સાથે રમવા, શેરિંગ અને સહકાર શીખવવાથી સામાજિક વિકાસ મજબૂત બને છે.માતાપિતા નિયમિત શાળા બેઠકમાં હાજરી આપે અને શિક્ષક સાથે સંપર્કમાં રહે તો બાળકના વિકાસમાં સતત સુધારો થાય છે. ઘર અને શાળા વચ્ચેનું સકારાત્મક સંકલન બાળક માટે પ્રેરણારૂપ બને છે.

રમત આધારિત શિક્ષણ ફાઉન્ડેશનલ સ્ટેજમાં અત્યંત અસરકારક છે. પઝલ, બ્લોક ગેઈમ્સ, ચિત્રકામ અને સર્જનાત્મક પ્રવૃત્તિઓ બાળકમાં વિચારશક્તિ અને સમસ્યા ઉકેલવાની ક્ષમતા વિકસાવે છે. સ્વસ્થ સંતુલિત આહાર, પૂરતી ઊંઘ અને નિયમિત વ્યાયામ બાળકના શારીરિક વિકાસ માટે જરૂરી છે. યોગ્ય દૈનિક રૂટિન બાળકમાં શિસ્ત અને જવાબદારી વિકસાવે છે. બાળકોને સ્વસ્થ રાખવા માટે ઘરનું વાતાવરણ તથા રહેણીકરણી મહત્ત્વનો ભાગ ભજવે છે.

દરેક બાળક અનોખું છે. માતાપિતાએ બાળકની ક્ષમતા અને રસને સમજવાં જોઈએ. તુલના કરતાં પ્રોત્સાહન વધુ અસરકારક છે. વિશેષ જરૂરિયાત ધરાવતાં બાળકો માટે ટૅક્નોલૉજી ખૂબ ઉપયોગી છે. ઓડિયો સપોર્ટ, મોટા અક્ષરો અને સ્પર્શ આધારિત પ્રવૃત્તિઓ દ્વારા તેઓ સરળતાથી શીખી શકે છે. વિશેષ જરૂરિયાતવાળાં બાળકોને સૌથી વધુ પ્રેમ અને પ્રોત્સાહનની જરૂર રહે છે.

ફાઉન્ડેશનલ સ્ટેજ બાળકના જીવનનો પાયો છે. આ તબક્કામાં માતાપિતાનો સહયોગ અનિવાર્ય છે. માતાપિતા અને શિક્ષક વચ્ચેનો સકારાત્મક સહયોગ બાળકના સર્વાંગી વિકાસ માટે મજબૂત આધાર પૂરો પાડે છે.

# સાંસ્કૃતિક વારસા અને સંસ્કાર સંબંધે પરિવારની ભૂમિકા અને જવાબદારી



- પ્રહર્ષા ડી. મહેતા
નિવૃત્ત શિક્ષક અને વિદ્યાર્થી કાઉન્સેલ
મો. ૯૫૫૮૨૩૫૬૫૫

બાળક જન્મ લે તેની સાથે જ પતિ-પત્ની પિતૃત્વ અને માતૃત્વ ધારણ કરે છે. નવજાત શિશુનાં માતા-પિતા, દાદા-દાદી, નાના-નાની, ફોઈ, કાકા, મામા, માસી, ભાઈ, બેન જેવા  સર્વે સંબંધોનું એક માળખું બાળકનો પરિવાર બને છે, જ્યાંથી તેનામાં પ્રેમ, લાગણી, સમજ, વિશ્વાસ, શ્રદ્ધા જેવા સહકારાત્મક ગુણોનો વિકાસ થાય છે.

હકીકતમાં તો જ્યારે માતા-પિતા નવસંતતિ સર્જન માટે માનસિક રીતે તૈયાર થાય છે, ત્યારથી જ આવનાર સંતતિના ગુણોનું માળખું તૈયાર થવા માંડે છે. જ્યારે સ્ત્રીનો અંડકોષ તેના પતિના શુક્રકોષ વડે ફલિત પામી ફલિતાંડમાં રૂપાંતરિત થાય છે, ત્યારે દંપતીના ત્યારના મનોભાવો, તેમનું પર્યાવરણ, વિચારશૈલી, જીવનશૈલી જેવાં અનેક પરિબળો ફલિતાંડને ઘડવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે.

એક ઉદાહરણથી આ વાત સમજીએ. જ્યારે વિવેકાનંદનાં માતાપિતા એક તેજસ્વી, ઓજસ્વી સંતાનની કામનાથી તેમના ગુરુ સ્વામી રામકૃષ્ણ પરમહંસ પાસે સલાહ લેવા ગયા, ત્યારે ગુરુજીએ તેમને એક વર્ષ માટે બ્રહ્મચર્ય, સાધના, શક્તિ અને ઓજસનો સંચય કરવાની સલાહ આપી. ત્યારબાદ તેમના મિલનથી સ્વામી વિવેકાનંદ જેવા તેજસ્વી સંતાનની પ્રાપ્તિ થઈ. તો આ દર્શાવે છે, કે દંપતીની માનસિક અને પારિવારિક સજ્જતા એક ઉત્તમ સંતાન મેળવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. ભારતીય સભ્યતામાં આવાં અનેક ઉદાહરણ આપણને જોવા મળે છે.

આજે વૈશ્વિક સભ્યતાઓમાં અને આપણી સંસ્કૃતિમાં પરિવાર વ્યવસ્થા તૂટતી જતી જોવા મળે છે સાંસ્કૃતિક વારસાનો અભાવ અને વિચારશૈલીમાં બહુ મોટું પરિવર્તન આવતું જોવા મળે છે. અત્યારના આ સંજોગોમાં આપણે આ વિષય ઉપર ખૂબ ગંભીરતાથી વિચારીને તેના ઉપાયોનો અમલ કરવાની જરૂર છે.

**સંસ્કાર અને સાંસ્કૃતિક વારસો :**

પૂર્વજો દ્વારા મળેલી વિશિષ્ટ જીવનશૈલી, પરંપરા, રીતરિવાજો, કલા, સ્થાપત્ય, ભાષા વગેરેની એક પેઢીમાંથી બીજા પેઢીમાં હસ્તાંતરિત થતી અમૂલ્ય ભેટ તેજ સંસ્કારનો વારસો.

જ્ઞાનપરંપરા જેવી કે યોગનું શિક્ષણ, ઔષધીય વિજ્ઞાન, ભાષા, કલા, ચિત્ર, સંગીત, સ્થાપત્ય વગેરે જેવી કલાઓનો વારસો, માટીકામ, ભરતકામ જેવી હસ્તકલાઓ, પ્રાચીન સ્થાપત્યો જેવાં કે મંદિરો, મસ્જિદો, સ્તૂપ, કિલ્લા જેવાં સર્જનાત્મક સ્થાનો આપણા ભવ્ય સાંસ્કૃતિક વારસાનું વહન કરે છે.

આ સાંસ્કૃતિક વારસો અને સંસ્કારોનું વહન પેઢી દર પેઢી સુપેરે થાય તો સંસ્કૃતિ તો સંસ્કૃતિ પાંગરે અને વિશ્વને પોતાનું સારું યોગદાન આપી શકે. આજે આપણે સૌ અનુભવીએ છીએ કે પાશ્ચાત્ય વિચારશૈલીના દુર્ગુણોએ આપણી સંસ્કૃતિમાં એટલી હદે પગપેસારો કરી દીધો છે, કે આપણા પરિવારો તૂટતા ચાલ્યા છે. માતાપિતા પણ પોતાનાં સંતાનોમાં સંસ્કાર સિંચન કરવામાં ઊણાં ઊતરતાં જાય છે.

સંતાનને ચૉકલેટ અને જંક ફૂડના અતિશય ઉપયોગથી મેદસ્વી અને વધારે પડતું લાડકું બનાવી દે છે. આ બાળકો વિનય વિવેક ભૂલી મોટા થતાં પોતાનાં માતાપિતાને જ વૃદ્ધાશ્રમમાં મૂકી દે છે. જે માતા પિતાએ સંતાનને બાળપણમાં સંસ્કાર આપવાની કાળજી નથી લીધી, બાળકને એક પણ વાર્તા નથી કરી, પોતાના બાળક માટે પણ ગીત નથી ગાયું કે પોતાના બાળક સાથે રમતો નથી રમી શકતાં, એવાં માતા-પિતાનું સ્થાન વૃદ્ધાશ્રમમાં જ હોય!

સંસ્કાર શું છે? સંસ્કાર એટલે માનવીમાં સુષુપ્ત રહેલા સદ્‌ગુણોનું સિંચન કરે, તેનામાં સરળતા, સાત્ત્વિકતા, સહજતા, અને સંવેદનશીલતા જાગૃત કરે, દુર્ગુણોનું નિરસન કરે, તેને પશુતાથી ઉઠાવી મનુષ્યતા તરફ અને દેવત્વ તરફની ગતિ કરાવે તેવી પ્રક્રિયા છે.

વ્યક્તિની સંસ્કારિતાનો પરિચય તેના હૃદયની મધુરતા, વિનમ્રતા અને ઉદારતા પરથી જોવા મળે છે. ભારતીય સંસ્કૃતિમાં જીવનના ૧૬ સંસ્કાર, જીવનના વિવિધ તબક્કે વ્યક્તિને સુસંસ્કૃત બનાવવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. સંસ્કાર એટલે વ્યક્તિનું શુદ્ધીકરણ, સુધારણા અને પવિત્રતા, જેની વ્યક્તિનાં મન અને વર્તન પર પડતી સકારાત્મક છાપ છે. સંસ્કાર એટલે બાળકમાં સદ્‌ગુણોના ઘડતરની એવી કેળવણી જે તેને સભ્ય અને સંવેદનશીલ નાગરિક બનાવે છે. જીવન જીવવાની કળા, સંસ્કૃતિ, નૈતિકતા અને સભ્યતાનાં મૂલ્યોનું સંવર્ધન કરતી જે કેળવણી વ્યક્તિને સંસ્કારવાન પ્રતિભાવન અને મૂલ્યવાન બનાવે છે તે જ સંસ્કાર છે.

આપણે આપણી આવનારી નવી પેઢીને શું સંસ્કારી બનાવવા ઇચ્છતા હોઈએ તો વિનય વિવેકી અને પ્રતિભાવન પેઢીના સંવર્ધન માટે સજાગ રહી પરિવાર અને સમાજે સઘન ને સન્નિષ્ઠ પ્રયત્નો કરવાની અનિવાર્યતા છે. તે માટે ગર્ભ બંધાય ત્યારથી શરૂ કરી બાળક ૧૨થી ૧૫ વર્ષનું થાય ત્યાં સુધી કાળજી લેવી જરૂરી છે.

પ્રત્યેક માતા પિતાની હાર્દિક ઇચ્છા એવી હોય છે કે તેમનું બાળક પ્રતિભાવાન, સંસ્કારવાન અને સ્વસ્થ હોય. તેથી જ ગર્ભમાં બાળકને ઇચ્છિત સ્વરૂપમાં ઢાળવું અનિવાર્ય છે, કે જેથી રામ, કૃષ્ણ, વિવેકાનંદ, શિવાજી, ભક્ત પ્રહ્‌લાદ, આઇન્સ્ટાઇન કે અબ્દુલ કલામ જેવા દિવ્ય સંતાન જન્મ લઇ શકે. ગર્ભમાં જ બાળકનો ૮૦ ટકા વિકાસ થઈ જતો હોય છે. માતાના વિચારો, અવચેતન મનમાં ચાલતી મનોપ્રક્રિયાઓ, ભાવનાઓ, વ્યવહાર, આહાર-વિહાર, આસપાસના પર્યાવરણમાં બનતી ઘટનાઓ, પરિવારનાં સભ્યોનો અરસપરસ વહેવાર વગેરે જેવા અનેક પરિબળો બાળકના ઘડતર પર સીધો સીધો પ્રભાવ પાડે છે. અનેક વૈજ્ઞાનિક સંશોધનોએ પણ એવું પુરવાર કર્યું છે કે ગર્ભમાં જ બાળકની સ્વાદેન્દ્રિય, શ્રવણેન્દ્રિય વગેરે વિકાસ પામવા લાગે છે. તેની શીખવાની પ્રક્રિયા ખૂબ ઝડપી હોય છે, તે સમજે છે, ખુશી, દુઃખ, તણાવ જેવી સકારાત્મક અને નકારાત્મક ભાવનાઓનો પ્રતિચાર પણ આપે છે. સોનોગ્રાફિક વીડિયો દ્વારા આ બધા પ્રતિચારો નોંધાયેલા છે, જે આપણને જોવા મળી શકે છે.

ગર્ભસ્થ શિશુ અને જન્મથી લઈ તરુણવય સુધીમાં બાળકમાં સંસ્કારોના ઘડતરમાં પરિવારની ભૂમિકા તથા જવાબદારી :

સગર્ભા માતા અને પરિવાર ગર્ભસ્થ શિશુના સંસ્કાર સિંચન અને સાંસ્કૃતિક મૂલ્યોનો વારસો આપવા માટે શું કરી શકે?

૧. બાળકના શરીરના બધા જ અવયવોનો સ્વસ્થ પોષણ થાય તેવો સાત્ત્વિક આહાર માતાએ લેવો.
૨. માતાએ સ્વસ્થ, પ્રસન્ન અને સકારાત્મક ચિંતન પ્રેરે તેવાં પુસ્તકોનું વાંચન કરવું. જેવાં કે રામાયણ, ગીતા, બાઇબલ ગુરુ ગ્રંથ સાહેબ, કુરાને શરીફ જેવાં પ્રેરણાદાયી પુસ્તકોનું વાંચન કરવું.
૩. સગર્ભા બહેને નિયમિત સમયસર ઊઠવું, પ્રાણાયામ, યોગાસન, જપ, પ્રાર્થના ને ધ્યાન કરવાં, સાત્ત્વિક ભોજન લેવું, સુમધુર સંગીત સાંભળવું અને પતિ-પત્નીએ સાંજે થોડું ચાલવા જવું.
૪. સગર્ભા બહેને શૌર્યવાન, સફળ અને નૈતિકતાનાં ઉચ્ચ મૂલ્યો ધરાવતી વ્યક્તિઓનાં જીવનચરિત્રો વાંચવાં.
૫. ગર્ભસ્થ બાળક સાથે રોજ સવાર સાંજ સંવાદ દ્વારા એક સેતુ રચવો, જેમાં વિવિધ વાર્તાઓ દ્વારા નૈતિક મૂલ્યો, સદ્‌વિચારો, પ્રકૃતિ અને આસપાસના પર્યાવરણ વિશેની સુંદર વાતો તથા પરિવારનાં સભ્યો સાથેની મધુર ઓળખ કરાવવી, જે બાળકમાં પરિવાર, સમાજ, પ્રકૃતિ અને ઉચ્ચ મૂલ્ય

તરફનું વલણ ઘડશે.

૬. ઘરમાં સુંદર પ્રાકૃતિક ચિત્રો લગાવવાં.

૭. સગર્ભાવસ્થા દરમિયાન ગર્ભસ્થ બાળકનો બુદ્ધિઆંક (Intelligent quotient), શારીરિક સ્વસ્થતાનો આંક ( Physical quotient), સાંવેગિક આંક (Emotional quotient), સામાજિક તથા આધ્યાત્મિક આંક (Social & Spiritual quotient) વધે તેવી સર્જનાત્મક પ્રવૃત્તિઓ કરવી અને રમતો રમવી.

**પરિવાર શું કરી શકે ?**

૧. પતિ અને પરિવાર સગર્ભા ને સ્વસ્થ, પ્રસન્ન અને આધ્યાત્મિક વાતાવરણ પૂરું પાડે,

૨. સગર્ભા પોષણયુક્ત આહાર લે, નિયમિત સારી પ્રવૃતિઓમાં જોડાય તે માટે પ્રેરિત કરવા.

૩. પરિવારમાં ક્રોધ, ઈર્ષા, મોહ જેવી નકારાત્મક વાતોનો ત્યાગ થાય તેની કાળજી લેવી.

**શેનાથી બચવું? :**

૧. નકારાત્મક વિચારો અને ક્રોધ, ઈર્ષા, મોહ જેવા નકારાત્મક ભાવોથી દૂર રહેવું.

૨. મનમાં ભય પેદા કરે તેવાં ચિત્રો, સંગીત, ફિલ્મો કે સિરિયલ સગર્ભાવસ્થા દરમિયાન ન જ જોવી.

૩. ઘરમાં પરિવારના સભ્યો વચ્ચે કોઈ મુદ્દા પર મતભેદ હોય તો શાંતિથી તે પ્રશ્નોને ઉકેલવાં, ઘરમાં અશાંતિ, ક્લેશ, કલહ, નિંદા, ચિંતા વગેરેનું વાતાવરણ બાળકમાં નકારાત્મકતા, હતાશા ને નિરાશા જેવા ભાવ ઉત્પન્ન કરશે. તેના આત્મવિશ્વાસ, શ્રદ્ધા, પ્રેમ જેવા ગુણોનો વિકાસ અવરોધશે અને આગળ જતા તે બાળક જન્મ બાદ રડ્યા કરતું અથવા દરેક વાતે વાંકું પાડતું થઈ જશે.

૪. ઘરના કોઈ પણ સભ્યે નશો ન કરવો જોઈએ.

૫. અપશબ્દો ના ઉચ્ચારવા, જૂઠું ન બોલવું કે કોઈની સાથે છેતરપિંડી ન કરવી. આ દરેક વસ્તુ બાળકના અવચેતન મનમાં સંગ્રહાઈ જશે.

૬. તામસિક ભોજનનો ત્યાગ કરવો.

૭. મોબાઈલ તથા ઈલેક્ટ્રોનિક્સ સાધનોથી ગર્ભાવસ્થામાં માતાએ દૂર રહેવું. તેના રેડિયેશનની ખરાબ અસર બાળકના વિકસતા મગજ, ચેતાતંત્ર અને અન્ય અંગો પર થતી હોય છે.

ગર્ભમાં તથા જન્મ પછી તરુણાવસ્થા સુધી બાળકના ઘડતરમાં ઉપરના બધા જ મોટાભાગના મુદ્દાઓ અસર કરે છે, તેથી ખૂબ સભાનતા અને સજાગતાપૂર્વક ગર્ભસ્થ શિશુ કે નાની વયનાં બાળકોની સામે વાણી, વર્તન કે વ્યવહાર કરવાની જરૂર છે. તો જ બાળકને એક ઉત્તમ વારસો આપવાનો ગર્વ અનુભવાશે.

આપણે સહુ એક નમ્ર, વિવેકી, તેજસ્વી વ્યક્તિના ઘડતરમાં પ્રત્યક્ષ કે પરોક્ષ યોગદાન આપી કુળને, સમાજને રાષ્ટ્રને અને અંતે વિશ્વને એક સારો માનવી આપી આપણું સમાજ પ્રત્યેનું ઋણ ચૂકતે કરવાની જવાબદારી નિભાવી શકીશું.

ભારતમાં હાલમાં ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી ગર્ભ સંસ્કારના અભ્યાસક્રમો ચલાવે છે, પંડિત શ્રીરામ શર્મા આચાર્ય સ્થાપિત અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર ''આવો ઘડીએ સંસ્કારવાન પેઢી'' નામનું વિશ્વવ્યાપી અભિયાન ચલાવે છે, સ્વામિનારાયણ સંપ્રદાય દ્વારા તથા બીજી ઘણી સંસ્થાઓ દ્વારા પણ આવા સંસ્કાર અને સાંસ્કૃતિક વારસાને આગળ વધારવા માટે પરિવારની જાગૃતિ માટેના કાર્યક્રમો ચલાવવામાં આવે છે.

---

જો તૂ ચાહે મુગતિ કો, છોડ દે સબકી આસ
મુક્ત હી જૈસા હો રહે, સબ કુછ તેરો પાસ.

## 'બાળવિશ્વ' વિશે

❖ 'બાળવિશ્વ'નું વાર્ષિક લવાજમ વાર્ષિક રૂા. **500/-** છે, જે બાજુમાં દર્શાવેલા QR કોડ અથવા નેટ બૅન્કિંગથી ભરી શકાશે.

❖ લવાજમ ભરવા માટે ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીની વેબસાઇટ **www.cugujarat.ac.in** જુઓ.

❖ ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી દ્વારા ખાસ કાળજી રાખીને કુરિયર/પોસ્ટ દ્વારા અંકો મોકલવામાં આવે છે. છતાં અંક ન મળે તો અમારા ઈ-મેલ balvishva@cugujarat.ac.in પર જણાવવા વિનંતી.

❖ **લેખ મોકલવા માટે પત્રવ્યવહાર :** તંત્રીશ્રી, બાળવિશ્વ, ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી, જલારામ મંદિરની પાસે, સેક્ટર-29, ગાંધીનગર - 382 030.

ઈ-મેલ : **balvishva@cugujarat.ac.in** વોટ્સએપ નંબર : **9429297737**

❖ લેખકોએ પોતાની પ્રત્યેક કૃતિ કે લેખની નીચે પોતાનું નામ, હોદ્દો, પૂરું સરનામું, મોબાઇલ નંબર, ફોટો અને ઈ-મેલ અચૂક લખવાં. જો કૃતિ પૂર્વે પ્રકાશિત થયેલી હોય તો તેનો ઉલ્લેખ કરવો જરૂરી છે. લેખ પ્રકાશન બદલ લેખકપ્રત મોકલવામાં આવે છે.

❖ 'બાળવિશ્વ' એ થીમ આધારિત સામાયિક હોવાથી થીમને અનુરૂપ જ લેખનસામગ્રીને અંકમાં સ્થાન આપવામાં આવશે.

❖ સોફ્ટ કોપીમાં લેખ મોકલનારે ગુજરાતીમાં શ્રુતિ ફોન્ટ 12 ની સાઇઝમાં મોકલવો.

❖ 'બાળવિશ્વ' માં પ્રગટ થતાં લખાણોના વિચાર, અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની રહે છે. સંપાદક કે તંત્રી એની સાથે સંમત છે એવું માનવું નહિ.

❖ જે તે લેખકે પોતાના સ્વ-રચિત કે મૌલિક લેખો જ મોકલવા. આ અંગે કોઈની નકલ કે ઉતારો કરેલ હશે તો આ અંગે ઊભા થતા વિવાદ અંગે જે તે લેખક જવાબદાર રહેશે.

❖ 'બાળવિશ્વ' માટે આવેલા લેખો સંપાદક મંડળ દ્વારા રિવ્યૂ કરવામાં આવશે. રિવ્યૂમાં પસંદ થયેલા લેખો જ છાપવામાં આવશે.

# ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી ન્યૂઝ

## 'સાહિત્ય અને સર્વાંગી બાળવિકાસ' વિષય પર આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સ



'સાહિત્ય અને સર્વાંગી બાળ વિકાસ: બહુરૂપ, કાર્યો અને વૈશ્વિક આંતરદૃષ્ટિ' વિષય પર આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સ યોજાઈ હતી. કેન્દ્રીય શિક્ષણ વિભાગની પીએમ-ઉષા સ્કીમ હેઠળ ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીના બાળસાહિત્ય, ફિલ્મ, મ્યુઝિયમ અને શારીરિક શિક્ષણ વિભાગ તેમજ નોલેજ કન્સોર્ટિયમ ઓફ ગુજરાતના સહયોહથી આ આંતરરાષ્ટ્રીય પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મુખ્ય અતિથિ તરીકે પ્રોફ. મિલિંદ મરાઠે, ચેરમેન, નેશનલ બુક ટ્રસ્ટ, નવી દિલ્હી ઉપસ્થિત રહ્યા હતા. કોન્ફરન્સમાં વિવિધ વિષયો પર નિષ્ણાત વક્તાઓ જેવાં કે ડૉ. કુસુમાકર નેઉપાને, પ્રોફેસર, ત્રિભુવન યુનિવર્સિટી, નેપાળ, ડૉ. ફિલિપ રૂસિંસ્કી, પ્રોફેસર, ઓપોલે યુનિવર્સિટી ઓફ ટેકનોલોજી, પોલેન્ડ, ડૉ. કિરણ ત્રિવેદી, એસોસિએટ પ્રોફેસર, યુનિવર્સિટી ઓફ વોલોન્ગોંગ, ગિફ્ટ સિટી, ગાંધીનગર અને પ્રોફ. લલિત પટેલ, પ્રિન્સિપાલ, ઉમા આર્ટ્સ એન્ડ નાથિબા કોમર્સ મહિલા કોલેજ, ગાંધીનગર દ્વારા પોતાના વિચારો રજૂ કરાયાં હતાં.

## બાળશિક્ષણ અને પ્રેરણાદાયી જીવનદર્શક વ્યાખ્યાન યોજાયું

તામિલનાડુના સુપ્રસિદ્ધ ઓરોવિલ (શ્રી અરવિંદ સોસાયટી)ના શ્રી જયા બર્ગગ્રીન ક્લોઝેનનું બાળશિક્ષણ અને પ્રેરણાદાયી જીવનદર્શક વ્યાખ્યાન યોજાયું હતું.

## "Child Centric Case Studies, Action & Applied Research and Life Transforming Phenomenon" વિષય પર રાષ્ટ્રીય સેમિનાર



નોલેજ કન્સોર્ટિય ઓફ ગુજરાતના સંયુક્ત ઉપક્રમે "Child Centric Case Studies, Action & Applied Research and Life Transforming Phenomenon" વિષયક રાષ્ટ્રીય સેમિનારનું આયોજન કરાયું હતું, જેમાં ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના પૂર્વ કુલપતિશ્રી પ્રો. ચેતન ત્રિવેદી, આઈઆઈએમ અમદાવાદના અધ્યાપકશ્રી કથન શુક્લા ઉપસ્થિત રહ્યા હતા.

આ રાષ્ટ્રીય સેમિનારમાં બે મહત્વપૂર્ણ પેનલ ચર્ચાઓ યોજાઈ હતી. પ્રથમ પેનલ ચર્ચામાં શ્રી વિરેનભાઈ ગાંધી, ડૉ. ક્રિષ્ણાબેન ઠક્કર, શ્રી હિનાબેન ભટ્ટ અને ડૉ. રુદ્રેશભાઈ વ્યાસ તેમજ અધ્યક્ષ તરીકે ડૉ. આર. એન. ગબાણી ઉપસ્થિત રહ્યા હતા. બીજી પેનલ ચર્ચામાં શ્રી ચેતનભાઈ હિરપરા (મહારાજા કૃષ્ણકુમારસિંહજી પ્રાથમિક શાળા), શ્રી રાકેશ પટેલ (નવા નદીસર પ્રાથમિક શાળા), શ્રી દિગ્પાલસિંહ જાડેજા અને ડૉ. રૂપમબેન ઉપાધ્યાય તેમજ અધ્યક્ષ તરીકે તત્કાલીન કુલસચિવશ્રી ડૉ. નિલેશ પંડ્યા ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ સંદર્ભે અમરેલીમાં બાળકોના કુપોષણ સામે થયેલ કાર્ય અંગે શ્રી પરસોત્તમ રૂપાલાનો શુભેચ્છા સંદેશ પણ પાઠવવામાં આવ્યો હતો.

RNI NO. GUJBIL/2012/49710 Govt. of India, New Delhi. Dated-21/5/2013

"ઘર અને શાળા એક જ ધ્યેય માટે કાર્ય કરે
ત્યારે બાળકનો સર્વાંગી વિકાસ શક્ય બને છે."

શ્રી ગિજુભાઈ બધેકા

Book-Post

ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી

ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી, જલારામ મંદિરની પાસે, સેક્ટર-૨૯, ગાંધીનગર - ૩૮૨ ૦૩૦
ફોન: ૦૭૯ - ૨૩૨૪૪૫૭૬, ૨૩૨૪૪૫૬૯ ● ઈ-મેલ : balvishva@cugujarat.ac.in ● વેબસાઈટ : www.cugujarat.ac.in

@crugandhinagar